بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ઓક્ટોબર-૨૦૦૯**

શવ્વાલુલ મુકર્રમ–ઝી કઅદ
હિજરી સન : ૧૪૩૦

વર્ષ : ૦૬, અંક : ૧૦, સળંગ અંક : ૭૦



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૫૦૦/- |
| આજીવન | રૂા. | ૩૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


૦૧ ન્યાયપ્રિય વાંચકોને ચિંતનની દા'વત ! ૦૨
૦૨ 'મસ્લકે આ'લા હઝરત' એ જ 'મસ્લકે શાહ વલીયુલ્લાહ' છે ! ૦૩
૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૧૩
૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૫
૦૫ શિફા શરીફ ૧૭
૦૬ ઈસ્લામના પયગંબર ﷺની નમ્રતા ૧૯
૦૭ જે કામ રસૂલ, સહાબા કે તાબઈને ન કર્યું હોય એ તેના હરામ હોવાની દલીલ નથી ! ૨૨
૦૮ સ્ત્રી શોષણથી મુક્તિનો શ્રેષ્ઠતમ માર્ગ... ઈસ્લામ ! ૨૬
૦૯ બુરખાને ગુલામીનું પ્રતીક કહેનારાઓની વાતોનું ઓપરેશન ! ૩૦
૧૦ 'જિઝયા'નો અસલ ભાવાર્થ અને તાલિબાનનો ત્રાસવાદ ૩૩
૧૧ પોતાની ઓળખ જાળવવા ઝઝુમી રહેલા ચીની મુસલમાનો ૩૭
૧૨ ઈમામે આ'ઝમના હિકમતપૂર્ણ તબ્લીગના પ્રયાસો ૪૦
૧૩ હાફિઝે મિલ્લત અને દઅવત તથા તબ્લીગ ૪૪


## હય કલામે ઈલાહી મેં....

અઝ : હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

હય કલામે ઈલાહી મેં શમ્સુદ–દુહા, તેરે ચેહરએ નૂરે ફિઝા કી ક઼સમ
ક઼સમેં શબે તાર મેં રાઝ યે થા, કે હબીબ કી ઝૂલ્ફે દોતા કી ક઼સમ
તેરે ખુલ્ક઼ કો હક઼્ક઼ને અઝીમ કહા, તેરી ખલ્ક઼ કો હક઼્ક઼ને જમીલ કિયા
કોઈ તુઝ સા હુવા હય ન હોગા શહા, તેરે ખાલિક઼ે હુસ્નો અદા કી ક઼સમ
વો ખુદાને હય મર્તબા તુઝ કો દિયા, ન કિસી કો મિલે, ન કિસી કો મિલા
કે કલામે મજીદને ખાઈ શહા, તેરે શહેરો કલામો બકા કી ક઼સમ
તેરા મસ્નદે નાઝ હય અર્શે બરીં, તેરા મહરમે રાઝ હય રૂહી અમીં
તૂં હી સરવરે દો જહાં હય શહા, તેરા મિષ્લ નહીં હય ખુદા કી ક઼સમ
યહી અર્ઝ હય ખાલિક઼ે અર્દો–સમા, વો રસૂલ હંય તેરે, મેં બંદા તેરા
મુઝકો ઉનકે જવાર મેં દો વો જગહ, કે હંય ખુલ્દ કો જિસકી સફા કી ક઼સમ
તૂં હી બંદો પે કરતા હય લુત્ફો અતા, હય તુઝી પે ભરોસા, તુઝી સે દુઆ
મુઝે જલ્વએ પાકે રસૂલ દિખા, તુઝે અપને હી ઈઝ્ઝો ઉલા કી ક઼સમ
મેરે ગર ચે ગુનાહ હંય હદ સે સિવા, મગર ઉનસે ઉમ્મીદ હય તુઝ સે રજા
તૂ રહીમ હય ઉનકા કરમ હય ગવાહ, વો કરીમ હંય તેરી અતા કી ક઼સમ
યે કહતી હય બુલબુલે બાગે જિનાં, કે 'રઝા' કી તરહ કોઈ સહર બયાં
નહીં હિંદમેં વાસિફે શાહે–હુદા, મુઝે શોખીએ તબ એ 'રઝા' કી ક઼સમ

'દારુલ ઉલૂમ' માસિક, માર્ચ–૨૦૦૯, પેજ–૩૬, પ્રકાશક : દા.ઉ. અરબિય્યહ ઈસ્લામિય્યહ–કંથારીયા (ભરૂચ)માં છે કે, "અલ્લાહ તઆલાએ પોતાના મક્બૂલ બંદાઓને–અવલિયાએ કિરામ (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن)ને હાજત–રવાઈ તથા મુશ્કેલ–કુશાઈની ગૈબી તાકાત અર્પણ ફર્માવી છે, એવી માન્યતા ધરાવવી એ "નર્યું શિર્ક છે..."

અહીં એમનો સાફ અકીદો જણાવી આપ્યો કે હાજતરવાઈ કે મુશ્કેલકુશાઈની શક્તિ કોઈનામાં માનવું એ ઉપરોક્ત દેવબંદીઓની નજરમાં "નર્યુ શિર્ક" છે.

## કાર્યાલય ન્યાયપ્રિય વાંચકોને ચિંતનની દા'વત !

ન્યાયપ્રિય વાંચકો ! આવો ! હવે આ એમના અકીદા પર તેઓ કેટલો અમલ કરે છે તેને જોઈ લઈએ.

દેવબંદીઓના છાપા 'અલ જમીઅત'ના શયખુલ ઈસ્લામ નંબર'માં આંજહાની મોલ્વી અસદ મદની જે કંથારીયા દા.ઉ.માં પણ આવજા કરતા હતા એટલે તેમના પેશવા હતા. તેમનો દર્શાવેલ એક પ્રસંગ એ છાપામાં છે. અસદ મદનીના પિતા ગાંધી ભગત, ખાદી પરસ્ત કોંગ્રેસના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જેલમાં નજરબંધ થયા હતા. અસદ મદની લખે છે કે, "એ સમયે સાબરમતી જેલમાં એક કેદીને ફાંસીની સજા થઈ ગઈ. આ હુકમ સાંભળીને એ કેદીનું લોહી સૂકાઈ ગયું. મુન્શી મુહમ્મદ હુસૈન નામના બીજા કેદી મારફત તેણે મોલ્વી હુસૈન અહમદને દુઆ કરવા વિનંતિ કરી. તેમણે હુસૈન અહમદને તેના ફાંસીથી છૂટકારાની દુઆ કરવા આગ્રહભરી વિનંતિ કરી. હુસૈન અહમદને કહ્યું, "જઈને કહી દો કે તે મુક્ત થઈ ગયો !" બે એક દિવસ થતાં તે ફરી બેચૈન થયો તો ફરી હુસૈન અહમદને રજૂઆત કરાવી કે હજુ કાંઈ હુકમ છૂટકારાનો ન આવ્યો ! હઝરતે જવાબ આપ્યો, "મેં તો કહી દીધું કે તે મુક્ત થઈ ગયો !" ત્યાર બાદ બે એક દિવસ ફાંસીમાં બાકી હતા ને છૂટકારાનો હુકમ આવી ગયો. *(શયખુલ ઈસ્લામ નંબર, પેજ–૧૬૨, બહવાલા ઝલ્ઝલા)*

ઉપરોક્ત બનાવમાં 'ઈલ્મે ગયબ' જેને નબી વલી માટે રબની અતાથી પણ હોવા વિશેને દેવબંદી શિર્ક માને છે, તે ઈલ્મે ગયબ પોતાને હોવાનો દાવો તેમના શયખુલ હિંદ હુસૈન અહમદ ટાંડવી મદની કરી રહ્યા છે કે, "જઈને કહી દો કે મુક્ત થઈ ગયો !" વળી પોતાનો ઈખ્તિયાર તથા હાજર રવાઈ તથા મુશ્કેલ કુશાઈનો દાવો પણ જોઈ લો કે બીજીવાર દુઆ માટે કહેતાં કહી દીધું કે, "મેં તો કહી દીધું કે મુક્ત થઈ ગયો !" છતાં આ કંથારીયાવાળા મુલ્લાઓને એ મુશ્રિક ન જણાયા !

હજી એ જ તેમના શૈખુલ હિંદ ખાદીધારી મૌલાના હુસૈન અહમદ મદની થકી હાજતરવાઈનો તથા મુશ્કિલ કુશાઈનો પ્રસંગ જોઈ લો !

મોલ્વી હુસૈન અહમદનો એક મુરીદ આસામના પહાડી વિસ્તારમાં સફરમાં હતો. તેના વિશે લખ્યું છે કે "બાલી નદી મોલ્વી બજારના એક સાહબ આઝાદી પહેલાં ઢાકાથી શિલોંગ મોટર થકી જઈ રહ્યા હતા. આસામ રાજ્યનો મોટો ભાગ પહાડી છે, ફક્ત એક ગાડી જઈ શકે છે, બેનો અવકાશ નથી. આ સાહબે (હુસૈન અહમદના મુરીદે) જ્યારે અડધો રસ્તો કપાઈ ચૂક્યો તો જોયું કે સામેથી એક ઘોડો ખૂબ જોશભેર આવી રહ્યો છે. તેને તથા અન્ય સૌને ડર લાગ્યો કે હવે શું થશે ? મોટર રોકી લીધી, પરંતુ તેમ છતાં ખૂબ જ ગભરામણ હતી કેમ કે ઘોડો સવાર વિના તેજીથી દોડતો આવી રહ્યો હતો. રિવાયત કરનાર કહે છે કે તે શખ્સે (મુરીદે) પોતાના દિલમાં વિચાર્યું કે જો પીર મુર્શિદ હોત તો દુઆ કરત ! હજી આટલું વિચાર્યું જ હતું કે હઝરત 'શયખ' ઘોડાની લગામ પકડીને ક્યાંક ગાયબ થઈ ગયા !" *(દેવબંદી કિતાબ : અન્ફાસે કુદ્સિયા, પેજ–૧૮૬, લેખક : દેવબંદી મુફ્તી અઝીઝુર્રહમાન બીજનોરી, બહવાલા ઝલ્ઝલા)*

આવી "હાજત રવાઈ" તથા "મુશ્કેલ કુશાઈ" કરવાની વાત તમે નબી વલી માટે માનો તો મુશ્રિક થઈ જાવ પણ દેવબંદી મોલ્વી માટે માનો તો "પાકા તૌહીદ પરસ્ત" જ રહો ! ક્યાં છે ઈન્સાફ ?! અહીં તો 'યા' કહી પોકાર્યું પણ નથી ! બલ્કે હુસૈન અહમદને મુરીદના દિલના ખયાલથી જ ઠેઠ દેવબંદમાં તરત જ ખબર થઈ, પલવારમાં આવ્યા ને ઘોડાની લગામ પકડીને તેને લઈને છુ થઈ ગયા ! અને મુરીદની મુસીબત ટળી ગઈ ! આ છે દેવબંદીઓની તૌહીદની પોલમ પોલ ! તેમના મુફ્તી આવા બનાવટી કિસ્સા લખે છે ને બધા દેવબંદીઓ મનમાં મલકાતા મલકાતા પોતાના મોલ્વીની વાહ વાહ કરે છે ! કોઈ શિર્ક અહીં જાહેર નથી કરતું ! એવું શાથી ?! એટલા માટે કે નબી વલીથી તેમને અદાવત છે એટલે તેમની આવી વાત કહો તો તમે મુશ્રિક થઈ જાવ ! અને પોતાના ગુરૂઓથી તેમને પ્યાર છે એટલે તેમની તારીફમાં સર્વ નર્યા શિર્કો હજમ કરી જશે !

વળી પેશવાએ અહલે સુન્નત, આ'લા હઝરત ઈમામ અહમદ રઝાએ અંદરની બહારની સર્વ બિદઅતોની રદ કરી છે : "રબ સિવાય કોઈને તા'ઝીમી સિજદો હરામ, ઈબાદતનો સિજદો કુફ્ર" સ્પષ્ટ દર્શાવ્યું છે, છતાં અમુક લોકો દરગાહ પર કે જમીન પર માથુ ટેકવતા હોય છે તેને સિજદો ગણી તેનો ઈલ્ઝામ દેવબંદીઓ સીધો આ'લા હઝરત પર લગાડે છે ! શું આ જુલ્મ નથી ! શું આ ધોકો ફરેબ નથી ?! મઝારનો તવાફ તા'ઝીમની નિય્યતથી કરવો આ'લા હઝરતે "નાજાઈઝ" દર્શાવેલ છે, મઝારો પર ઔરતોની હાજરી નાજાઈઝ તથા હરામ કહી છે, વાજિંત્રો સાથે કવ્વાલી તથા મુકાબલા આ'લા હઝરતે હરામ કહેલ છે, વગેરે શરીઅત વિરુદ્ધ વાતોથી લોકોને દૂર રહેવા ચેતવ્યા છે, છતાં આંખો મીચીને તેમના વિશે લખ લખ કરવું કે તેમણે શિર્ક ફેલાવ્યું ! એ જૂઠ, ધોકો, પ્રપંચ નથી ?! વળી પોતાના મોલ્વીઓના ઈલ્મે ગયબના તથા મદદે પહોંચવાના ઈખ્તિયાર દર્શાવવાના, હાજત રવાઈ તથા મુશ્કિલ કુશાઈના બનાવો જે તેમની જ કિતાબોમાં છે તેના વિશે ચૂપકીદી સાધવી એ શું દર્શાવે છે ?! એના પર શિર્કના હુકમો કેમ નહીં ?!

બસ ! જેઓ આ'લા હઝરત વિશે અજાણતામાં ખોટા વહેમમાં હોય તેઓ પણ ઈન્સાફ કરે અને આવા ધોકબાઝોની વાતોમાં ન આવે અને તેમનાથી દૂર રહી પોતાના ઈમાન તથા ઈસ્લામને બચાવે એ જ વિનંતિ.

# 'મસ્લકે આ'લા હઝરત' એ જ 'મસ્લકે શાહ વલીયુલ્લાહ' છે !

વહાબી દેવબંદી, જમાતી બાતિલ ફિર્કાનું **"દારુલ ઉલૂમ"** નામનું માસિક જે **કંથારીયા** (જિ. ભરૂચ)થી બહાર પડે છે જેમાં કુર્આની આયતો–હદીષોનાં ગલત અર્થઘટનો રજૂ કરતાં, મુસલમાનોને ગુમરાહ કરનારાં, તાલમેલ વિનાનાં લખાણો અવારનવાર લખવામાં આવે છે. પૂર્વજ **બુઝુર્ગોના અક઼ીદાથી હટીને એ કયા પ્રકારની તૌહીદના ઝંડાધારી છે તે જ સ્પષ્ટ થતું નથી !** માર્ચ–૨૦૦૯ના 'દારુલ ઉલૂમ' માસિકના પેજ નં. ૨૨ ઉપર એઓ લખે છે કે, **"મસ્લકે શાહ વલીયુલ્લાહ (رحمة الله عليه) પોતાના ઈમાનો ઈસ્લામનું રક્ષણ કરનાર છે."** સામે કોઠામાં લખે છે કે, **"અહમદે રઝાખાનિય્યત પોતાના ઈમાનો ઈસ્લામના રક્ષણથી બેપરવા મસ્લક છે."**

આગળ લખે છે કે **આપણા ઈમાનનું રક્ષણ થાય તેવા સિરાતે મુસ્તકીમ ઉપર રહેનાર "મસ્લકે શાહ વલીયુલ્લાહ (رحمة الله عليه)ની સાથે વળગી રહેવું જોઈએ, નહીં કે "મસ્લકે રઝાખાનિય્યત બરેલ્વિયત"ની સાથે.....** *(દારુલ ઉલૂમ–માસિક, માર્ચ–૨૦૦૯, પેજ–૨૨)*

**હે ન્યાયપ્રિય વાંચકો !** ઉપરોક્ત લખાણમાં વહાબી દેવબંદી ફિર્કાનું માસિક જણાવે છે કે **"મસ્લકે શાહ વલીયુલ્લાહ" رحمة الله عليهને વળગી રહો !" પણ "મસ્લકે શાહ વલીયુલ્લાહ" શું છે તે પબ્લિકથી અંધારામાં રાખ્યું છે,** તો આવો આપણે જોઈ લઈએ કે **હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليهનો મસ્લક શું છે ? તે આપ હઝરતની જ કિતાબો તથા વર્ણનો પરથી જાણી લઈએ.**

## મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીઓના તસર્રુફને માનવું !

આપ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه પોતાની કિતાબ અન્ફાસુલ આરેફીન, પેજ–૭૭ ઉપર લખે છે કે, હઝરત ખલીફા અબુલ ક઼ાસિમ અકબરાબાદી رحمة الله عليه પોતાની હજજની સફરમાં સાથીદારોને અવલિયા અલ્લાહના દરજજાઓ, મુક઼ામો અને કરામતો બાબત સંભળાવ્યા કરતા હતા. એક વેળા અવલિયા અલ્લાહના પાણી ઉપર ચાલવા તેમજ ક્ષણભરમાં દૂર દૂરના સ્થળે પહોંચી જવા બાબતની વાત નીકળી. તો વહાણ (સ્ટીમર)ના ચાલકે એ કરામતો માનવાથી ઈન્કાર કરી દીધો અને કહેવા લાગ્યો કે આવી જૂઠી ડંફાસો તો ઘણી સાંભળી છે પરંતુ એમાં સચ્ચાઈ અંશ માત્ર પણ નથી હોતી. આ સાંભળી આપની ઈમાની ગૈરત જોશમાં આવી ગઈ. આપે તરત જ દરિયામાં છલાંગ લગાડી કૂદી પડયા.

આ જોઈ વહાણના પેસેન્જરો અને આપના સાથીઓ વહાણ ચાલકને બુરુંભલું કહેવા લાગ્યા અને ખૂદ ચાલક પણ પસ્તાવા લાગ્યો કે, મારા બોલવાથી એક ફક઼ીરે જાન ગુમાવ્યો. ખલીફાના સાથીઓ પણ ખૂબ જ ઉદાસ થઈ ગયા, તેવામાં હઝરત ખલીફા અબુલ ક઼ાસિમે સાથીઓને જોરદાર અવાજમાં કહ્યું, સાથીઓ ! ઉદાસ થવાની જરૂરત નથી, હું સલામત છું અને જુઓ પાણી ઉપર ચાલી રહ્યો છું ! આ સાંભળી જહાઝ (વહાણ)ની અંદર બેઠેલા તમામ મુસાફરો અને વહાણ ચાલક પણ અલ્લાહવાળા ફક઼ીરોની શાનમાં ગુસ્તાખી (બેઅદબી) કરવાથી તૌબા કરવા લાગ્યો અને ખલીફાના સેવકો (ખાદિમો)એ પણ તૌબા કરી હઝરતના સિલસિલામાં દાખલ થવા લાગ્યા. પેસેન્જરોના હાલ જોઈને આપ દરિયામાંથી જહાઝમાં સહી સલામત આવી ગયા. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૭૭)* આને કહે છે વલીનો તસર્રુફ (પહોંચ) !

## મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલી જીવતાને મારે અને મરેલો જીવતો કરે એ માનવું !

અને આપ رحمة الله عليه લખી રહ્યા છે કે, રહમતુલ્લાહ કફશદોઝએ કહ્યું કે એક વેળા હઝરત શૈખ અબ્દુર્રઝા મુહમ્મદ رحمة الله عليه મસ્જિદમાં બેઠા હતા અને હું એમની સામે એક ઝાડની નીચે ઊભો હતો કે આપની સેવામાં

હાજર એક માણસે કહ્યું કે બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہ કેટલીકવાર કોઈની તરફ આંખ ઉઠાવી જોતા હતા તો જઝબની શક્તિ અને શૈખની આંખની ગરમીને કારણે તે વ્યક્તિનો પ્રાણ નીકળી જતો હતો. આજકાલ આપણે મશાઈખ (પીર, બુઝુર્ગો)ની તારીફ (વખાણ)માં તો ખૂબ સાંભળીએ છીએ પરંતુ કોઈની બાતિની શક્તિમાં આ તાષીર નથી જોતા. આ સાંભળી હઝરત શૈખે જોશમાં આવીને ફર્માવ્યું, સાંભળ ! બાયઝીદ પ્રાણ તો કાઢી નાખતા હતા પરંતુ કોઈનામાં તેના નીકળેલા પ્રાણને ફરીથી શરીરમાં દાખલ કરી જીવંત કરતા ન હતા. પરંતુ રસૂલુલ્લાહ ﷺએ મારા દિલને પોતાના પવિત્ર દિલના ફૈઝરૂપ સાયાથી એવી તર્બિયત અને શક્તિ આપી છે કે હું જ્યારે ચાહું ત્યારે કોઈનો પ્રાણ ખેંચી લઉં અને જ્યારે ચાહું ત્યારે તેને પાછો તેના શરીરમાં દાખલ કરી દઉં !

બસ ! તે જ વખતે હઝરત શૈખે મારા ઉપર પોતાની દષ્ટિ નાખી મારી રૂહ (પ્રાણ) ખેંચી લીધી, અને હું જમીન ઉપર પડી મરી ગયો. મને આ દુનિયાનું કોઈ જ ભાન ન રહ્યું, સિવાય એ જ કે હું પોતાને એક મહા સમુદ્રમાં ડૂબેલો જોઉં છું.

આપે બુઝુર્ગોની ટીકારૂપે વાંધો ઉઠાવનાર તરફ જોઈ કહ્યું, જુઓ તો એ મૃત્યુ પામ્યો છે કે જીવતો છે ! તેણે જોઈ વિચારી કહ્યું, એ તો મૃત્યુ પામ્યો છે. **આપે કહ્યું, જો તું ઈચ્છે તો એને મરેલો જ રહેવા દઉં અને ચાહે તો એને ફરી જીવતો કરી આપું !** કહેવા લાગ્યો, એને જીવતો કરી આપો તો આપની મોટી મહેરબાની થશે. આપે ફરીથી મારી ઉપર પોતાની કૃપાદષ્ટિ નાખી તો હું જીવતો ઊભો થઈ ગયો. મજલિસમાં હાજર લોકો શૈખની આ શક્તિ જોઈ ખૂબ જ આશ્ચર્યમાં પડી ગયા. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૭)*

## મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલી રબની અતાથી બીમારી દૂર કરે એ માનવું !

આપ પોતાની કિતાબ અન્ફાસુલ આરેફીનમાં લખી રહ્યા છે કે, એક વેળા સૈયદ બુરહાનુદ્દીનને આંતરડાની બીમારી હતી, જેના કારણે ઘણીવાર ખૂબ તડપતા હતા, આ વાતની જાણ હઝરત શૈખ મુહમ્મદ رحمۃ اللہ علیہને કરવામાં આવી તો આપ સૈયદ સાહબના ઘેર પધાર્યા અને એમના માથા તરફ બેસીને એમની બીમારીને એવી રીતે ખેંચી લીધી કે જાણે કદી એ બીમારી એમની પાસે આવી જ નથી. હા, પરંતુ તે પછી હઝરત શૈખ મુહમ્મદને કદી કદી આંતરડામાં તકલીફ થઈ જતી હતી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૩૨૯)*

## મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીને ઈખ્તિયારવાળા માનવું !

આપ બીજી જગ્યાએ લખી રહ્યા છે કે હઝરત શૈખ અહમદ નખ્લી رحمۃ اللہ علیہના પુત્ર હઝરત શૈખ અબ્દુર્રહમાન નખ્લી رحمۃ اللہ علیہ કહેતા હતા કે એમના દાદાને ઘેર પુત્રો જીવતા રહેતા ન હતા જેના કારણે એ ખૂબ જ પરેશાન રહેતા હતા. જ્યારે શૈખ અહમદ નખ્લી (એમના પિતા)નો જન્મ થયો તો દાદાએ અવલિયાએ કિરામની બારગાહમાં પહોંચી દુઆની વિનંતિ અને મદદ માટે વિચારી દર જુમ્આએ શૈખ અહમદ નખ્લીને હઝરત શૈખ તાજ સંભલી رحمۃ اللہ علیہની ખિદમતમાં મોકલતા. એક વખતે બાળકને લઈને આવનાર ખાદિમ (સેવક)ને હઝરત શૈખ તાજ સંભલીએ થોડીવાર વિચારી કહ્યું કે આ બાળકના પિતાને કહેજે કે આ બાળક તમારી જેમ નથી બલ્કે તમારાથી પણ ખૂબ વધીને ઊંચા દરજ્જાનો, ફઝ્લો કમાલનો માલિક થશે, પરંતુ એ વાત જુદી છે કે એ આ દુનિયવી આયુષ્ય થોડુંક જ લઈને આવ્યો છું.

જ્યારે સેવકે પોતાના માલિકના ઘેર પહોંચી હઝરત તાજ સંભલીનો સંદેશો કહ્યો તો એમણે સેવકને કહ્યું, જા હમણાં જ જઈને મારા તરફથી હઝરત તાજને વિનંતિ કર કે, અય મારા માલિક ! મારા તરફથી મેં મારી જિંદગીના વર્ષો આ બાળકને આપી દીધાં છે અને આ વિષયમાં આપનાથી હું બારગાહે ઈલાહીમાં સિફારિશ (વસીલો)નો તલબગાર છું.

જ્યારે સેવકે પહોંચી હઝરત તાજ સંભલીને બાળકના પિતાનો સંદેશો પહોંચાડયો તો હઝરત તાજ થોડીવાર આંખો બંધ કરી ચૂપ રહ્યા પછી કહ્યું, જાવ ! તેમને કહેજો તમારી ઈચ્છા પૂર્ણ થઈ ગઈ અને મેં મારા તરફથી તેમને ત્રણ મહિનાની મુદ્દત આખેરતની સફરની તૈયારી માટે અર્પણ કરી છે. અને તેમજ થયું કે એટલા જ

સમયમાં શૈખ અહમદ નખ્લીના પિતા આ ફાની દુનિયાથી વિદાય થઈ ગયા. અને શૈખ અહમદ નખ્લીએ નેવું (૯૦) વર્ષને ઉંમરે આ દુનિયા છોડી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૩૭૩)*

■ઉપરોક્ત બનાવોને **હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી** رحمۃ اللہ علیہ**એ** પોતાની કિતાબમાં લખીને **પોતાનો અક઼ીદો સ્પષ્ટપણે જાહેર કરી દીધો કે અલ્લાહ તઆલાએ અવલિયાએ કિરામને દુનિયામાં તસર્રુફાતની બેહિસાબ શક્તિ અર્પણ કરી હોય છે, ત્યાં સુધી કે તેઓ એક જ દષ્ટિ ફેંકતા જીવતાંને મૃત અને મૃતને જીવંત કરી આપવાની શક્તિ ધરાવે છે. વળી લોકોની ઉંમર (આયુષ્ય) ઘટાડવા વધારવાની પણ શક્તિ ધરાવે છે. જો હઝરત શાહ સાહબનો એવો અક઼ીદો ન હોત તો તેઓ પોતાની કિતાબમાં આવા બનાવો કદી પણ ન લખતે.** અને "મસ્લકે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા" પણ આ જ છે.

## મસ્લકે શાહ વલીયુલ્લાહ એ છે કે વલી લોકોના વિચારો, ભાવિના બનાવો જાણી લે છે !

શાહ સાહબ અવલિયાએ કિરામના તસર્રુફાતને વર્ણવતાં પોતાનો અક઼ીદો સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે, (આ લખાણથી તો દેવબંદિયતનો કિલ્લો જ ધરાશયી થઈ જાય છે !)

"અને નક્શબંદીઓ માટે અજાઈબ (ચમત્કાર) તસર્રુફાત છે. કોઈપણ કામ માટે પાકો નિશ્ચય કરી લેવો તો તે નિશ્ચય મુજબ જરૂર કામ પૂરું થાય છે. અને તાલિબમાં તાષીર પેદા કરવી અને બીમારની બીમારીને દૂર કરવી અને પાપીને પાયશ્ચિત કરવા તરફ તેના દિલને ફેરવવું, લોકોના દિલોમાં તસર્રુફ કરવો કે તેઓ અલ્લાહના પ્યારા અને ઈજ્જતવાળા બની જાય, અથવા એમના દિલોના વિચારોમાં તસર્રુફ કરવો જેથી મહાન અઝમતવાળા બનાવો ઉદ્‌ભવે કરે. અને અલ્લાહના નેક બંદાઓને અલ્લાહથી નિસ્બતથી પારખી લેવા ભલે **પછી તે આ દુનિયાની જિંદગીમાં હયાત હોય કે પછી તેઓ પર્દો કરી વિસાલ કરી ગયા હોય.** અને **લોકોના વિચારો અને વસવસાઓ જાણી લેવા** જે એમના દિલોમાં આવતા હોય, વળી **ભાવિના બનનાર બનાવોને જાણી લેવા,** આફતો **બલાઓ આવી હોય તેને દૂર કરી આપવી** વગેરે. આ સિવાય ઘણાય તસર્રુફાતની શક્તિ મળી હોય છે. એમાંથી અમુક જ તસર્રુફાત બાબત અમે તમોને જાણ કરીએ છીએ. *(અલ ક઼વલુલ જમીલ, પેજ–૧૦૩, અરબી, શિફાઉલ અલીલ ઉર્દૂ તર્જુમો)*

શું કહેવું છે 'દારુલ માસિક' માસિક કંથારીયાના પ્રસિદ્ધકર્તા તથા અન્ય દેવબંદી મોલ્વીઓનું ? શું શાહ વલીયુલ્લાહ પણ મુશ્રિક થઈ ગયા ?! જો નહીં ! તો આ જ "મસ્લકે આ'લા હઝરત" ફાઝિલે બરેલ્વી છે જેને તમે "રઝાખાનિય્યત બરેલ્વિયત" કહો છો. તો "મસ્લકે શાહ વલીયુલ્લાહ" એટલે "મસ્લકે આ'લા હઝરત" જ છે. તમારી "તક઼વિયતુલ ઈમાની અક઼ીદા"વાળી પૂરાણી શિર્ક ! શિર્ક !ની વાતો ત્યજી તૌબા કરીને તેને સ્વીકારી લો !

## મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલી વિસાલ પછી પણ મદદે પહોંચે છે !

શાહ સાહબ લખે છે કે, "વાલિદ સાહબે (શાહ અબ્દુર્રહીમે) رحمۃ اللہ علیہ ફર્માવ્યું કે અકબરાબાદમાં મિર્ઝા મુહમ્મદ ઝાહિદથી હું પઢતો હતો. એક વખત સબક઼ પઢીને જતાં એક લાંબી ગલીમાંથી પસાર થઈ રહ્યો હતો તે વખતે હું શૈખ સઅદી શિરાઝી رحمۃ اللہ علیہના આ શેઅર પઢવામાં તલ્લીન હતો.

*જુઝ યાદે દોસ્ત હરચેહ કુની ઉમર ઝાએઅસ્ત–જુઝ સિર્રે ઈશ્ક઼ હરચેહ બખ્વાની બતાલતસ્ત*
*સાઅદી બુશવી લોહે દિલ અઝ નક્શ ગયરેહક઼્ક઼–ઈલ્મે કે રહે હક઼્ક઼ ન નુમાયદ જહાલતસ્ત*

**અર્થાત** : "મહબૂબની યાદ સિવાય તું જે કાંઈ કરે તે ઉમરની બર્બાદી છે. ઈશ્ક઼ (અલ્લાહ વ રસૂલથી ઈશ્ક–મહોબ્બત)ના ભેદ સમજવા સિવાય તું જે કાંઈ પઢે તે નકામુ છે. અય સઅદી ! તારા દિલની તખ્તી (સ્લેટ) ઉપર હક઼્ક઼ (અલ્લાહ) સિવાયનો નક઼્શ (છાપ) હોય તો તેને મિટાવી દે. જે ઈલ્મ (જ્ઞાન) અલ્લાહના તરફ પહોંચવાનો સત્યપંથ ન ચિંધવે તે જહાલત (અજ્ઞાનતા) છે."

હઝરત વાલિદ رحمۃ اللہ علیہ કહે છે કે ચોથી કડી દિમાગમાંથી નીકળી ગઈ જે યાદ આવતી ન હતી. દિમાગ પર ખૂબ જોર દીધું પરંતુ યાદ ન આવી, મારા દિલના આ તારના તૂટવાથી દિલ પરેશાન (ગમગીન) થયું, એકાએક ગલીના એક ખૂણેથી એક વૃદ્ધ ફકીર જેવા પરંતુ ખૂબસૂરત ચેહરો અને લાંબા વાળવાળા માણસ નીકળી મારી નિકટ આવી કહે છે : *''ઈલ્મે કે રાહે હક્ક઼ ન નુમાયદ જહાલતસ્ત''*

મેં કહ્યું, અલ્લાહ તમોને ભલાઈનો બેહતર બદલો આપે. તમે મને ઘણી જ ઉલ્ઝન (પરેશાની)માંથી બચાવી લીધો. પછી હું મારી પાસેથી પાન બખ્શિશરૂપે આપવા લાગ્યો તો તેમણે કહ્યું, આ ભૂલાય ગયેલા શેઅરની મજૂરી છે ! મેં કહ્યું, આ તો ફક્ત બખ્શિશરૂપે આપની સેવામાં છે.

જવાબમાં તેમણે કહ્યું, ''હું પાન નથી ખાતો.'' મેં કહ્યું, પાન ખાવામાં શરીઅત તરફ મનાઈ જેવું છે કે તરીક઼તમાં એને માટે રોકટોક છે ?! જો કોઈ એવી વાત હોય તો મને બતાવો કે હું પણ પરહેઝ કરું.

તેમણે કહ્યું, ''એવી કોઈ જ વાત નથી પરંતુ હું પાન નથી ખાતો.'' પછી તેઓ કહેવા લાગ્યા, ''મારે ઉતાવળે જવાનું છે.'' તો મેં કહ્યું, હું પણ તમારી સાથે જલ્દી ચાલીશ. પછી તેમણે કહ્યું, પરંતુ હું ખૂબ જ જલ્દી જવા ઈચ્છું છું. આમ કહી તેમણે એક જ ડગલું ઉપાડી મૂક્યું તો ગલીના બીજા છેડા સુધી લાંબુ મૂક્યું, હું સમજી ગયો કે આ કોઈ અલ્લાહવાળાની રૂહ માણસના રૂપમાં પધારેલી છે. મેં મોટા અવાજે અરજ કરી આપનું નામ તો બતાવતા જાવ કે હું ઈસાલે સવાબ (ફ઼ાતેહા)માં આપને યાદ કયૃ કરું, તો તેમણે જવાબમાં કહ્યું કે આ ફ઼કીરને ''સઅદી'' તરીકે ઓળખે છે. *(અન્ફ઼ાસુલ આરેફ઼ીન, પેજ–૧૧૨)*

હવે વાંચો, કંથારીયા (જિ. ભરૂચ)ના માર્ચ–૨૦૦૯ના ''દારુલ ઉલૂમ'' માસિકનું પેજ નં. ૨૨નું લખાણ કે, **''મસ્લકે શાહ વલીયુલ્લાહ (رحمۃ اللہ علیہ) પોતાના ઈમાનો ઈસ્લામનું રક્ષણ કરનાર મસ્લક છે.''** તો ઉપરોક્ત લખાણમાં તમોએ એમનો મસ્લક જોઈ લીધો. જેમાં વલીઓનો તસર્રુફ઼, વલીઓના ઈખ્તિયાર, મૃત્યુ પછી દૂર દૂર મદદે પહોંચવું, મુશ્કેલીઓથી છૂટકારો અપાવવો વગેરે બાબતો પર તેમનું ઈમાન હોવાનું જાહેર થયું. અને એ જ મસ્લકે આ'લા હઝરત અહમદ રઝા ખાન છે. જ્યારે કે 'દારુલ ઉલૂમ' માસિક ઓગસ્ટ–૨૦૦૯, પેજ–૩૨ ઉપર **આ સર્વ વાતો માનનારને મુશ્રિક બની ગયા કહે છે !** તો શાહ વલીયુલ્લાહ પણ તેમની નજીક મુશ્રિક ઠર્યા કે નહીં ?! આવો ! હજુ આગળ જોતા ચાલો !

## મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીના ઈલ્મે ગયબને માનવું !

હઝરત શાહ સાહેબ ફ઼ર્માવે છે કે મારા ઉપર રસૂલુલ્લાહ ﷺ ની અઝમત બુઝુર્ગીવાળી બારગાહથી ફ઼ૈઝ રૂપે ઈલ્મ હાંસલ થયો કે બંદો પોતાની જગ્યાએથી કેવી રીતે તરક્કી કરે છે કે દરેક ચીજ તેના ઉપર રોશન (સાફ઼ જાહેર) થઈ જાય છે. *(ફ઼ુયૂઝુલ હરમૈન, પેજ–૫૯)*

અને એ જ શાહ સાહેબ પેજ ૬૧ ઉપર લખે છે કે આરિફ઼ મુક઼ામે હક઼ સુધી પહોંચી બારગાહે કુર્બ (અલ્લાહ તઆલાની ખૂબ જ નઝદીકી)માં હોય છે તો દરેક ચીજ તેના ઉપર રોશન થઈ જાય છે. *(ફ઼ુયૂઝુલ હરમૈન, પેજ ૬૧)*

આ ઉપરોક્ત લખાણોથી સ્પષ્ટ થયું કે શાહ સાહેબ رضی اللہ عنہ નો પણ એ અક઼ીદો હતો કે હુઝૂર સૈયદે આલમ ﷺ ની બરકતવાળી, અઝમતવાળી હસ્તીની વાત તો બહુ જ ઊંચી આ'લા અર્ફ઼ા છે. (જેમનો મુક઼ામ સમજવો આપણા વશની વાત નથી) પરંતુ સામાન્ય મોમિન મુસલમાન બંદો જ્યારે ઈબાદત રિયાઝતના સહારે તરક્કી કરી બારગાહે ઈલાહીમાં નઝદીકી મેળવી લે છે તો તેના ઉપર દરેક ચીજ રોશન સ્પષ્ટ જાહેર થઈ જાય છે અને **તે ગૈબ જાણનાર થઈ જાય છે.**

આ મુજબનાં ઘણા કથનો આપની એ કિતાબમાં આપે લખ્યાં છે. એ સિવાય એમણે અસંખ્ય એવા બનાવો લખ્યા છે કે **જેનાથી સાબિત થાય છે કે અવલિયાએ કિરામ ગૈબ જાણે છે અને છુપી વાતોને જાણે છે.**

❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁ ❁

આપ લખે છે કે મારા પિતાજી ઘણીવાર કહ્યા કરતા કે એક દિવસે અસરના ટાઈમે હું મુરાકેબામાં✪ હતો, મારા ઉપર ગૈબતની★ કૈફિયત છવાઈ ગઈ મારા માટે તે સમયને ચાલીસ વર્ષના સમયની બરાબર વિસ્તૃત અલ્લાહે કરી આપ્યો અને **આ મુદ્દતમાં મખ્લૂક઼ની પેદાઈશથી લઈ ક઼યામતના દિવસ સુધી પૈદા થનાર તમામ મખ્લૂક઼ના હાલાત નિશાનીઓ મારા ઉપર જાહેર કરી દેવામાં આવ્યા.** *(અન્ફાસુલ આરેફીન ઉર્દૂ, પેજ–૯૫)*

અને બીજે ઠેકાણે શાહ સાહેબ ફર્માવે છે કે મારા પિતાજી એક દિવસે શેખ અબ્દુલ કુદુસના ઘેર ગયા તો તેમણે તેમના પુત્રને કહ્યું, બેટા ! હઝરતની સેવામાં શરબતનું ગ્લાસ હાજર કરો. મકાનમાં બે બોટલો હતી, એક મોટી એક નાની. એમના પુત્રએ મોટી રહેવા દઈ નાની લાવી હાજર કરી, તો મારા પિતાજીએ જરાક હસીને કહ્યું, બેટા ! મોટી બોટલ કેમ રહેવા દીધી, એને લઈ આવ ! *(અન્ફાસુલ આરેફીન ઉર્દૂ, પેજ–૧૨૫)*

## ગયબની વાત જાણવું આને જ કહે છે !

અને આપ પેજ ૭૮ ઉપર લખે છે કે એક માણસ હરમૈન શરીફૈનમાં રહેતો હતો. તેની પાસે હઝરત ગૌષે આઝમ رضی اللہ عنہ ની કુલાહ (ટોપી) મુબારક હતી જે એને તબર્રૂક તરીકે એના બાપદાદાથી મળી હતી, જેની બરકતથી હરમૈન શરીફૈનમાં એની ઈજ્જત સારી હતી. એક રાત્રે સરકારે બગદાદ ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ખ્વાબમાં તશરીફ લાવ્યા. આપે કહ્યું, આ મારી કુલાહ અબુલ ક઼ાસિમ અકબરાબાદીને આપી દો. હઝરત ગૌષેપાક رحمۃ اللہ علیہ નું ફર્માન સાંભળી તેમની પાસે જવા નીકળ્યો. દિલમાં વિચાર્યું, આ માણસને ગૌષપાક رحمۃ اللہ علیہ એ પસંદ કરવામાં નક્કી મહત્વ છે જ, લાવ જોઉં તેની પરીક્ષા કરું. એટલે રસ્તામાંથી એક ખૂબ જ કિંમતી ઝબ્ભો પણ સિવડાવી તબર્રૂક તરીકે સામેલ કરી લીધો. જ્યારે ખલીફા અબુલ ક઼ાસિમ પાસે પહોંચ્યો તો કહ્યું, આ બન્નેવ તબર્રૂક ગૌષે આઝમ رحمۃ اللہ علیہ નાં છે, એમણે મને ખ્વાબમાં તમોને પહોંચાડવા હુકમ કર્યો છે. આટલું કહી તબર્રૂકાત તેમની સામે મૂકી દીધાં. અબુલ ક઼ાસિમે તબર્રૂકાત ક઼બૂલ કરી બેહદ ખુશી જાહેર કરી, એ માણસે અબુલકાસિમને કહ્યું આ તબર્રૂકાત એક મહાન બુઝુર્ગ તરફથી છે માટે એ આપને મળવાની ખુશીમાં એના શુક્રિયહ રૂપે શહેરના નામીચા માણસોની એક મોટી દાવત કરો.

બીજે દિવસે પેલો દુરવેશ શહેરના મોટા મોટા અમીર, ઉમરાવ, આલિમો બધાને પોતાની સાથે લઈ આવ્યો, બધાએ ખૂબ દાવત ખાધી, ફાતેહા દુઆ પઢી. દાવતથી ફારિગ થઈ ગયા પછી વાતચીત દરમ્યાન પૂછયું, અય અબુલ ક઼ાસિમ ! તમે તો મુતવક્કિલ (અલ્લાહ પર ભરોસો કરી જાહેરી સામાન ન રાખવો) છો તમારી પાસે તો કોઈ જ સામાન નથી પછી આટલી મોટી દાવત કઈ રીતે કરી ? તેમણે કહ્યું, સાંભળ ! જે કિંમતી ઝબ્ભો મને મળેલો હતો તે વેચી તેનાથી આ ખાણાની વસ્તુઓ ખરીદી છે.

આ સાંભળી પેલો દુરવેશ (તબર્રૂકાત લાવનાર) ઉભો થઈ બરાડી ઉઠયો, મેં આ ફક઼ીર (અબુલ ક઼ાસિમ)ને અલ્લાહવાળો સમજયો હતો પરંતુ આ તો દંભી ધોકાબાઝ નીકળ્યો, એણે એક મહાન વલીઅલ્લાહના તબર્રૂકાતની ઈજ્જત ન કરી અને એને વેચી નાખ્યો !

અબુલક઼ાસિમ અકબરાબાદી એ કહ્યું, ચૂપ રહો ! જે તબર્રૂક હતી તે તો ઈજ્જત એહતેરામથી મેં પોતાની પાસે રાખી લીધી છે અને જે મારી પરીક્ષા માટેનો સામાન હતો તેને વેચી શુક્રિયહની વ્યવસ્થા કરી છે.

આ સાંભળી તે છોભીલો પડી ગયો, પછી તેણે મેહફિલ સમક્ષ પૂરેપૂરી હક઼ીક઼ત વર્ણવી. બધાએ એક અવાજે કહ્યું, અલહમ્દુલિલ્લાહ ! તબર્રૂક પોતાની સહીહ જગાએ લાયક વ્યક્તિ પાસે પહોંચી ગયું છે. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૭૮)*

---

✪ *મુરાકેબા એટલે અલ્લાહના કુર્બમાં દિલના ઈલ્મને મુરાકેબા કહે છે.*

★ *ગૈબત એટલે પોતાના નફસ અને મખ્લૂક઼થી ગાઈબ (છુપા) અને હક઼ તઆલા સુબ્હાનહુ ના હુઝૂર હાજર રહેવાને ગૈબત કહે છે.*

## શાહ સાહબની ઝબાની ગયબદાનીની કહાની !

હઝરત શાહ સાહેબ લખે છે કે મુહમ્મદ ફાઝિલની પુત્રી શરીફા ખાતૂન બચપન હોવા છતાં હઝરતે વાલા (એટલે કે શાહ અબ્દુર્રહીમ)ની નૂરાનિય્યતનો અક્સ મેળવી ચૂકી હતી. એક રાત્રે હઝરતે વાલા (શાહ અબ્દુર્રહીમ) મુહમ્મદ ફાઝિલના ઘરેથી જઈ રહ્યા હતા. રસ્તામાં એમની તસ્બીહ હાથમાંથી પડી ગઈ એને શોધવા લાગ્યા તો શરીફાએ કહ્યું, "હું જોઈ રહી છું કે તસ્બીહ ફલાણી જગ્યાએ પડેલી છે." ત્યાં દીવો લઈ જઈને જોયું તો તસ્બીહ ત્યાં જ પડેલી હતી.

એક દિવસે શરીફા પોતાના ઘરમાં હતી હઝરતે વાલા પણ ત્યાં હતા. કહેવા લાગી, ફતેહમુહમ્મદ આપણા ઘેર આવવાનો વિચાર કરી રહ્યા છે. પછી કહ્યું, હવે રસ્તામાં છે કોઈ માણસથી વાતો કરી રહ્યા છે. એ પોતે તડકે ઉભા છે જ્યારે બીજો માણસ છાંયડે ઉભો છે. પછી કહેવા લાગી, હવે એમણે ત્રણ નારંગીઓ ખરીદી છે, બે એના બે છોકરાઓ માટે અને એક હઝરતે વાલા માટે. પછી થોડીક વારે કહે છે કે હવે એની નિય્યત બદલાઈ ગઈ છે ! બે હઝરતે વાલા માટે અને એક બન્નેવ છોકરાઓ માટે નક્કી કરી છે. પછી કહેવા લાગી કે ફતેહમુહમ્મદ દરવાજે ઉભા છે. ફતેહમુહમ્મદ દાખલ થયા. તેમનાથી તેહક઼ીક઼ કરી તો બધી જ વાતો તદ્દન સાચી હતી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૪૮)*

એક દિવસે શરીફા કહેવા લાગી, હઝરતે વાલા આપણા ઘેર આવવા નીકળ્યા છે, તેમને ફલાણુ ખાવાની ઈચ્છા છે, જેથી ઘરમાં તે ખાવા તૈયાર કર્યું. હઝરત તશરીફ લાવ્યા (ખાવા વિશે) હઝરતે શરીફાની વાતની સચ્ચાઈનો સબૂત આપ્યો. *(અન્ફાસુલ આરેફીન ઉર્દૂ)*

**હે ન્યાયપ્રિય વાંચકો !** હઝરત શાહ અબ્દુર્રહીમ પર મખ્લૂકની પેદાઈશથી લઈ ક઼યામત સુધી પેદા થનાર મખ્લૂકના હાલાત જાહેર થવા, શેખ અબ્દુલક઼ાદિરના છોકરાને એમ કહેવું કે મોટી બોટલ શા માટે લાવ્યા નથી ? અબુલ ક઼ાસિમે તબર્રૂક કઈ ચીજ છે અને પરીક્ષાની ચીજ કઈ છે તે જાણી લેવું, શરીફા ખાતૂને ઘરમાં બેઠા બેઠા જ દિલોના વિચારો જાણી લેવા, આ બધી જ ગૈબની વાતો છે. **હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી** رحمۃ اللہ علیہ **એ આ બધા જ બનાવો પોતાની કિતાબમાં લખી સ્પષ્ટપણે પોતાનો અક઼ીદો જાહેર કરી આપ્યો કે નબીઓ તો નબીઓ બલ્કે વલીઓ પણ ગૈબની વાતોનો ઈલ્મ ધરાવે છે.**

હઝરત શાહ સાહેબ ફર્માવે છે કે મારા કાકા શૈખ અબૂર્રઝા મુહમ્મદનો એક ખાદિમ (સેવક) કોઈ બૂરી આદતમાં ફસાએલો હતો. આપે એને ઈશારા કિનાયાથી સમજાવવાની કોશિશ કરી પરંતુ તે ન સમજ્યો. આખરે આપે તેને ખાનગીમાં અલગ બોલાવી કહ્યું કે મેં તને ઈશારતન સમજાવવાની ખૂબ કોશિશ કરી પરંતુ તું ન સમજ્યો. **તું એવું સમજે છે કે મને તારા કરતૂતોની ખબર નથી ? ખુદાની કસમ ! જમીનની નીચે પેટાળમાં રહેતી કીડીના દિલમાં સો (૧૦૦) વિચારો આવે તો તેનામાંથી ૯૯ ને તો હું જાણું છું** અને અલ્લાહ તઆલા તેના સો એ સો વિચારોથી વાકેફ છે. આ સાંભળી ખાદિમે પોતાની બુરાઈથી તૌબા કરી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૫)*

હઝરત શાહ સાહેબ લખે છે કે હાફિઝ ઈનાયતુલ્લાહે બયાન કર્યું કે એક નવજવાન સનદી આલિમ બહષ, તકરાર, મુનાઝરાથી ખૂબ જ દિલચસ્પી રાખતો હતો. એક દિવસે કહેવા લાગ્યો કે દિલ્હીના બધાય આલિમો ફાઝિલોને હું ચૂપ કરી ચૂક્યો છું, મારી સામે તેઓ પોતાના ઈલ્મની હાર માની ચૂક્યા છે. મેં તેને કહ્યું કે હઝરત શૈખ અબ્દુર્રઝાની મેહફિલમાં તું કદી ગયો છે ? એમની મુલાકાત તેં કરી છે ?

તે કહેવા લાગ્યો કે સાંભળ્યું છે કે તેઓ લોકોને તફસીરે હુસૈની પઢી સંભળાવી તેમાંથી જ વાએઝ કરે છે, તે કોઈ સનદી આલિમ નથી. મેં તેને કહ્યું, ના એવું ન બોલ ! બલ્કે તેમની ઝિયારત કર કે જેથી તેમના ઈલ્મનો કમાલ અને સીરત તારા ઉપર સ્પષ્ટ થઈ જાય. તે પછીના જુમ્આના દિવસે તે તેમની મેહફિલમાં આવ્યો. એણે વિચાર્યું કે એમની સાથે મુનાઝરો કરું. હઝરત શૈખે એના વિચારોને જાણી લઈ પોતાના રૂહાની તસર્રૂફથી તેનો

ઈલ્મ ખેંચી લીધો, ત્યાં સુધી કે સર્ફ નહવ (વ્યાકરણ)ના ક઼ાયદા પણ તેના દિમાગમાંથી નીકળી ગયા. એટલો મજબૂર થઈ ગયો કે આપની વાએઝનું એક પણ વાક્ય એની સમજમાં આવતું ન હતું. તે સમજી ગયો કે આ હઝરતનો જ તસર્રૂફ છે જેના કારણે મારો ઈલ્મ મારામાંથી ચાલ્યો ગયો છે. પસ્તાવા લાગ્યો, હઝરતની પાસે ખૂબ કરગરી સાચા દિલથી માફી માંગવા લાગ્યો.

હઝરતે એનો બધો જ ઈલ્મ પરત કરી આપ્યો અને પહેલાં જેવી હાલત કરી આપી. એણે પોતે હઝરતની સામે ન્યાઝમંદી દર્શાવી તો હઝરતે કહ્યું, મૌલાના ! હું તો આલિમ ફાઝિલની કોઈ સનદ ધરાવતો નથી ! હું તો તફસીરે હુસૈની પઢી લોકોને નસીહત કરું છું ! *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૬)*

હઝરત શાહ સાહેબ رحمۃاللہ لکھے છે કે હઝરત શૈખ અબ્દુર્રઝા رحمۃاللہعلیہ ના અકીદતમંદોમાંથી ઘણાયનું કહેવું છે કે અમે આપની મેહફિલમાં ઈલ્મ તથા ઈર્ફાનના સવાલો પૂછવાથી પરહેઝ કરતા, બને ત્યાં સુધી અમારી ઝુબાન પર ન લાવતા બલ્કે કોઈ પણ સવાલ હોય તે પોતપોતાના દિલમાં જ રાખી ચૂપચાપ મેહફિલમાં બેસતા. જ્યારે પણ અમારામાંથી કોઈના દિલમાં કોઈ શક, વહેમ, સવાલ પેદા થતો તો હઝરત તેનાથી વાકેફ થઈ જતા અને તરત જ તેનો સ્પષ્ટ જવાબ આપતા, છતાં કોઈને વહેમ શક રહેતો તો ફરી ખૂબ જ આસાન કરી તેનો જવાબ આપતા ત્યાં સુધી કે પૂછનારના દિલને સાંત્વન મળી જાય. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૭)*

અને શાહ સાહેબ લખે છે કે સૈયદ ઉમર હિસારીએ મને કહ્યું કે એક દિવસે શૈખ અબૂર્રઝા મુહમ્મદ رحمۃاللہعلیہ એક ઘણી જ ખૂબસૂરત ચાદર ઓઢી હરણના ચામડા ઉપર બેઠેલા હતા. તે ચાદર અને હરણનું ચામડુ મારા દિલને ખૂબ જ ગમી ગયું. એવી જ ચાદર અને ચામડુ મેળવવાનો મને શોખ પેદા થયો. એમની સામે બેઠા બેઠા આ વિચારોએ મને પરેશાન કરી મૂક્યો. આ ખ્યાલને દૂર કરવા ખૂબ પ્રયત્ન કરવા છતાં દૂર ન થતો. મજલિસ પૂરી થતાં હઝરતે મને કહ્યું, તમે બેસી રહેજો મારે તમારું કામ છે.

એ ચામડા ઉપર ન્યાઝના કેટલાક ડાઘ હતા તે આપે પોતાના હાથ મુબારકથી ધોયા. પછી ચાદર અને એ ચામડાને પેક કરી પોતાના હાથ મુબારકથી મને બખ્શિશ આપી કહ્યું, અવલિયાની મેહફિલમાં આવા વિચારો દિલમાં ન લાવવા જોઈએ. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૩)*

**ઉપરોક્ત લખેલા બનાવોથી હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી رحمۃاللہعلیہ નો અક઼ીદો જણાયો કે અવલિયાએ કિરામ દિલમાં ઉઠતા વિચારો, વસવસા, અને દિલના હાલાતથી વાકેફ થઈ જાય છે. જો એમનો અક઼ીદો એવો ન હોત તો તેઓ આ હિકાયતો આ બનાવોને પોતાની કિતાબમાં કદી પણ લખતા જ નહીં.** અને આ જ "મસ્લકે આ'લા હઝરત" છે.

## મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે નબી વલીને હાઝિર નાઝિર માનવું !

વાલિદ સાહેબ رحمۃاللہ ફર્માવતા હતા કે રમઝાન શરીફમાં એક દિવસે મારી નસ્કોરી ફૂટવાથી ખૂબ લોહી વહી ગયું, તેનાથી મારામાં ખૂબ અશક્તિ આવી ગઈ ત્યાં સુધી કે રોઝો રાખવાની હિંમત ન રહી. મને થયું રોઝો તોડી નાખું પરંતુ રમઝાનના રોઝા રાખવાની ફઝીલત ગુમાવવાની ચિંતા થવા લાગી. આ જ ચિંતા ફિકરમાં મારી આંખ લાગી ગઈ. મેં આકાએ કાએનાત ફખ્રે મૌજૂદાત નબીએ કરીમ ﷺ નો ખ્વાબમાં દીદાર કર્યો, જોયું કે આપે મને ખૂબ જ સ્વાદિષ્ટ અને ખૂશ્બુદાર ઝર્દો આપ્યો છે, પછી ખૂબ મજાનું ઠંડુ પાણી પણ આપ્યું જે મેં ધરાયને પીધું. જ્યારે આંખ ખુલી તો મને ભૂખ તરસ બિલ્કુલ ન હતી અને મારા હાથોમાં હજુ સુધી ઝર્દાની અંદર નાંખેલા કેસરથી એકદમ ખૂશ્બુ મહેકતી હતી. અકીદતમંદોએ મારા હાથ ધોઈ તે પાણી સાચવી લીધું અને તેનાથી રોઝો ઈફતાર કર્યો. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૦૦)*

અને હઝરત શાહ સાહેબ લખે છે કે વાલિદ માજિદ ક઼િબ્લાએ કહ્યું કે મુહમ્મદ ફાઝિલે વિચાર્યું કે એના પુત્રને અજમેર મોકલી દેવામાં આવે. રસ્તામાં આવતી તકલીફોને કારણે પોતે પણ તેની સાથે જવા વિચાર્યું. મને મળવા આવ્યા તો મેં કહ્યું, તમારે જવાની જરૂરત નથી કારણ કે એ સહિસલામત અજમેર જઈને પાછો

આવી જશે, હા ! પાછા ફરતાં અજમેરથી બે માઈલ દૂર ડાકૂઓ જરૂર હુમલો કરશે, પરંતુ એના રક્ષણની જવાબદારી મારા ઉપર છે. પરંતુ હા ! એને સમજાવી દેજો કે તે વખતે એ પોતાની સવારી એક તરફ ઉભી કરી દે.

■જ્યારે તે છોકરો અજમેરથી પરત આવ્યો તો તેણે કહ્યું, રસ્તામાં ડાકૂઓ આવ્યા હતા. મેં મારી સવારી એક તરફ ઉભી કરી દીધી, હઝરત શાહ સાહેબ મિષાલી સૂરતમાં ત્યાં ઉભેલા હતા, બધા સાથીઓને ડાકૂઓએ લૂંટી લીધા પરંતુ અમારી નજીક પણ આવ્યા નથી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૩૪)*

સરકારે દો આલમ ﷺ નું મદીના મુનવ્વરાથી જાણી લેવું કે દિલ્હીમાં શાહ અબ્દુર્રહીમને ખૂબ જ ભૂખ તરસને કારણે બેહદ કમજોરી આવી ગઈ છે, અને પછી હુઝૂર ﷺ એ તેમને ખાવા પીવા માટે સ્વાદિષ્ટ સુગંધીદાર ઝર્દો અને મજેદાર ઠંડુ પાણી મોકલવું, અને શાહ અબ્દુર્રહીમે અજમેરથી બે માઈલ પર દિલ્હીમાં બેઠાં બેઠાં ડાકૂઓ પહોંચવાનું જોઈ લેવું, અને તરત જ દિલ્હીથી અજમેર મુહમ્મદ ફાઝિલના પુત્રની મદદે મિષાલી શિકલમાં (જાહેરી શરીર નહીં બલ્કે રૂહાની શરીર) પહોંચી મદદ કરવી, **આ બધું જ હાઝિર નાઝિરનું કામ છે.** જેથી મુહદ્દિષે શાહ વલીયુલ્લાહ દહેલ્વીએ **આ બનાવો લખી પોતાનો અક઼ીદો સાબિત કરી આપ્યો કે સૈયદે આલમ ﷺ હાઝિર નાઝિર છે,** બલ્કે **અલ્લાહના વલીઓ પણ હાઝિર નાઝિર હોય છે** જેમનામાંથી મારા પોતાના પિતા હઝરત અબ્દુર્રહીમ સાહેબ પણ છે.

## મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીઓને ઝિંદા માનવુ !

આપ લખે છે કે વાલિદ સાહેબ હઝરત શાહ અબ્દુર્રહીમ ફર્માવ્યા કરતા હતા કે જે દિવસોમાં બાદશાહ ઔરંગઝેબ અકબરાબાદમાં હતા, હું તે વખતે મિરઝા ઝાહિદ હરવી જેઓ લશકરમાં અધિકારી હતા તેમની પાસે કેટલાક સબક પઢવા જતો હતો. આ બહાને હું મારા વાલિદ (બાપ) સાથે ગયો. સૈયદ અબ્દુલ્લાહ પણ સૈયદ અબ્દુર્રહમાનના સાથીદાર તરીકે ત્યાં હાજર હતા. ત્યાં તેઓ બીમાર થયા અને અલ્લાહ તઆલાની રહેમતમાં પહોંચી ગયા, એમણે વસિયત કરી હતી કે મને મિસ્કીનોના (અવામ ગરીબ પબ્લિક) કબ્રસ્તાનમાં દફન કરવો કે જેથી મને કોઈ જાણી ન શકે જેથી લોકોએ એવું જ કર્યું. હું પણ તે દિવસે ખૂબ બીમાર હતો જેથી જનાઝા સાથે જવાની હિંમત ન હતી. જ્યારે ઠીક થયો અને ચાલવા ફરવાની શક્તિ આવી તો એક માણસ કે જે એમના જનાઝામાં ગયો હતો તેને સાથે લઈ તેમની ક઼બ્રની ઝિયારત અને બરકત માટે તેમના મઝાર તરફ ચાલી નીકળ્યો. એ એમની છેલ્લી વસીયતની વિશિષ્ટતા હતી કે જનાઝામાં સાથે આવેલા મારા સાથીએ ઘણી જ કોશિશો કરી છતાં ક઼બ્ર તલાશ કરી શક્યા નહીં. હું ત્યાં બેસી કુર્આન શરીફની તિલાવત કરવા લાગ્યો તો મારી પીઠ પાછળથી સૈયદ સાહેબે આવાજ આપી, "મારી કબ્ર તો અહીં છે ! પરંતુ તમે જે તિલાવત શરૂ કરી ચૂક્યા છો તેને ત્યાં જ પૂરી કરી લો અને એનો સવાબ એ જ કબ્રવાળાને બક્ષી આપો, જલ્દી ન કરો, જે કાંઈ પઢી રહ્યા છો એને શાંતિથી પૂરું કરો."

આ સાંભળી મેં મારા સાથીને કહ્યું, બરાબર ધ્યાન કરી જુઓ સૈયદ સાહેબની કબ્ર તે જ છે જે તરફ તમે ઈશારો કર્યો હતો કે પછી મારી પીઠની પાછળ છે ?

થોડીવાર વિચારીને કહેવા લાગ્યો, મારી ભૂલ હતી, સૈયદ સાહેબની ક઼બ્ર તો તમારી પીઠની પાછળ છે. હું તે તરફ ફરીને બેઠો અને કુર્આન શરીફ પઢવા લાગ્યો. એ સમયે દિલ ગમગીન અને ચિંતાગ્રસ્ત હોવાથી ઘણી જગ્યાએ તિલાવતના ક઼ાયદા ક઼ાનૂનનો ખ્યાલ રાખી શક્યો નહીં, કબ્રમાંથી અવાજ આવ્યો, ફલાણી ફલાણી જગ્યાએ સુસ્તીથી કામ લેવામાં આવ્યું છે, તિલાવત કરવામાં ખૂબ જ સાવચેતી એહતેમાતથી કામ લેવાની જરૂરત છે. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૫૭)*

અને લખે છે કે, મીર અબુલ ઉલા رحمۃ اللہ علیہ (સ્થાપક સિલસિલા અબુલ ઉલાઈયા)ના ઘરવાળાંએ એમના છોકરા નૂરૂલ ઉલા બીમાર થયા તો મન્નત ન્યાઝ રૂપે એક રૂપિયો અને ચાદર હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہ ના મઝાર ઉપર મોકલી હતી જેની ખબર હઝરત અબુલ ઉલાને ન હતી. એક દિવસે હઝરત

ખ્વાજા ﷺ તરફ ધ્યાનસ્થ હતા કે, મઝાર મુબારકમાંથી અવાજ આવ્યો કે તમારા પુત્રની બીમારીમાં સાજા થવાની તમારા ઘેરથી જે ન્યાઝ આવી છે તે અને ઘરવાળાંએ બીજા પુત્રના માટે પણ વિનંતી કરી છે, ન્યાઝ અમોને કબૂલ છે, વિનંતી સાંભળી છે. *(અન્ફાસુલ આરેફીન, પેજ-૬૯)*

અને લખી રહ્યા છે કે વાલિદ માજિદ શાહ અબ્દુર્રહીમે ફર્માવ્યું કે, શૈખ બાયઝીદ અલ્લાહગોએ હરમૈન શરીફૈનની હાજરીનો વિચાર કર્યો તો એમની સાથે ઘણાય વૃધ્ધો, બાળકો, ઔરતો પણ તૈયાર થઈ ગયાં, જ્યારે કે મુસાફરી માટે કોઈ સામાનની તૈયારી ન હતી. મારા મોટા ભાઈ અને મેં બંનેએ વિચાર કર્યો કે એમને પાછા લાવવામાં આવે. જ્યારે અમે તઘલખાબાદ પહોંચ્યા તો બપોરના સમયે સૂર્ય ખૂબ જ ગરમ થઈ ચૂક્યો હતો. અમે એક ઝાડ નીચે આરામ માટે બેઠા, થાકના કારણે સાથીઓ ઊંઘી ગયા, હું એકલો બધાનાં કપડાં સામાન સાચવવા જાગતો રહ્યો. ઊંઘ ન આવી જાય તેથી જાગતા રહેવા માટે મેં કુર્આન શરીફની તિલાવત શરૂ કરી, થોડીક સૂરતોની તિલાવત કરી હું ચૂપ થઈ ગયો, એકાએક નજીકની કબ્રોમાંથી એક કબ્રવાળાએ મને સંબોધી કહ્યું, "હું કુર્આન કરીમનો ખૂબસૂરત અવાજ સાંભળવા લાંબા સમયથી તરસતો રહ્યો છું, જો તમે થોડો સમય આપીને હજુ પણ તિલાવત કરો તો તમારું મોટુ એહસાન સમજીશ."

મેં થોડી વધુ તિલાવત કરી, પછી ચૂપ થઈ ગયો, કબ્રવાળાએ ફરી વિનંતી કરી તો ફરી મેં થોડી તિલાવત કરી ચૂપ થઈ ગયો, તેણે ત્રીજી વાર પણ વિનંતી કરી, તો મેં થોડી વધુ તિલાવત કરી હું ચૂપ થઈ ગયો.

એ પછી એ કબ્રવાળા મોટા ભાઈના ખ્વાબમાં આવ્યા જેઓ નજીક જ સૂતેલા હતા. ખ્વાબમાં કહ્યું, મેં એમને વારંવાર તિલાવતનું કહ્યું, હવે વધુ કહેવાની શર્મ આવે છે માટે તમે જ કહો કે થોડી વધુ તિલાવત કરી મારી રૂહનો ખોરાક પહોંચાડે. તેઓ ઊંઘમાંથી ઉઠયા અને ખ્વાબની હાલતનું વર્ણન કર્યું. તે પછી મેં થોડી વધુ તિલાવત કરી એનાથી કબ્રવાળાઓમાં ખુશીઓની કેફિયતને મેં મેહસૂસ કરી અને એમણે મને જઝાકલ્લાહુ અન્ની ખયરલ જઝાઅ કહ્યું. એ પછી મેં એને આલમે બરઝખ બાબત પૂછયું, તો એણે કહ્યું, તેની આજુબાજુના કબ્રવાસીઓમાંથી મને કોઈ બાબત કશી જ જાણ નથી, હા હું મારી હાલત જણાવું છું કે, "જ્યારથી હું દુનિયાથી મૃત્યુ પામી અહીં આવ્યો છું મેં કોઈ પ્રકારનો અઝાબ મુસીબત જોઈ નથી, જો કે વધારે ઈન્આમ સુખ પણ નથી." મેં પૂછયું "તમને ખબર છે કે કયા નેક કામને કારણે તમોને અઝાબથી છૂટકારો મળેલો છે ?" તેણે કહ્યું, મેં હમેશાં એ વાતની કોશિશ કરી હતી કે દુનિયાની બેકાર ઝંઝટથી દૂર રહું અને પોતાને ઝિક્ર ઈબાદતથી દૂર કરવાવાળી ચીજોથી બચાવી રાખું, જો કે મારા આ ઈરાદાને સંપૂર્ણ રીતે પૂરો નથી કરી શક્યો છતાં અલ્લાહ તઆલાએ મારી નેક નિય્યતને પસંદ કરી મને આ બદલો અર્પણ કર્યો છે. *(અન્ફાસુલ આરેફીન. ઉર્દુ, પેજ-૧૧૪)*

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી ﷺ એ આ બધા બનાવો પોતાની કિતાબમાં લખી પોતાનો અકીદો સાબિત કરી આપ્યો કે **અલ્લાહના પ્યારા બંદાઓ વફાત પછી પણ પોતાની કબ્રોમાં ઝિંદા રહે છે અને જરૂરત પ્રસંગે દુનિયાવાળાઓથી વાતચીત પણ કરે છે.** અને મસ્લકે આ'લા હઝરત પણ આ જ છે.

## મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે મઝારો પર જવું જાઈઝ !

આપ લખી રહ્યા છે કે મારા વાલિદ સાહેબ (પિતાજી) શાહ અબ્દુર્રહીમે ફર્માવ્યું, એક વખત હું હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી ﷺ ના મઝાર મુબારકની ઝિયારત માટે ગયો, તેમની રૂહ મુબારક જાહેર થઈ અને મને કહ્યું, તમારે ઘેર એક છોકરો પેદા થશે એનું નામ કુત્બુદ્દીન રાખજો. એ સમયે મારી ઔરતની ઉંમર તે હદે પહોંચી ચૂકી હતી કે જેમાં ઔલાદનું પેદા થવું શક્ય હોતું નથી. એટલે મેં વિચાર્યું કે કદાચ એમના કહેવાનો મતલબ છોકરાનો છોકરો એટલે પૌત્ર છે. મારી આ શંકા ઉપર તરત જ તેઓ વાકેફ થઈ ગયા અને કહેવા લાગ્યા, "મારો મતલબ પૌત્ર નથી બલ્કે જે છોકરાની તમોને ખુશખબરી આપવામાં આવી છે તે તમારો પોતાનો પુત્ર હશે."

થોડા સમય પછી મને બીજો નિકાહ કરવાની ઈચ્છા થઈ, અને એનાથી આ લખનાર વલીયુલ્લાહ પેદા થયો. મારી પેદાઈશ વખતે મારા વાલિદ સાહેબના ખ્યાલમાંથી આ બનાવ તદ્દન નીકળી ગયો હતો એટલે મારું નામ વલીયુલ્લાહ રાખી લીધું હતું પરંતુ થોડા સમય પછી એમને એ વાત યાદ આવતા મારું નામ કુત્બુદ્દીન રાખ્યું. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૧૦)*✪

આ બનાવ લખવાથી **હઝરત શાહ વલીયુલ્લાહ** رحمۃ اللہ علیہ **નો અક઼ીદો સાફ સાબિત થાય છે કે, બુઝુર્ગોના મઝારોની ઝિયારત માટે જવું જાઈઝ છે તથા અવલિયાએ કિરામને મૃત્યુ પછી પણ ઈલ્મે ગૈબ હોય છે.** જેમ કે કુત્બુદ્દીન બખ્તયાર કાકી رحمۃ اللہ علیہ એ કેટલાય વર્ષો પહેલાં ભવિષ્ય વાણી કહી કે તમારે ઘેર પુત્ર પેદા થશે. તેમજ એ પણ સાબિત થયું કે **સાહિબે ક઼બ્ર બુઝુર્ગ ઝિયારત કરનારના દિલના વસવસાથી જાણકાર થઈ જાય છે.** અને આ જ આ'લા હઝરતનો મસ્લક છે.

## દેવબંદી અક઼ીદા હેઠળ સર્વ બુઝુર્ગો મુશ્રિક !!

હવે વાંચો 'દારુલ ઉલૂમ' માસિક (કંથારિયા, જિ. ભરૂચ) માર્ચ–૨૦૦૯, પેજ નં. ૧૯ જેમાં એક એક લીટીમાં ટૂંકમાં હુકમો લખ્યા છે, જેમ કે **અવલિયાએ કિરામને હાજતરવા માનવું, મુશ્કિલકુશા માનવું, હાઝિર નાઝિર માનવું, મન્નતો માનવી, હાજતો–મુરાદો માંગવી "શિર્ક" છે.** જ્યારે તમોએ ઉપરોક્ત લખાણમાં વાંચ્યુ કે **હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી** رحمۃ اللہ علیہ **આ સર્વ બાબતો નબી વલી માટે માને છે જેથી આ દેવબંદી ફિક઼્રવાળા નજીક શાહ સાહબ પણ મુશ્રિક થઈ ગયા.** જેમ કે **દેવબંદીઓ તેમના માસિકો તથા કિતાબોમાં નબી વલી માટે હાજરતવા, મુશ્કિલકુશા, હાઝિર નાઝિર, ગયબ જાણનાર વગેરે માનવું શિર્ક છે** એમ અલલ એલાન જણાવે છે. વળી **કેવળ શાહ વલીયુલ્લાહ જ નહીં !** નબી વલીને હાજતરવા, મુશ્કિલકુશા, હાઝિર નાઝિર, ઈલ્મે ગૈબ જાણનાર, મુરાદો પૂરી કરનાર વગેરેની માન્યતા તો આ અહલે સુન્નતના મહાન બુઝુર્ગો જેમ કે ફિક઼્હના ચારેવ ખલીફા, ચારેવ ઈમામો, સર્વ મુહદ્દિષો બુખારી, મુસ્લિમ, તિર્મિઝી વગેરે, જલાલુદ્દીન સિયૂતી, શૈખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી, અલ્લામા ખફફાજી, અલ્લામા નબહાની, શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી, મુલ્લા અલી ક઼ારી, ક઼ાઝી અયાઝ, મુજદ્દિદ અલ્ફેષાની, શેખ અબ્દુલ ક઼ાદિર જીલાની, ઈમામ રાઝી, અલ્લામા ખાઝિન, સાવી, બગ઼વી, અલ્લામા અસ્કલાની, ઈમામ બાક઼ર, ઈમામ જાફર સાદિક, ઈમામ મૂસા કાઝિમ, ઈમામ અલી રઝા, ઈમામ મુહમ્મદ તુર્કી, ઈમામ અલી અસ્કરી, ઈમામ હુસૈન ઝકી, જુનૈદ બગદાદી, બાયઝીદ બુસ્તામી, શહાબુદ્દીન સુહરવર્દી, દાતાગંજ બખ્શ, શતનૂફી, બહાઉદ્દીન નક્શબંદી, જલાલુદ્દીન રૂમી, ઈમામ ગિઝાલી, ઉષ્માન હારૂની, ખ્વાજા અજમેરી, બખ્તિયાર કાકી, બાબા ફરીદ, મહબૂબે ઈલાહી, યહ્યા મુનીરી, મખ્દૂમ જહાંગીર સમનાની તેમજ **સર્વ અહલે સુન્નતના બુઝુર્ગાને દીન** رضوان اللہ تعالیٰ علیہم اجمعین**નો એ જ અક઼ીદો છે જે શાહ વલીયુલ્લાહ** رحمۃ اللہ علیہ**નો અહીં દર્શાવ્યો છે.** અને એ જ **આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہનો પણ છે.

**જો દેવબંદી અક઼ીદો માન્ય રાખીએ તો ઉપરોક્ત સર્વ બુઝુર્ગો મુશ્રિક ઠરે છે.** તો **એ તો અહલે સુન્નત વ જમાઅતનો મઝહબ છે જ નથી.** જેથી સાબિત થાય છે કે, 'દારુલ ઉલૂમ' માસિક બહાર પાડનારા દા.ઉ. કંથારીયાના પ્રકાશકો, લેખકો તથા એ અક઼ીદાના સર્વ માનનારાઓ સૌ ગુમરાહ બેદીન પોતે જ છે અને **અહલે સુન્નતથી બહાર થયેલા છે** અને **શાહ વલીયુલ્લાહ તથા સર્વ બુઝુર્ગોનો મસ્લક** એ જ **મસ્લકે આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી જ** છે અને એ જ સાચા 'અહલે સુન્નત' છે.

✪ *આ લેખના સર્વ હવાલા કિતાબ* **'બુઝુર્ગો કે અક઼ીદે'** *(લેખક : મુફતી જલાલુદ્દીન અમજદી* رحمۃ اللہ علیہ*, અનુવાદક : હાફિઝ મૂસા વેમી ઝંઘારવી)માંથી લીધા છે. વધુ માટે કિતાબ વાંચશો. જે ટૂંક સમયમાં ગુજરાતીમાં છપાશે.*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ م
مِنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ ط وَاٰتَيْنَا
عِيْسَى ابْنَ مَرْيَمَ الْبَيِّنٰتِ وَ اَيَّدْنٰهُ بِرُوْحِ الْقُدُسِ ط
وَلَوْ شَآءَ اللّٰهُ مَا اقْتَتَلَ الَّذِيْنَ مِنْۢ بَعْدِهِمْ
مِّنْۢ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ وَلٰكِنِ اخْتَلَفُوْا
فَمِنْهُمْ مَّنْ اٰمَنَ وَمِنْهُمْ مَّنْ كَفَرَ ط وَلَوْ شَآءَ اللّٰهُ
مَا اقْتَتَلُوْا قف وَلٰكِنَّ اللّٰهَ يَفْعَلُ مَا يُرِيْدُ ﴿٢٥٣﴾

### ત.....ર્જુ.....મો.....

આ સર્વ રસૂલો, અમે ફઝીલત આપી છે (એમનામાંથી) અમુકને અમુક પર[331] એમનામાંથી કોઈની સાથે કલામ કર્યું અલ્લાહે અને બુલંદ કર્યા અમુકના દરજ્જા, અને આપી અમે ઈસા મરયમના ફરઝંદને ઉઘાડી નિશાનીઓ અને મદદ ફર્માવી તેમની પાકીઝા રૂહથી[332] અને જો ચાહતો[333] અલ્લાહ તઆલા તો ન લડતા (ઝઘડતા) તે લોકો જેઓ એ રસૂલોની પાછળ આવ્યા ત્યારબાદ કે આવી ગઈ એમની પાસે ખુલ્લી નિશાનીઓ, પરંતુ તેમણે મતભેદ કર્યો, એમનામાંથી કોઈ ઈમાન પર (અડગ) રહ્યો અને એમનામાંથી કોઈ કાફિર થઈ ગયું. અને જો ચાહત અલ્લાહ તઆલા તો ન લડતા (ઝઘડતા) પરંતુ અલ્લાહ તઆલા કરે છે જે ચાહે છે.

### તફસીર...............

૩૩૧. અલ્લાહ તઆલાના સર્વ રસૂલો મૂળ રસૂલ હોવામાં અને સર્વ અંબિયા મૂળ નબી હોવામાં સરખા છે પરંતુ ફઝાઈલ તથા કમાલો, મર્તબાઓ તથા મકામો, મો'જિઝાઓ તથા કરામતોમાં એકબીજા પર ફઝીલત ધરાવે છે. કોઈને એક કમાલ વડે નવાજ્યો તો કોઈને બીજા શરફ (બુઝુર્ગી) વડે મુશર્રફ કર્યા. પરંતુ એક પાક જાત મુસ્તફા જે પરિપૂર્ણ મઝહર છે તમામ જલીલી તથા જમાલી કમાલોના જે મર્તબાઓ તથા કમાલો અન્ય અંબિયા તથા રસૂલોને એક એક કરીને અર્પણ કરવામાં આવ્યા હતા તે સર્વ પોતાની શ્રેષ્ઠતમ અને પરિપૂર્ણતાવાળા સ્વરૂપમાં હુઝૂરે અકરમ ﷺને અતા કરવામાં આવ્યા. અને તે ઉપરાંત એવા અસંખ્યા મર્તબાઓ અને અગણિત મો'જિઝાઓ બખ્શ્યા જેમાં કોઈ નબી કોઈ રસૂલ બરાબરી તો શું કેવળ સામેલ હોવાનો દાવો પણ નથી કરી શકતો. હુઝૂર ﷺને સર્વ માનવજાત બલ્કે સર્વ જમીની તથા આસ્માની સૃષ્ટિના માટે નબી બનાવવામાં આવ્યા, મર્યાદિત સમય માટે નહીં બલ્કે હમેશાં માટે. કુર્આન જેવી કિતાબ અર્પણ કરી, રહ્‌મતુલ્ લિલ્ આલમીનના લક્બ વડે નવાઝયા, ખત્મે નબુવ્વત તથા રિસાલતના તાજથી શોભાવિત કર્યા, કોઈને શફી, કોઈને ખલીલ, કોઈને કલીમ અને કોઈ રૂહ ફર્માવ્યા. પરંતુ કાઈનાતના આ અંતિમ સહારાને પસંદગી, દોસ્તી તથા કલામ વગેરે ઉપરાંત મહબૂબિયતની ગર્વમય ખલ્અત બખ્શી. મુફસ્સિરોએ સ્પષ્ટતા કરી છે કે رفع بعضهم درجت થી હુઝૂરે કરીમ ﷺ મુરાદ છે. પરંતુ એ વાત યાદ રાખશો કે કોઈ

નબીને બીજા નબી પર એ રીતે ફઝીલત ન આપો કે એનાથી બીજા નબીની મઆઝલ્લાહ ! માનહાનિ થાય.

قال النحاس بعضهم هناعلى قول ابن عباس والشعبى و مجاهد محمّد صلى الله عليه سلّم (કુર્તુબી વગેરે)

**૩૩૨.** અહીં હઝરત ઈસા علیہ السلام ના નામની સ્પષ્ટતા કરી આપી, કેમ કે અલ્લાહ તઆલાનો આ જલીલુલ કદ્ર (મહાન) રસૂલ પોતાના તથા ગૈરાની ખેંચા ખેંચીનું નિશાન બનીને રહી ગયો હતો. નસારાએ તેમને ખુદાના પુત્ર બનાવી રાખ્યા હતા અને યહૂદી તેમને એક શરીફ માણસ પર માનવા માટે પણ તૈયાર ન હતા, એટલા માટે એમનું નામ લીધું અને ઈબ્ને મરયમ એટલે મરયમનો પુત્ર કહીને તેમની ઉલૂહિય્યત (ખુદા હોવા)નું બાતિલ ઠરાવી દીધું અને وایدناہ بروح القدس ફર્માવીને યહૂદીની આક્ષેપબાજીને રદિયો આપી દીધો કે તે તો ઉઘાડી નિશાનીઓવાળા નબી છે. જેના સમર્થનના માટે અમે રૂહે કુદ્સ (જિબ્રઈલે અમીન علیہ السلام)ને નિયુક્ત કર્યા છે.

**૩૩૩.** જો માનવી આ આયતમાં પૂર્ણપણે ધ્યાન ન કરે તો તે આસાનીથી એ ગલતફહમીનો શિકાર થઈ શકે છે કે ઈન્સાન તદ્દન લાચાર છે, તેના પોતાના વશમાં કાંઈ નથી એક ગૈબી શક્તિ (એને તકદીર કહી લો)ના હાથમાં છે, એ પોતે એક રમકડુ છે, તેનું કોઈ સારું કે બુરું કાર્ય, તેની દરેક યોગ્ય અયોગ્ય હરકત તેના પોતાના ઈરાદાથી ઉદ્ભવ નથી પામતી, બલ્કે એની પાસે જબરદસ્તી કરાવવામાં આવે છે પરંતુ તમે જો જરા વિચારણા તથા ચિંતનની તકલીફ ઉઠાવો તો આયતના શબ્દો જ તમારી એ ગલતફહમીને દૂર કરી આપશે. اختلفوا (તેઓ આપસમાં મતભેદ કરવા લાગ્યા) فمنهم من آمن (એમનામાંથી અમુકે ઈમાન સ્વીકાર્યું) ومنهم من كفر (અને એમનામાંથી અમુકે કુફ્ર અપનાવ્યું) આ ત્રણેવ કામો કર્તાના ઈરાદા તથા ઈખ્તિયાર વગર થઈ શકતાં નથી, કેમ કે એ સૌનો સંબંધ જાહેરી અંગો સાથે નથી જેના પર પ્રેશરનો કાનૂન ચાલી શકે છે બલ્કે એનો સંબંધ દિમાગ તથા દિલ સાથે છે. હવે આયતનો મતલબ એ થયો કે અલ્લાહ તઆલાએ માનવીને બુદ્ધિ તથા વિચારની કાબેલિયત બખ્શી અને અમલની શક્તિ અર્પણ કરી પછી અંબિયા થકી એના પર હિદાયતનો માર્ગ રોશન અને ચોખ્ખો કરી આપ્યો, પરંતુ તેને કેવળ સીધા માર્ગ પર ચાલવા માટે મજબૂર નથી કરી આપ્યો, બલ્કે એને એટલો ઈખ્તિયાર આપ્યો કે તે હિદાયતના માર્ગ તરફ ચાલી નીકળે અથવા ગુમરાહીના માર્ગે. અમુક લોકોએ બુદ્ધિ તથા ચિંતનથી કામ લઈને પોતાની મરજીથી સીધો માર્ગ અપનાવ્યો અને અમુકે નફ્સની વાસનાઓ તથા દુનિયાવી ખ્વાહિશો પર પોતાની ખુશીથી પોતાની રૂહાની પ્રગતિને કુર્બાન કરી નાખી. ولوشاء الله مااقتتلوا થી એ દર્શાવવાનો હેતુ છે કે માણસને જે અધિકાર આપવામાં આવ્યો છે તેનાથી તે ખુદા તઆલાની કુદરતથી બહાર નથી થઈ શકતો. અલ્લાહ તઆલાની તાકાત તથા કુદરત એટલી જબરદસ્ત અને સર્વવ્યાપી છે કે તે જે ચાહે કરી શકે છે. જે રીતે તેણે માનવીને અમલ કરવાની આઝાદી આપી છે, તે તેની પાસેથી એ આઝાદી પ્રાપ્ત કરીને તેને કેવળ સીધા માર્ગે ચાલવાને માટે મજબૂર કરી શકે છે. અને આ રીતે મતભેદનું નિવારણ થઈ શકે છે પરંતુ આમ મસ્લેહત અને પુખ્તા હિકમતનો તકાઝો એ જ છે કે હક્ક તથા બાતિલની આ ભેળસેળ ચાલુ રહે. દરેક શખ્સ પોતાની મરજીથી હક્ક તથા બાલિતમાંથી જેને ચાહે અપનાવે.

**લેખ હરીફાઈમાં ભાગ લો...**

અફસોસ ! બે મહિનાથી જાહેરાત કરી પણ હજી સુધી કોઈ એક મુજાહિદ તાલિબે ઈલ્મનો લેખ નથી પહોંચ્યો. હજી વિનંતિ છે કે તા. ૧૨-૧૦-૨૦૦૯ સુધીમાં **સુન્નતે નબવીનું મહત્વ અને આપણે** વિષયે જલ્દીથી લેખ રવાના કરો. દારુલ ઉલૂમના ઉસ્તાદોને વિનંતિ કે ગુજરાતી લેખનકાર્યનો તલબાને શોખ જગાડી દીનો સુન્નિયતની કલમી સેવા માટે પ્રોત્સાહિત કરશે.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

દર્સે હદીસે પાક — એટલે — **મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત** — કાર્યાલય

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

*હદીષ : હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ આયત તિલાવત કરી કે તે રબ તે છે જેણે તમારા પર કિતાબ ઉતારી જેમાં સ્પષ્ટ આયતો (નિશાનીઓ) છે[1] અને وَمَا يَذَّكَّرُ છેવટ સુધી પઢી. ફર્માવે છે હુઝૂર صلى الله عليه وسلم એ ફર્માવ્યું, જ્યારે તમે (અને મુસ્લિમમાં છે) લોકો એને જુઓ જે મુતશાબેહતની પાછળ પડે છે, તો એ જ તે લોકો છે જેનું અલ્લાહે વર્ણન કર્યું કે એમનાથી બચો[2]. (મુસ્લિમ તથા બુખારી)*

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે એક દિવસે બપોરે હું હુઝૂર صلى الله عليه وسلم ની ખિદમતમાં હાજર થયો તો આપે એ બે શખ્સોનો અવાજ સાંભળ્યો જેઓ કોઈ આયતમાં ઝઘડી રહ્યા હતા. હુઝૂર صلى الله عليه وسلم અમારી પાસે તશરીફ લાવ્યા કે ચહેરા મુબારક પર ગુસ્સાના ભાવો જણાતા હતા. ફર્માવ્યું, તમારાથી આગલા લોકો કિતાબુલ્લાહમાં ઝઘડાઓના કારણે જ હલાક (બર્બાદ) થઈ ગયા[3]. (મુસ્લિમ)*

*હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ થી રિવાયત છે[4] ફર્માવે છે કે ફર્માવ્યું નબી કરીમ صلى الله عليه وسلم એ કે તમારામાં મહાન મુજરિમ તે છે જે કોઈ ગૈર હરામ ચીજના બારામાં પૂછતાછ કરે[5] તેની પૂછતાછના કારણે તે ચીજ હરામ કરી દેવામાં આવે[6]. (બુખારી તથા મુસ્લિમ)*

*હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે ફર્માવ્યું નબી કરીમ صلى الله عليه وسلم એ કે **આખરી જમાનામાં જૂઠા દજ્જાલ થશે[7] જેઓ તમારા વચ્ચે તે હદીષો લાવશે જે ન તમે સાંભળી ન તમારા બાપદાદાઓએ[8]. તેમને તમારાથી દૂર રાખો અને પોતાને તેમનાથી દૂર રાખો કે તમને ગુમરાહ ન કરી આપે, ફિત્નામાં ન નાખી દે[9].** (મુસ્લિમ)*

### સ....મ....જૂ....તી....

**૧.** અહીં 'મુહકમ' (مہکم)થી સ્પષ્ટ તથા ઉઘાડી આયતો મુરાદ છે જેમ કે મુતશાબેહની સરખામણીથી જણાય રહ્યું છે. ઉસૂલની ઈસ્તેલાહ (બોલી)માં 'મુહકમ' તે છે જેમાં ન તાવીલની શક્યતા હોત નસ્ખ (રદ થયા)નો અંદેશો હોય, જેમ કે રબની જાત તથા સિફતો અને હુઝૂરની પ્રશંસા (નઅત) તથા સહાબાની ખૂબીઓની આયતો.

**૨.** એટલે કે જે આયતોની તાવીલોની પાછળ પડયા રહે અને ફિત્નો ફેલાવવા માટે તેના અર્થો વર્ણવે છે તેમના દિલોમાં ટેઢાપણુ છે, તેમનાથી દૂર ભાગો. યાદ રાખશો કે મુતશાબેહ (અધ્યાહન) આયતો બે પ્રકારની છે : એક મુશ્તબેહુલ મઅના (અર્થ અધ્યાહન હોય તેવી) જેમ કે الٓمّٓ، الٓرٰ વગેરે. મુક્ત્તેઆતે કુર્આનિયહ્ જેના અર્થો જ સમજમાં નથી આવતા. બીજી મુશ્તબેહુલ મુરાદ, જેમ કે فَثَمَّ وَجۡهُ اللّٰهِ વગેરે સિફતવાળી આયતો. આ બંને પ્રકારની મુતશાબેહાતમાં જિરહ તથા કદ્હ અને ફિત્નાના માટે તાવીલો કરવી હરામ છે પરંતુ યોગ્ય તાવીલો આ જમાનમાં ગુનોહ નથી જેથી કરીને લોકો ગલત તાવીલોથી બચે. હદીષમાં પ્રથમ પ્રકારના લોકો મુરાદ છે એટલા માટે કુર્આને કરીમે ફર્માવ્યું, اِبۡتِغَآءَ الۡفِتۡنَةِ યકીન રાખો કે અલ્લાહ તઆલાને નબી صلى الله عليه وسلم ને અને એમના તુફૈલ અમુક મકબૂલ બંદાઓને મુતશાબેહાતનો ઈલ્મ આપ્યો. રબ ફર્માવે છે : اَلرَّحۡمٰنُ عَلَّمَ الۡقُرۡاٰنَ "પોતાના મહબૂબને રબે કુર્આન શીખવાડયું." તો જાહેર છે કે આખુ કુર્આન શીખવાડયું જેમાં મુતશાબેહાત પણ છે.

**૩.** કિતાબમાં મતભેદની ત્રણ સ્થિતિઓ છે : (૧) કુર્આનને પોતાની રાયના પ્રમાણે કરવાની કોશિશ કરવી. જેમ કે આજકાલ જોવામાં આવી રહ્યું છે. (૨) ખૂદ કુર્આનની આયતમાં મતભેદ કે આ આયત કિતાબુલ્લાહની છે કે નથી. (૩) કુર્આને કરીમમાંથી મસાઈલ કાઢવામાં મતભેદ. પ્રથમ બંને પ્રકારના

મતભેદ હરામ બલ્કે કુફ્ર છે. ત્રીજા પ્રકારનો મતભેદ ઈબાદત છે જે સહાબાએ કિરામના જમાનાથી ચાલ્યો આવે છે. આ મતભેદ મુજતહિદ ઈમામોમાં હોય શકે છે. અહીં પ્રથમ બે પ્રકારના મતભેદ મુરાદ છે. અહલે કિતાબે પણ આસ્માની કિતાબોમાં આ જ પ્રકારના મતભેદ કર્યા હતા.

**૪.** આપનું નામ મુબારક સઅદ ઈબ્ને અબી વક્કાસ અને કુન્નિયત (ઉપનામ) અબૂ ઈસ્હાક઼ છે. આપના પિતાનું નામ માલિક ઈબ્ને દહીબ છે અને કુન્નિયત અબૂ વક્કાસ. આપ ઝુહરી છે, કરશી છે. અશરાએ મુબશ્શિરામાંથી છે. ક઼દીમુલ ઈસ્લામ (શરૂમાં ઈમાન લાવનારાઓમાંથી) છે કેમ કે આપ ત્રીજા મુસલમાન છે. મુસલમાન થયા ત્યારે આપની ઉમર શરીફ ૧૭ વરસની હતી. ઘણા જ શાનદાર સહાબી છે કે હુઝૂરે એમના માટે ફર્માવ્યું, "તમારા પર મારાં મા બાપ ફિદા!" સર્વ ગઝવાતમાં હુઝૂર ﷺની સાથે રહ્યા. ઘણા જ મહાન મક઼બૂલ દુઆવાળા હતા. લોકો આપની બદ્દુઆથી ખૂબ જ ડરતા હતા. ફારૂકી તથા ઉષ્માની યુગમાં કૂફાના ગવર્નર રહ્યા. ૭૦ વરસથી અધિક ઉમર પામ્યા. હિ.સ. ૫૫માં મદીના મુનવ્વરાથી નજીક અક઼ીક઼ સ્થળે વિસાલ થયો ત્યાંથી આપની મૈયત શરીફ મદીના લાવવામાં આવી. મરવાન ઈબ્ને હકમે આપની જનાઝાની નમાઝ પઢાવી અને મદીના પાકના ક઼બ્રસ્તાન જન્નતુલ બક઼ીઅમાં દફન કરવામાં આવ્યા.

**૫.** અહીં સંબોધન તે ટીકા ટીપ્પણ કરવાવાળાઓને છે જેઓને વિના જરૂરત દરેક વાતને ઉલેચ્યા કરવાની આદત હોય છે, નહીં તો મસાઈલ શીખવાના માટે સવાલ કરવા સારી ચીજ છે. રબ તઆલા ફર્માવે છે : فَاسْئَلُوٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ જેથી આ હદીષ કુર્આનની વિરુદ્ધ નથી. અને પૂછતાછથી મુરાદ નબીથી પૂછયું છે, કેમ કે હરામ તથા હલાલના હુકમો એ જ બારગાહથી બહાર પડે છે. જેમ કે હુઝૂરે ફર્માવ્યું, તમારા પર હજ્જ ફર્ઝ છે. એક સહાબીએ પૂછયું, શું દર વર્ષે ? ફર્માવ્યું કે જો હું હા કરી આપત તો દર વર્ષે જ ફર્ઝ થઈ જાત. આ છે નુકસાનકર્તા સવાલો.


**૬.** આનાથી ત્રણ મસ્અલા જાણવા મળ્યા : એક એ કે મૂળ ચીજમાં ઈબાહત (મુબાહ હોવું) છે એટલે જે બાબતથી શરૂઆતમાં ખામોશી હોય તે હલાલ છે, હરામ તે જ છે જેને શરીઅત મના કરે. જેમ કે لَمْ يُحَرَّمْથી માલૂમ થયું. રબ તઆલા ફર્માવે છે :–

قُلْ لَّآ اَجِدُ فِيْمَآ اُوْحِيَ اِلَيَّ مُحَرَّمًا જાણવા મળ્યું કે **જેનું હરામ હોવું (હુર્મત) ન મળે તે હલાલ છે.** પણ આ જમાનામાં કેટલાક જાહિલો વિના દલીલે દરેક ચીજને હરામ કહી આપે છે અને હલાલ હોવા માટે સાબિતી માંગે છે. બતાવો ! ક્યાં લખ્યું છે કે મીલાદ શરીફ અને ૧૧વી શરીફ હલાલ છે ? પોતે તો નથી બતાવતા કે હરામ ક્યાં લખ્યું છે ! તેમણે આ હદીષ તથા આયતથી ઈબ્રત (બોધ) હાંસલ કરવી જોઈએ. બીજો એ કે ક્યારેક અધિક પૂછતાછ કરવાથી રબની તરફથી સખ્તી થઈ જાય છે. જુઓ, બની ઈસ્રાઈલ ગાયના બારામાં પૂછતાછ કરતા રહ્યા તો પાબંદીઓ વધતી રહી. ત્રીજુ એ કે વઝીફા તથા અહકામ (હુકમો)માં ખૂદ પાબંદી ન લગાડે બલ્કે તેના ઈત્લાક઼ (લાગુ થવા)થી ફાયદો ઉઠાવવો જોઈએ.

**૭.** દજ્જાલ એ દજલથી બન્યું જેનો અર્થ પ્રપંચ તથા ધોકો છે. દજ્જાલ એટલે ઘણો જ મહાન પ્રપંચી, મક્કાર, ધોકાબાજ. આખર જમાનામાં મહાદજ્જાલ નીકળશે એના પહેલાં નાના દજ્જાલ ઘણા થશે.

**૮.** એમાં નિર્દેશ હદીષ ઘડનારાઓ તરફ થઈ રહ્યો છે. અહીં સંબોધન ક્યાં તો કેવળ સહાબાથી છે અથવા ક઼યામત સુધી થનારા ઉલમાથી જેમને હદીષની માહિતી હોય. જો કોઈ જાહિલ કોઈ મશ્હૂર હદીષને ન સાંભળે તો તે એનો પોતાનો ક઼ુસૂર છે. હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہએ પોતાના જમાનમાં એલાન કર્યું હતું કે અમે તે જ હદીષ ક઼બૂલ કરીશું જે ફારૂક઼ી જમાનમાં પ્રસિદ્ધ થઈ ચૂકી, કેમ કે આપના જમાનામાં અમુક છુપા મુનાફિક઼ોએ હઝરત અલીના ફઝાઈલમાં અને અમુકે તેમની વિરુદ્ધ ઘણી હદીષો ઘડી લીધી હતી, જયારથી રાફઝી તથા ખારજીની બીમારીઓ મુસલમાનોમાં ફેલાઈ. જાણવા મળ્યું કે હદીષ ઘડવી (બનાવટી) ઘણો જ મહાન જુર્મ છે અને ઘડનારો સખત મુજરિમ છે કે હુઝૂર ﷺએ તેને દજ્જાલ તથા કઝ્ઝાબ કહ્યો.

**૯.** એનાથી જાણવા મળ્યું કે બદ્મઝહબોથી બચવું જરૂરી છે કેમ કે એમની સોહબત દીન ઈમાન માટે ખતરો છે.



# શિફા શરીફ


**મૂળ લેખક :** ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمة الله عليه

**ગુજરાતી અનુવાદક :** ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)


વિભાગ : ૨

## અલ્લાહ તઆલાનો દીદાર

પૂર્વજ બુઝુર્ગોનો આમાં મતભેદ છે કે નબી કરીમ ﷺએ પોતાના રબને જોયા છે કે નહીં. હઝરત આઈશા સિદ્દીકા رضي الله عنهاએ અલ્લાહના દીદારનો ઈન્કાર કર્યો છે. કાઝી અયાઝ માલિકી رحمة الله عليهએ અબુલ હસન સિરાજ બિન અબ્દુલ માલિક رضي الله عنهની સનદના સાથે હઝરત મસ્રૂક رضي الله عنهથી રિવાયત કરી છે. તેમણે પૂછયું, અય ઉમ્મુલ મો'મિનીન ! શું નબી ﷺએ પોતાના રબને જોયો હતો ? તેમણે (આ સાંભળીને) ફર્માવ્યું કે તમારી આ વાત સાંભળીને મારી રૂવાંટી ઉભી થઈ ગઈ છે. જો આ ત્રણ વાતોમાંથી કોઈ એક પણ તમારાથી બયાન કરે તો તે જૂઠો છે. (એમાંથી એક આ છે કે) તમારામાંથી જે કહે કે મુહમ્મદ ﷺએ પોતાના રબને જોયો છે તો તે જૂઠ બોલ્યો. કેમ કે **لَا تُدْرِكُهُ الْاَبْصَار** "આંખ તેને દષ્ટિમાં સમાવવા લાચાર છે." પછી બાકી તમામ હદીષ બયાન કરી. ઉલમાની એક જમાઅતે આઈશા સિદ્દીકા رضي الله عنهاના આ કથનને ધારણ કરેલ છે. આ જ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضي الله عنه (વિસાલ : હિ.સ. ૩૨/સને ૬૫૨)થી મશ્હૂર છે અને હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ જિબ્રઈલ عليه السلامને જોયા હતા, અને તેમનાથી અસ્વીકૃતિ અને સ્વીકૃતિવાળી બંને પ્રકારની રિવાયતો રિવાયત પામી છે અને આ અલ્લાહના દીદારના ઈન્કાર અને મનાને મુહદ્દિષો, ફકીહો, મુતકલ્લિમોની એક જમાઅત માનનારી છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضي الله عنهماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ પોતાના રબ તઆલાને પોતાની આંખોથી જોયા છે. તેમનાથી અતા બિન અબી રબાહ رحمة الله عليه (વફાત : હિ.સ. ૧૧૫, ઈ.સ. ૭૩૩)એ રિવાયત કરી છે કે રસૂલ ﷺએ દિલની આંખોથી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતને જોયો છે. અને ઈબ્ને આલિયા رحمة الله عليه (વફાત : હિ.સ. ૯૦/ઈ.સ. ૭૦૮)એ તેમનાથી રિવાયત કરી કે નબી કરીમ ﷺએ પોતાના રબને બે વખત જોયો છે.

ઈબ્ને ઈસ્હાક (વફાત : હિ.સ. ૧૫૦/ઈ.સ. ૭૬૪)એ ઝિક્ર કર્યું છે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (વફાત : હિ.સ. ૭૩/ઈ.સ. ૯૬૨)એ કોઈ આદમીને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضي الله عنهما પાસે મોકલીને જાણવા ઈચ્છયું કે શું સૈયદના મુહમ્મદ મુસ્તફા ﷺએ પોતાના રબને જોયો છે ? તેમણે જવાબ આપ્યો કે, જોયો છે. તેમનાથી આ જ મશ્હૂર છે કે સરવરે કોનો મકાં ﷺએ પોતાની આંખોથી રબ તઆલાને જોયો છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضي الله عنهماનું કથન છે કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلامને કલામ (વાતચીત) સાથે, હઝરત ઈબ્રાહીમ عليه السلام ને ખિલ્લત (દોસ્તી) સાથે અને મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺને દીદારના સાથે ખાસ કર્યા, અને તેની દલીલમાં આ બારી તઆલાનો ઈર્શાદ છે :–

**અર્થાત** : "જે જોયું તે દિલે ખોટું કહ્યું નહીં. તો શું તેમની સાથે તેમના જોએલા બાબત ઝઘડો છો ? અને તેમણે તો એ જલ્વો બે વખત જોયો." *(સૂરએ નજમ)*

ઈમામ માવરદી رحمة الله عليه કહે છે કે અલ્લાહ તઆલાએ પોતાનો કલામ (વાતચીત) અને દીદાર હઝરત મૂસા عليه السلامતથા સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺના વચ્ચે વહેંચી દીધા છે. જેથી મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺને બે વખત દીદારની ઈજ્જત બખ્શી અને હઝરત મૂસા عليه السلامથી બે વખત કલામ કર્યો. પછી આ રિવાયત અને ઈમામ અબૂ ફતહ રાઝી અને ફકીહે અબ્દુલ્લયષ સમરકંદી رحمة الله عليه હઝરત કઅબ અહબાર رحمة الله عليه (વફાત : હિ.સ. ૩૩/ઈ.સ. ૬૫૩)થી રિવાયત કરી છે.

અબ્દુલ્લાહ બિન હારિષ رحمة الله عليهએ રિવાયત કરી છે કે હઝરત ઈબ્ને અબ્બાસ અને કઅબ અહબાર رضي الله عنهما એક જગ્યાએ એકત્ર થયા ત્યારે હઝરત

અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہએ ફર્માવ્યું કે અમે બનૂ હાશિમ તો એ જ કહીએ છીએ કે, સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ પોતાના રબને બે વખત જોયો છે. આ સાંભળતા જ હઝરત કઅબ અહબાર رضی اللہ عنہએ એટલા જોરથી નારએ તકબીર બુલંદ કર્યો કે પહાડ પણ ગાજી ઉઠે, અને કહેવા લાગ્યા કે અલ્લાહ તઆલાએ પોતાના દીદાર અને કલામ (વાતચીત)ને સૈયદના મુહમ્મદ રસૂલલુલ્લાહ صلی اللہ علیہ وسلمઅને હઝરત મૂસા علیہ السلامના વચ્ચે વહેંચી દીધા. હઝરત મૂસા علیہ السلامએ પોતાના રબથી કલામ કર્યો અને ફખ્રે દો આલમ صلی اللہ علیہ وسلمએ તેમને દિલના સાથે જોયા.

શરીક ઈબ્ને શહાબ તાબઈ (વફાત : હિ.સ. ૧૪૦, ઈ.સ. ૭૫૭)એ ઉપર લખેલ આયતની તફસીરમાં હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہ(વફાત : હિ.સ. ૩૨/ઈ.સ. ૬૫૨)ના હવાલાથી કહ્યું છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ પોતાના રબને જોયો છે.

ઈમામ અબૂ લયષ સમરકંદી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૩૭૩/ઈ.સ. ૯૮૪)એ મુહમ્મદ બિન કઅબ અલ્કરઝી અને રબીઅ બિન અનસ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمથી પૂછવામાં આવ્યું, શું આપે આપના રબને જોયો છે ? આપે ફર્માવ્યું, મેં મારા દિલની આંખોથી જોયો છે ન કે પોતાની આંખોથી. માલિક બિન યખામિર رحمۃ اللہ علیہએ હઝરત મઆઝ رضی اللہ عنہથી રિવાયત કરી છે, નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું છે કે પોતાના રબને જોયો અને તે (અલ્લાહ તઆલા)એ એક કલ્માને ઝિક્ર કર્યા પછી ફર્માવ્યું કે અય મુહમ્મદ ! صلی اللہ علیہ وسلم ફરિશ્તાઓ કઈ વાત પર ઝઘડે છે. *(હદીષ)*

અબ્દુર્રઝાક رحمۃ اللہ علیہએ રિવાયત કરી છે કે ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૧૦/ઈ.સ.૮૨૮) આ વાત કસમપૂર્વક જણાવતા હતા કે મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ પોતાના રબને જોયો છે. અબૂ ઉમર તલ્મન્કી رحمۃ اللہ علیہ હઝરત અકરમા رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૦૭, ઈ.સ. ૭૨૪)થી જ આ વાત બયાન કરી છે અને કેટલાક મુતકલ્લીમીનએ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૩૨ અને ૬૫૨)નો આ જ મઝહબ બયાન કરેલ છે.

ઈબ્ને ઈસ્હાક رحمۃ اللہ علیہએ રિવાયત કરી છે કે મરવાને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી પૂછયું કે શું મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ પોતાના રબને જોયો છે ? જવાબ આપ્યો, હા ! નક્કાશ رحمۃ اللہ علیہ (હિ.સ. ૩૬૯, ઈ.સ. ૯૮૧)એ ઈમામ અહમદ બિન હમ્બલ رحمۃ اللہ علیہના કથનથી રિવાયત કરી છે કે તેઓ ફર્માવતા હતા કે હું હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماના કથનનો સ્વીકાર કરું છું અને કહું છું કે આપે પોતાની આંખથી જોયો, જોયો, જોયો.... ત્યાં સુધી કે ઈમામ બિન હમ્બલ رحمۃ اللہ علیہ નો શ્વાસ તૂટી ગયો. દિલના જોવાનો સ્વીકાર કરતા હતા. અને તેમણે એ કહેવાની હિંમત ન કરી કે આપે આ દુનિયામાં પોતાની આંખોથી જોયો છે.

હઝરત સઈદ બિન જુબૈર رحمۃ اللہ علیہ(વફાત : હિ.સ. ૯૫, ઈ.સ. ૭૧૩) ફર્માવે છે કે હું તો એ કહું છું કે આપે અલ્લાહ તઆલાને જોયો છે અને નથી કહેતો કે નથી જોયો. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ, હઝરત અકરમા, ઈમામ હસન બસરી અને હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી આ આયતની તાવીલમાં જે રિવાયત કરવામાં આવી છે તેમાં મતભેદ છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما અને હઝરત અકરમા رضی اللہ عنہથી આ રિવાયત કરવામાં આવી છે કે આપે પોતાના દિલના સાથે જોયા છે. હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہનું કથન છે કે આપે હઝરત જિબ્રઈલ علیہ السلامને જોયા હતા.

ઈમામ અહમદ બિન હમ્બલ رحمۃ اللہ علیہના સાહબઝાદા ઈમામ અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૨૯૦, ઈ.સ. ૯૦૨)એ પોતાના વાલિદ માજિદના આ કથનની રિવાયત કરી છે કે ફખ્રે દો આલમ صلی اللہ علیہ وسلمએ અલ્લાહ તબારક વ તઆલાને જોયો છે.

ઈમામ બિન અતા رحمۃ اللہ علیہથી **اَلَمۡ نَشۡرَحۡ لَکَ صَدۡرَکَ** ની તફસીરમાં મરવી છે કે તેમના નજીક નબી કરીમ صلی اللہ علیہ وسلمની મુબારક છાતી અલ્લાહ તઆલાના માટે અને હઝરત મૂસા علیہ السلامના કલામના માટે ખોલી દેવામાં આવી હતી.

અબુલ હસન અલી બિન ઈસ્માઈલ અશ્અરી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૩૨૦, ઈ.સ. ૯૩૩) અને તેમના અસ્હાબમાંથી એક જમાઅતે કહ્યું કે સરવરે કોનો મકાં صلی اللہ علیہ وسلم માથાની આંખોથી અલ્લાહ તબારક વ તઆલાને જોયા છે અને કહ્યું છે કે જેટલા મો'જિઝા અલ્લાહ તઆલાએ અંબિયાએ કિરામના સમૂહને આપ્યા છે તે તમામ નબી કરીમ صلی اللہ علیہ وسلمને આપવામાં આવ્યા છે અને દીદારની ફઝીલતના સાથે આપને અન્ય અંબિયાએ કિરામથી ખાસ ફર્માવ્યા છે.

# ઇસ્લામના પયગંબર ﷺની નમ્રતા

રજૂકર્તા : **કડુ સોહેલ ઈકબાલ માંગરોલવી**
*મુતઅલ્લિમ : દારૂલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા*

નમ્રતા જેને અરબીમાં તવાઝોઅ જે બાબે તફાઉલનો મસ્દર (ક્રિયાપદ) છે, તેનો અર્થ નમ્રતા થાય છે, અને ગરદન નમાવવી. અરબવાળાઓ તેનો તે સમયે ઉપયોગ કરે છે જ્યારે ઊંટની ગરદન નીચી કરી તેના પર પગ મૂકીને સવાર થતા. નમ્રતાવાળો પોતાના સ્થાન અને દરજ્જાથી નીચે ઉતરે છે એટલા માટે તેને મુતવાઝેઅ (નમ્રતાથી પેશ આવનાર) કહેવામાં આવે છે.

નમ્રતા એક એવી ખૂબી (ગુણ) છે જેને અખ્લાકે હસના (સુસંસ્કાર)માં મહત્વનું સ્થાન મળેલ છે. નમ્રતા કરવાવાળો ભલે આપણી દષ્ટિમાં કોઈ હૈસિયત અને ઈજ્જત ધરાવતો નથી પરંતુ હક્કવાળાઓની નજરમાં તે ખૂબ જ મોટો બુઝુર્ગ હોય છે અને સાચા અર્થમાં તે પોતાની નમ્રતાના કારણે લોકોના દિલોમાં સ્થાન મેળવી લે છે.

અને તેનાથી ઉલ્ટુ જે માણસ ઘમંડ અને અભિમાનના ધોકેબાઝ ફંદામાં જકડાયેલ હોય છે તે પોતે પોતાની નજરમાં સારો, બુઝુર્ગ અને ઈજ્જતવાળો હોય શકે છે, પરંતુ મખ્લૂકે ખુદા તેનાથી નફરત કરે છે અને નજરોથી પડી જાય છે. અને વધુ ઊંડાણની દષ્ટિએ જોવામાં આવે તો ઘમંડી અને અભિમાની જાણે કે અલ્લાહ તઆલાનો હરીફ હોય છે, એટલા માટે કે દરેક બડાઈ તથા મોટાઈ તેની અજોડ ઝાતનો મર્તબો છે. જે પોતે જ ફર્માવે છે :–

''અને તેના માટે જ મોટાઈ અને બડાઈ છે આસ્માનોમાં અને જમીનોમાં અને તેજ જબરદસ્ત અને હિકમતવાળો.'' *(સૂ. જાસીયહ, સિ. ૨૫, આ ૩૭)* તો પછી અલ્લાહની મખ્લૂકને અભિમાન કઈ રીતે લાયક થઈ શકે છે.

ઈસ્લામ જ એક એવો ધર્મ છે જેની દરેક તા'લીમમાં ઈન્સાનિયતની સફળતાનું રહસ્ય છુપાયેલ છે. કુર્આનમાં જ્યાં નમ્રતાનો આદેશ આપવામાં આવ્યો છે અથવા રસૂલે અકરમ ﷺએ નમ્રતા અપનાવવા પર જોર આપ્યું છે, તેનો મકસદ માત્ર આ જ છે કે કોઈ માણસ પોતાની શક્તિ અને માલો દૌલતનો ગેર ઉપયોગ ન કરે જેનાથી ગરીબો અને દુઃખીઓનું દિલ નારાજ થાય. નમ્રતાનો પ્રાથમિક મકસદ સામાજીક જીવનમાં મનપસંદ પાકીઝગી પેદા કરવાનો છે.

રસૂલે અકરમ ﷺની પાકીઝા સીરતનું દરેક પાસુ પોતાના સ્થાને એક ચમકતા સૂર્યની જેમ છે જેનાથી અંધકારમય દિલોને પ્રકાશમાં લાવી શકાય છે. માનવ જીવનનો એ કયો વિભાગ છે જેના માટે રસૂલે પાક ﷺની પાકીઝા સિરત નમૂનએ અમલ ન હોય. એટલા માટે જ કુર્આનમાં રબ તબારક વતઆલા ફર્માવે છે :–

નિઃશંક ! તમારા માટે રસૂલે અકરમ ﷺની જિંદગી નમૂનએ અમલ છે. (સૂ. અહઝાબ, સિ. ૨૧)

સરવરે કોનૈન ﷺના અન્ય પાસા પર ચર્ચા કરતાં માત્ર આપની નમ્રતાને જ લેવામાં આવે તો દુનિયાની કામયાબી અને છૂટકારા અને એક ઉમદા સમાજની તસ્વીર માટે આપની આ સિફત (ગુણ) કાફી છે. અને આપ એવું કહેવા પર મજબૂર થઈ જશો કે આજના આ સડી ગયેલ માહોલ તથા બદબૂદાર સમાજની સુધારણા અને અમીરી ગરીબીના તફાવતનો નાશ કરવા માટે રસૂલે અકરમ ﷺની ઉચ્ચ નમ્રતાને અપનાવવાની સખ્ત જરૂરત છે. મેહબૂબે રબ્બુલ આલમીન ﷺની સીરતે પાકનો અભ્યાસ કરો તો આ સચ્ચાઈ સમજમાં આવી જશે.

અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબ ﷺને જે ઉચ્ચ અને બુલંદ દરજ્જા પર સ્થાન આપ્યું તે કોઈનાથી છુપાયેલ નથી. રબ તબારક વ તઆલાની બારગાહમાં આટલો મોટો મરતબો પ્રાપ્ત હોવા છતાં આપનામાં ઘમંડ અને અભિમાન જેવી કોઈ વસ્તુ ન હતી. પરંતુ મદની તાજદાર પોતાના દરેક અમલમાં અને દરેક વાતચીતમાં નમ્રતાનો ઈઝહાર કરતા હતા. સહાબીએ રસૂલ હઝરત અનસ رضی اللہ جેમણે દસ વર્ષ મેહબૂબે કિબ્રીયા ﷺની ખિદમતમાં પસાર કરી

આપ્યાં, આપના જીવનની સવાર સાંજનો અભ્યાસ ઘણી ઝીણવટપૂર્વક કર્યો તે હુઝૂરની નમ્રતાભરી જિંદગીની ચર્ચા કરતાં કહે છે.

સરકારે દો આલમ જમીન પર બેસી જતા હતા તેના પર ખોરાક પણ ખાઈ લેતા, બકરીના પગો બાંધી તેને દોહી લેતા, જો કોઈ ગુલામ દા'વત માટે અરજ કરે તો કબૂલ ફર્માવતા, નબીઓના સરદાર ﷺની આદતોમાંથી છે કે હુઝૂર ગધેડા પર સવાર થતા, બીમારોની બીમારપુર્સી (ખબર અંતર) કરતા, જનાઝામાં સામેલ થતા, જે દિવસે યહૂદીઓના કુટુંબ 'બનૂ કુરૈઝા' પર ચઢાઈ કરવામાં આવી તે સમયે હુઝૂર એવા ગધેડા પર સવાર હતા જેના મોઢામાં એવી લગામ હતી જે ખજૂરોના પાંદડાંથી બનાવવામાં આવી હતી, અને તેના પર જે જીનની ગાદલી હતી તે પણ ખજૂરના પાંદડાંથી બનાવવામાં આવેલી હતી. *(ઝિયાઉન્નબી, ભાગ–૫, પેજ–૩૪૭)*

આજે જો આદમી ધનવાન, તવંગર થઈ જાય તો અથવા દુનિયવી કોઈ દરજ્જો મળી જાય તો આરામ પરસ્તી તથા આનંદ, ચેન, રાહતની સાથે સાથે દેખાવની એવી આદત પડી જાય છે કે બીજાઓનું કામ કરવું તો દૂરની વાત પોતાની જાતની જરૂરિયાત પૂરી કરવામાં પણ આડ અનુભવે છે. પરંતુ કુર્બાન તે સરવરે કૌનેન ﷺ પર કે જે બંનેવ જહાનના સરદાર હોવા છતાં પોતાનું દરેક કામ પોતાની જાતથી જ કરતા. આપની રફીકએ હયાત (જીવન સાથી) હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا પોતાના સરતાજની આદતોની ચર્ચા કરતાં ફર્માવે છે :–

આપણા સરકાર ﷺ પોતાનાં કપડાં જાતે જ સીવતા, નઅલેન પાક (પગરખાં) જાતે જ દુરૂસ્ત કરતા, ડોલને દુરૂસ્ત કરતા, પોતાની બકરીનું દૂધ જાતે જ દોહતા હતા અને પોતાનું કામ પણ જાતે જ કરતા હતા.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا રસૂલે મકબૂલ ﷺના સારા અખ્લાક અને અજોડ નમ્રતાના બાબતે શબ્દોનાં મોતી આ રીતે વિખેરે છે. કોઈપણ માણસ હુઝૂર પૂરનૂર ﷺને બૂમ પાડતો તે સહાબાથી અથવા એહલે બૈતમાંથી કોઈપણ પણ હોય હુઝૂર હમેશાં તેના જવાબમાં લબ્બૈક (હું હાજર છું) ફર્માવતા.

હઝરત ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ સરકારે દો આલમ ﷺની મુબારક આદતો આ રીતે બયાન કરે છે : સરવરે દો આલમ ﷺ જ્યારે ઘરમાં પ્રવેશ કરતા તો બેકાર ન રહેતા, જો કોઈ કપડાં ફાટેલ હોય તો એની સીવી લેતા, પોતાની જૂતીઓને દુરુસ્ત કરતા, કૂવામાંથી ડોલ કાઢી એને દુરૂસ્ત કરતા, પોતાની બકરી જાતે દોહતા, પોતાના અંગત કામો કરતા, ક્યારેક કાશાનાએ અકદસ (રૂમ)ની સફાઈ કરતા, પોતાની ઊંટણીને ઘાસચારો નાખતા, ગુલામની સાથે બેસીને ખાવાનુ જમતા. હઝરત આઈશા رضی اللہ عنہاની સાથે લોટ બાંધતા, બજારમાંથી પોતાની વસ્તુ પોતે જ ઉઠાવીને લાવતા.

અલ્લામા પીર કરમશાહ અઝહરી આ રિવાયતને નકલ કર્યા પછી લખે છે : આ દરેક કામ તાજદારે અરબો અજમ એટલા માટે કરતા હતા કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને નમ્રતાની રીત શિખવાડે અને અભિમાન તથા ઘમંડથી દૂર રહેવા માટેની તલ્કીન પોતાના કાર્યોથી કરે. *(ઝિયાઉન્નબી, જિલ્દ : ૫, સફા : ૩૪૬)*

દુનિયવી શાનો શૌકત રૂઆબ દબદબો માણસને અભિમાન અને ઘમંડમાં પરોવી નાખે છે અને ઘણી વખતે તેનો નશો માણસને આ બધી નેઅમતોને પ્રાપ્ત કર્યા બાદ રબ તબારક વ તઆલાનો શુક્ર કરવાને બદલે જુલ્મ અને સિતમ તથા સરકશી કરવા પર ઉત્તેજીત કરે છે, જેને આજે તમે ખુલ્લી આંખો વડે નિહારી શકો છો તથા તેનો અનુભવ કરી શકો છો. પરંતુ આ મામલામાં રસૂલે અકરમ ﷺની પવિત્ર જાત સરાપા (માથાથી પગ સુધી તમામ અંગથી) નમ્ર બનીને દુનિયાને નમ્રતાનો પાઠ શિખવાડે છે. તમોને યાદ હશે કે સરકારે દો આલમ ﷺ હજ્જતુલ વિદાઅ (છેલ્લી હજ્જ)ના માટે તશરીફ લઈ ગયા તે સમયે આપની કયાદતમાં લગભગ એક લાખ નુફૂસે કુદસિયા આપના દર્શન અને હજ્જના માટે ભેગા થયા હતા અને આ એવો ઈજતેમાઅ હતો જે મદની તાજદાર ﷺના ઈશારા પર પોતાના પ્રાણ દેવાને ગર્વ સમજતો હતો. જો રસૂલે અકરમ ﷺ ઈચ્છતા તો મોટામાં મોટી સલ્તનતનો નાશ કરી શકતા હતા, દુશ્મનો સાથે બદલો લઈ શકતા હતા, પરંતુ આટલી મોટી સેનાની સુકાની કરનાર સિપેહસાલારની શું હાલત હતી ? આપની સિરત જોવાવાળા લખે છે :–

''તે સમયે હુઝૂર ﷺ જે ઊંટ પર સવાર હતા તે

સમયે તેના પર જે સાદ (દરી) હતી તે જૂની અને ફાટેલી તૂટેલી હતી, અને જે ચાદર તેના પર નાખેલી હતી તેની કિંમત માત્ર ચાર દિરહમ હતી. આવી અદ્‌ભૂત નમ્રતા સાથે હુઝૂર ﷺ સંપૂર્ણ નમ્ર બનીને પોતાના રબની બારગાહમાં અરજ કરી રહ્યા હતા, યા અલ્લાહ ! આ હજજને હજજે મબરૂર (મક઼બૂલ) બનાવી આપ જેમાં કોઈ રિયાકારી (દેખાવ) અને નામના ન હોય. *(ઝિયાઉન્નબી, પેજ–૩૪૧)*

દુનિયાનો કોઈ બાદશાહ પોતાની ઝાતી અને સૈનિકી શક્તિ વડે કમજોર, લાચાર, મજબૂર અને અશક્ત પ્રજા પર જુલ્મના પહાડો તોડી કોઈ વિસ્તાર તથા કોઈ દેશ પર કબ્જો કરી નાખે છે તો ઘમંડ તથા અભિમાનથી છાતી ફૂલાવી માથુ ઊંચુ કરી ફરે છે, પરંતુ ફાતેહે મક્કા (મક્કા પર વિજય મેળવનાર)ની ફત્હે મક્કાના દિવસે શું પરિસ્થિતિ હતી ? મદારિજુન્નબુવ્વતમાં શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વીની જુબાન વડે સાંભળો :–

જે દિવસે મક્કા મુકર્રમા પર વિજય મેળ્યો તે સમયે ફાતેહે મક્કા ﷺએ સો ઊંટોની કુર્બાની કરી અને જ્યારે આપ મુસલમાનોના લશ્કરની સાથે મક્કામાં પ્રવેશ્યા તો નમ્રતાની એ શાન હતી કે આપનું માથુ મુબારક સાદ (જિન)ના આગલા કિનારાની લાકડીના નજીક નમેલુ હતું. જ્યારે કે બાદશાહો જીતના સમયે માથુ ઊંચુ કરી અકડી અકડીને ચાલે છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૮૨)*

રસૂલે અકરમ ﷺની નમ્રતા આમ હતી કે નાનો હોય કે મોટો, અમીર હોય કે ગરીબ, રાજા હોય કે પ્રજા દરેકની સાથે ખૂબ જ નમ્ર સ્વભાવથી વર્તન કરતા, ત્યાં સુધી કે એક છોકરો પણ આપને જ્યાં ઈચ્છતો આંગળી પકડી લઈ જતો. હઝરત અનસ رضي الله عنه રિવાયત કરે છે :

એક દિવસ સરકારે દો આલમ ﷺ પોતાના ઘણા અક઼ીદતમંદોની સાથે એક માર્ગ પર તશરીફ લઈ જઈ રહ્યા હતા, સામેથી એક વૃદ્ધાએ આવીને કહ્યું, હે અલ્લાહના પ્યારા રસૂલ ! ﷺ હું એક જરૂરતથી આપની ખિદમતમાં હાજર થઈ છું, પરેશાનોને પરેશાનીથી મુક્ત કરનાર આક઼ા ﷺએ ફર્માવ્યું, હે માં ! તમે તે જગ્યાએ કે જ્યાં તમે ચાહો બેસો, હું તમારી પાસે બેસીશ. તો એક સ્થળે તે બેસી ગઈ. હુઝૂર ﷺ ત્યાં બેસી ગયા અને ત્યાં સુધી બેસી રહ્યા જ્યાં સુધી તે સ્ત્રી પોતાની આપવીતી સંભળાવવાથી ફારિગ ન થઈ.

રસૂલે મક઼બૂલની નમ્રતાનો કમાલ જોવો હોય તો આ વાક્યો જરૂર વાંચો : એક વખતે રસૂલે અકરમ ﷺને ત્યાં થોડાક મહેમાન આવ્યા. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી દરેક એક એક મહેમાનને પસંદ કરી લે અને પોતાના ઘરે લઈ જઈ દા'વત કરે. તેમાંથી એક પોતાની શરારત (બદ્‌માશી)થી જાણીતો હતો એટલા માટે તેને કોઈએ પણ પસંદ ન કર્યો. તો બેસહારાઓનો સહારો બનીને તશરીફ લાવેલ નબીએ આખિરુઝ્ઝમાં ﷺ તેને પોતાના ઘરે લઈ ગયા અને જમાડયું. તેણે આમ વિચારીને કે ઘરના બીજા સભ્યો ભૂખ્યા રહે બધુ જ ખાવાનુ ખાઈ ગયો. હુઝૂર ﷺ તેને એક અલગ ઓરડામાં આરામદાયક બિસ્તર પાથરી આપી. પરંતુ તે ખાવાનુ પાચન ન કરી શક્યો અને આખી રાત તે જ ઓરડામાં પેશાબ પાખાનુ કરતો રહ્યો, ત્યાં સુધી કે બિસ્તર પણ ખરાબ થઈ ગયો. તે તોફાની સવારની પરોઢીએ જ નીકળી ગયો. હુઝૂર ﷺ જ્યારે તેની ખબર અંતર પૂછવા આવ્યા તો તે ત્યાં ન હતો જયાં તેને સૂવાડયો હતો. તાજદારે મદીના ﷺ અફસોસ કરવા લાગ્યા અને તેના ખરાબ કરેલ બિસ્તરને પોતે જ ધોવા માટે બેસી ગયા. એટલામાં બીજા સહાબા આવ્યા, હાલત માલૂમ કર્યા પછી ખૂબ જ ગુસ્સે થઈ ગયા તો હુઝૂર ﷺએ તેઓના ગુસ્સાની આગને ઠંડી કરી. આ તરફ તે તોફાનીને માર્ગમાં યાદ આવ્યું કે તે પોતાની કિંમતી તલ્વાર ત્યાં છોડી આવ્યો છે, તેને લેવા માટે જ્યારે તે પાછો ફર્યો તો શું જુએ છે કે ફાતેહે મક્કા પોતાના ખરાબ કરેલા બિસ્તરને પોતે જ પોતાના મુક઼દ્દસ હાથો વડે ધોઈ રહ્યા છે અને પોતાના સહાબાએ કિરામને ગુસ્સો કરવાથી રોકી રહ્યા છે ! રસૂલે અકરમ ﷺએ તેને જોઈને ખુશીથી તેની ખબર પૂછી અને તલવાર કાઢી તેને આપી. રસૂલે અકરમ ﷺની આ મુજબની મહેરબાની જોઈ અને નમ્રતાની શાનને જોઈને તેના હોશ ઠેકાણે ન રહ્યા અને તે એકદમ કલ્મએ તૈયબા પઢી મુસલમાન થઈ ગયો. *(અખ્લાકે હસના, સ. ૯૪)*

અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં દુઆ છે કે તેના પ્યારા રસૂલની નમ્રતાના સદક઼ામાં આપણને તમામને નમ્રતા સાથે જીવન જીવવાની નેક તૌફીક઼ આપે અને અભિમાન તથા ઘમંડ જેવા મનહૂસ ગુનાહોથી દરેક મુસલમાનની હિફાઝત કરે. (આમીન) યા રબ્બલ આલમીન

# જે કામ રસૂલ, સહાબા કે તાબઈને ન કર્યું હોય એ તેના હરામ હોવાની દલીલ નથી !

*-કાર્યાલય*

જ્યારે ચોમાસુ આવે અને જેમ દેડકા દ્રાઉં ! દ્રાઉં ! નો શોર કરવા માંડે છે તેમ અહલે સુન્નત વ જમાઅતનો કોઈ મુબારક દિવસ જેમ કે મીલાદુન્નબી ﷺ ૧૨ રબીઉલ અવ્વલ શરીફ કે મુહર્રમ શરીફમાં આશૂરાનો દિવસ કે ૨૭ રજબની શબે મેઅરાજ વગેરે આવે તો અગાઉથી જ નવા ધર્મ વહાબી દેવબંદીઓના સર્વ અખ્બારો જેમ કે સૂરતનું ઉમ્મીદ, યંગ વોરા બુલેટીન તથા મુજાહિદ અને અક્કલકુવાનું 'બયાને મુસ્તફા' નામનું માસિક, અંકલેશ્વરનું 'સદાએ મરકઝ' તથા તેમનાં અન્ય માસિકો, પાક્ષિકો એકી અવાજે, એકીધારો અને એક સરખો કકલાટ દ્રાઉં ! દ્રાઉં જેમ "હરામ ! નાજાઈઝ ! બિદઅત !" શરૂ કરી આપે છે. જો કે એમનો આ કકલાટ શાંત પાડવા અહલે સુન્નતના ઉલમાએ સચોટ તથા સંતોષકારક દલીલબદ્ધ જવાબો વારંવાર એમને આપ્યા છતાં આ આંખે પર્દા લગાડીને બેઠેલાઓ તેને જોઈ નથી શકતા અથવા બદ્અકીદગીના ચશ્મા પહેરી રાખીને જવાબો મૌજૂદ હોવા છતાં આંખ આડા કાન કરી આ હરામ ! નાજાઈઝ ! બિદઅત ! બિદઅત ! ની સદા લગાડયે જ જાય છે. આપણે પણ 'બરકાતે ખ્વાજા' (માસિક)માં અવાર નવાર અને ખાસ કરીને ડિસેમ્બર–૨૦૦૮ અને જાન્યુઆરી–૨૦૦૯ના અંકોમાં વિગતે જવાબો આ બાબતના આપ્યા છે, અને હાલમાં એક કિતાબ **'અહલે સુન્નતના હક્ક઼નો ચમકાર'** નામે પણ પ્રસિદ્ધ કરી છે.

આ સુન્નિયતમાંથી છટકીને ભટકી ગયેલા ભાઈઓ વહાબી દેવબંદી વગેરે પંથવાળાઓ પાસે મીલાદુન્નબી ﷺ તથા ૨૭ શબે મેઅરાજની ઈબાદતો તથા રોઝો તેમજ આશૂરા વગેરેની ન્યાઝ, ફાતેહા વગેરેના નાજાઈઝ તથા હરામ હોવાની કોઈ જ દલીલ નથી, તેઓ લઈ દઈને એક જ વાત પકડીને સર્વ બેઠા છે કે,

## વિરોધીઓએ કરેલો ગલત પ્રોપેગન્ડો

**"નબી કરીમ ﷺથી, સહાબા અને તાબઈન رضوان الله تعالىٰ عليهم أجمعين પૈકી કોઈનાથી પણ સાબિત નથી,** તેમજ કુર્આન અને હદીષમાં ક્યાંય એનો ઉલ્લેખ નથી જોવા મળતો, **આથી આ બિદઅત અને હરામ** છે." તથા **"૨૭ રજબનો રોઝો હઝરત ઉમર رضي الله عنه એ લોકોની પાસે તોડાવ્યો હતો"** એવું જણાવે છે. જેનો જવાબ અમોએ **"અહલે સુન્નતના હક્ક઼નો ચમકાર"** કિતાબમાં આપ્યો જ છે અને **અમારી ચેલેંજ છે કે આ ગપગોળો જે એમણે હઝરત ઉમર વિશે ચલાવ્યો છે તેને અહલે સુન્નતના કોઈ મોઅતબર આલિમ તથા બુઝુર્ગની કિતાબથી સાબિત કરે, નહીં તો કુર્આનમાં છે કે, "જૂઠાઓ પર અલ્લાહની લઅનત !" તેના હક્દાર બનીને રહે.**

અત્રે અમારે ખાસ ચર્ચા જે કરવી છે તે એ જ મુદ્દા પર કે આ અહલે સુન્નત વ જમાઅતની વિરુદ્ધ નવ જન્મ પામેલ વહાબી, દેવબંદી, જમાતી ફિર્કાવાળાઓ જે સુન્નીઓના મુબારક દિવસો મનાવવા તથા રાતોની ઈબાદતો વગેરેને કરવા તથા મનાવવા બાબતે કહે છે કે, એ નાજાઈઝ, હરામ તથા બિદઅત છે કેમ કે **રસૂલ, સહાબા, તાબઈન વગેરેથી સાબિત નથી,**

**કુર્આન તથા હદીષમાં ક્યાંય એનો ઉલ્લેખ નથી. એની કોઈ અસ્લ નથી, એનું કોઈ ધડમૂળ નથી....વગેરે.**

## પ્રોપેગન્ડાનો રદિયો હદીષોની રોશનીમાં

દારકુત્નીએ અબી ષઅલ્બાથી રિવાયત કરી કે ફર્માવ્યું નબી ﷺએ કે, **"અલ્લાહ તઆલાએ ફર્ઝ કરી અમુક ચીજો એને ન વેડફો, અને હરામ ઠરાવી અમુક ચીજો એની હુર્મત ન તોડો (એનાથી બચો), અને બાંધી છે હદો એ હદોથી આગળ ન વધો. અને મૌન અપનાવ્યું અમુક ચીજોથી તે જાણવા છતાં તેમાં બહષ ન કરો."** *(મિશ્કાત, બાબુલ એઅ્તિશામ બહવાલા અન્વારે સાતિઆ–૮૦)*

અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો કે, "જે અલ્લાહ તઆલાએ હલાલ કર્યું તે હલાલ છે અને જે હરામ કરી આપ્યું તે હરામ છે અને **જેમાં મૌન અપનાવ્યું અને કાંઈ બયાન નથી કર્યું તે માફીમાં છે.** એટલે કે એના પર અલ્લાહ તઆલા તરફથી કોઈ પકડ (પૂછતાછ) થશે નહીં. *(મિશ્કાત બાબુમ્મા યુહિલ્લુ અકલહૂ બહવાલા અન્વારે સાતિઆ)*

આ હદીષોથી ઉલમાએ એક **અસ્લે અઝીમ (મહાન અસ્લ-દલીલ)** પેદા કરી છે કે, **"મૂળ ચીજમાં મુબાહ હોવુ છે.** જેથી જાણવા મળ્યું કે **જે ચીજમાં અલ્લાહ વ રસૂલ તરફથી મૌન દર્શાવાયેલ હોય** (કોઈ હુકમ ન હોય) **તેને મુબાહ જાણવું જોઈએ, ન બિદઅત ન મકરૂહ ન હરામ."**

હદીષોથી સાબિત થયું કે વિરોધીઓની નાજાઈઝ, હરામ, બિદઅત તથા બેઅસ્લ અને ધડમૂળ વિનાનું હોવાની બૂમો ખોટી છે. આવો ! વધુ એક વાત જોઈ લઈએ.

## દેવબંદીઓ સાચા હોય તો તક્લીદ પણ છોડી દે !

શાહ વલીયુલ્લાહ સાહબ رحمۃ اللہ علیہ (જેમના મસ્લક પર ચાલવાનું દેવબંદી ખૂદ કહે છે તે) 'મુસફ્ફા શર્હે મુઅત્તા તતવ્વુઅ કૂબ્લિ ઈદ'માં લખે છે : **"જો કોઈ સારા કામને (કરે એને) હઝરત ﷺએ ન કર્યું હોય એ કરાહતની દલીલ નથી બની શકતી."**

એ જ પ્રમાણે તક્લીદે શખ્સીને દેવબંદીઓ પણ **વાજિબ** માને છે, એ પણ કુરૂને ષલાષા (રસૂલ, સહાબા તથા તાબઈનના જમાના) પછી થયું. એના બારામાં હઝરત શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہની જ કિતાબથી દલીલ જોઈ લો. હુજજતુલલ્લાહુલ બાલિગ઼ામાં આપ લખે છે : (સારાંશ) **"હિજરી સનની ચોથી સદી સુધી પણ લોકો (હનફી, શાફઈ, માલિકી કે હંબલીમાંથી) કોઈ એક મઝહબની તક્લીદ પર જમા થયા ન હતા.** જ્યારે મસ્અલો ઉદ્ભવતો તો **મઝહબની નિશ્ચિતતા વિના કોઈ પણ મુફ્તીને પૂછી લેતા.** સારાંશ કે **ચાર મઝહબમાંથી કોઈ એકની તક્લીદ વાજિબ હોવાનો ઈજમાઅ રસૂલ, સહાબા તથા તાબઈનના જમાનાના ઘણા બાદમાં થયો.** *(અન્વારે સાતિઆ, પેજ–૮૧)*

તો હવે દેવબંદીઓના ક઼ાયદા પ્રમાણે તો તેઓ જે પોતાને હનફી કહી રહ્યા છે અને વાજિબ જાણીને તક્લીદ કરી રહ્યા છે એ પણ હરામ ! નાજાઈઝ ! તથા બિદઅત છે.

## વિરોધીઓની જ કિતાબોથી તેમની ગલત માન્યતાનું ખંડન !

અન્ય બુઝુર્ગોની વાતો તો આ હઠે ચઢી ગયેલા દેવબંદીઓ કદાચ ધ્યાનમાં ન લે પણ જેમને તેઓ પ્યારા પેશવા માને છે એ જ દેવબંદીઓના મોલ્વીઓની કિતાબોના હવાલા થકી જાણી લો કે જે એવું કહે કે, "રસૂલ, સહાબા તથા તાબઈને નથી કર્યું તથા નથી વર્ણવ્યું જેથી એ કામ હરામ, નાજાઈઝ અને બિદઅત છે" તેના વિશે તો તેમના પેશવા કેટલી ચોખ્ખી વાતો કરે છે ! હવે તો માનો કે અમે ખતા પર છીએ !

**દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી** લખે છે : "જનાબ રસૂલુલ્લાહ ﷺ તથા સહાબા

رضوان الله تعالیٰ علیہم اجمعین ના કથન કે અમલનું ન હોવું કોઈ કથન કે અમલના નાજાઈઝ હોવાની દલીલ નથી. હુકમ ન હોવા માટે દલીલની જરૂરત છે. જાણકારીનું ન હોવું પૂરતુ નથી." *(બહવાલા મૌલાના ઈસ્માઈલ ઔર તક્વિયતુલ ઈમાન, પેજ–૧૦૮)*

**મોલ્વી રશીદ અહમદ ગંગોહી દેવબંદી** જણાવે છે : "નાજાઈઝ હોવા માટે એ દલીલ નથી કે કોઈએ કુરૂને ખૈર (રસૂલ, સહાબાના જમાના)માં એને નથી કર્યું." અને "જાઈઝ તથા નાજાઈઝમાં જાઈઝ હોવા તરફ જવું જોઈએ." *(ફતાવા રશીદિયહ્, પેજ–૨૨૮)*

**જનાબ કારી મુહમ્મદ તૈયબ માજી મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ**ની સાંભળો ! તે પણ કહે છે : "વર્ણન થયેલ ન હોવાનો અર્થ તદ્દન જ જાઈઝ ન હોવાનો નથી. વર્ણન ન હોવું એ વસ્તુ ન હોવાનો આધાર નથી. વર્ણન ન હોવાનો અર્થ દુનિયામાં ક્યાંય પણ નકાર તથા મનાઈનો નથી થતો." *(કલિમાએ તૈયબહ, પેજ : ૯૧–૫૭–૪૮)*

## નાજાઈઝ કહેવા માટે નસ (શરઈ દલીલ) જોઈએ અને એ જિમ્મેદારી નાજાઈઝ કહેનાર પર છે

**'ફુયૂઝુલ બારી'ના લેખક લખે છે :** "જ્યારે કોઈ વ્યક્તિ કોઈ ચીજને મના તથા ઈન્કાર કરે અને તેને હરામ તથા મકરૂહ અને નાજાઈઝ કહે, તો સાંભળો ! જાણી લો ! સાબિત કરવાના બોજાની જિમ્મેદારી તેના માથે છે, જ્યાં સુધી ઉઘાડી શરઈ દલીલ વડે સ્પષ્ટ ન કરી આપે ત્યાં સુધી એનો દાવો એના પર મરદૂદ. અને જાઈઝ તથા મુબાહ કહેનાર એનાથી મુક્ત છે કે એના માટે અસલથી દલીલ મૌજૂદ છે. **આ કાયદો કુર્આની દલીલ, નબવી હદીષો તથા હનફી, શાફઈ વગેરે મહાન આમ ઉલમા તથા ઈમામોના ખુલાસાઓથી સાબિત છે. એટલે સુધી કે કોઈ આલિમ એમાં વિરોધ કરતો નથી જોવા મળ્યો.** *(ફુયૂઝુલબારી, પેજ–૩/૨૧૯)*

**મિયાં નઝીરહુસૈન દહેલ્વી (દેવબંદી)નું એક કથન જુઓ :** "અને બેભાન ! મૂર્ખ ! ખુદા તથા રસૂલ ﷺનું **જાઈઝ ન કહેવું** અલગ વાત છે અને **નાજાઈઝ કહેવું** જુદી વાત છે. એ તો બતાવો કે તમે જે નાજાઈઝ કહો છો તેને ખુદા વ રસૂલે નાજાઈઝ ક્યાં કહ્યું છે ?!" *(ઈક઼ામતુલ ક઼િયામહ્, પેજ–૨૯)*

**'ફુયૂઝુલ્‌બારી'**માં છે : "જે શખ્સ કોઈ વાતનો દાવેદાર હોય તો તેને સાબિત કરવાની જિમ્મેદારી તેના માથે છે. પોતે પોતાના દાવાની સાબિતી ન આપે અને બીજા લોકોથી ઉલ્ટી સાબિતી માંગતો ફરે તે પાગલ તથા ગાંડો કહેવાય છે અથવા ધોકાબાઝ ફિત્નાખોર. *(ફુયૂઝુલ બારી, ૩/૨૨૦, બહવાલા બિદઅત કી હકીક઼ત, પેજ–૧૨૯, ૧૩૦, અલ્ મજમઉલ મિસ્બાહી, મુબારકપુર)*

હવે તો ઉઘાડા સૂરજ જેમ રોશન થઈ ગયું કે રસૂલ, સહાબા કે તાબઈને નથી કર્યું તો તે તેના હરામ કે નાજાઈઝ હોવાની દલીલ નથી.

## શું આ કામો રસૂલ, સહાબા તથા તાબઈને કરેલાં ?!

જો એવું જ હોય કે જે કામો રસૂલ, સહાબા તથા તાબઈને નથી કર્યાં તે હરામ તથા નાજાઈઝ છે, તો આ કામો વિશે શું કહેશો ? કે દર વરસે તારીખ નિશ્ચિત કરી દસ્તાબરંદીના જલસા કરવા, સનદો આપવી, દર મહિને નિશ્ચિત તારીખે માસિકો બહાર પાડવાં, કોમ્પ્યુટર પર તથા પ્રેસોમાં કિતાબો છપાવવી, પગારોથી મુદર્રિસો રાખવા, ચંદા માટે ચોપડીઓ લઈને ફરવું, સ્વાતંત્ર્ય દિને રાષ્ટ્રધ્વજ ફર્કાવી મદ્રસામાં મોલ્વી તથા તલબા સૌએ સલામી આપવી, બુખારી શરીફનો ખતમ રાખવો, હદીષ શીખવા ઈલ્મે સરફ તથા નહ્‌વની તા'લીમ, હજ્જ કમિટી બનાવવી, ડ્રો કરી હાજીઓની જાહેરાત કરવી, પાસપોર્ટ બનાવી હજ્જમાં જવું, અઠવાડિયુ, મહિનો, છ મહિના, ૪૦ દિવસના ચિલ્લામાં ધંધો નોકરી છોડી જવું, કોમી એકતાના નામે બિનમુસ્લિમોના ધાર્મિક સરઘસનું સ્વાગત કરી મહારાજોને ફૂલ હાર પહેરાવવા (જેમ કે જમિયતુલ ઉલમાએ દેવબંદના

મૌ. અ.અહદ તારાપુરી કરે છે) તથા શાલ ઓઢાડી ગૈરોના ધર્મગુરૂની તા'ઝીમ (સન્માન) કરવું જેમ કે માજી પ્રમુખ આં જહાની અસદ મદની તથા તેમના પુત્ર મૌ. મેહમૂદ મદનીએ કર્યું હતું. દેવબંદ મદ્રસાની શતાબ્દી મનાવવી તેમાં આં જહાંની ઈંદિરાગાંધીને મંચ પર બોલાવી ખુરશી પર બેસાડી તેણીના પગોમાં મોલ્વીઓનું બેસવું....વગેરે, (ત્યાં શિર્ક, નાજાઈઝ ન સુઝયું ?!) અસંખ્ય કામો જેમ કે મસ્જિદોના મોટા મોટા મીનારા બનાવવા તથા તેના ગુંબદો બનાવવા, મસ્જિદોમાં એરકંડિશન લગાડવાં, જાજમો બિછાવવી....વગેરે અસંખ્ય આવાં કામો જે આજે સૌ દેવબંદી કરી રહ્યા છે તો તે રસૂલ, સહાબા તથા તાબઈને ક્યારે કર્યા ?! ત્યારે તો આ બધું હતું જ નહીં ! એ બધું કઈ રીતે તમે જાઈઝ કરી લીધું ? અને રસૂલે પાક ﷺની શાન દર્શાવતા કોઈપણ કામમાં તમને નાજાઈઝ, હરામ, શિર્ક, બિદઅત દેખાવા માંડે છે ?!

## અહલે સુન્નત હક્કને હક્ક અને નાજાઈઝને નાજાઈઝ કહે જ છે !

હા ! ઉલમાએ અહલે સુન્નત કોઈપણ તહેવાર કે પ્રસંગમાં જે કોઈ નાજાઈઝ કામો કરતા હોય તેને નાજાઈઝ જ કહે છે, જેમ કે બેન્ડબાજા વગાડવા, ફટકાડા ફોડવા....વગેરે હરામ તથા નાજાઈઝ છે જ, ભલે તેને ગમે તે માણસ ગમે તે બહાને કરે. કેટલાક જાહિલો ફટકાડા ફોડવા બાબતે દલીલ કરે છે કે "અજમેર શરીફમાં જુમ્આની નમાઝની શરૂ તથા અંતમાં એલાન માટે તોપ ફૂટે છે તો અમે પણ એલાન માટે ટોટા ફોડીએ છીએ !" તો યાદ રાખો આપણા ઉલમા ફર્માવે છે કે **શાદી પ્રસંગે હવામાં ગોળીબાર કરી શાદીનું એલાન જાઇઝ છે, કેમ કે બંદૂક ફોડવામાં મુસ્લિમોનો ગૈરો પર પ્રભાવ ઉભો થાય છે, તે જ રીતે તોપ પણ પ્રભાવ ઉભો કરે છે કે જે બહાદુરોનું કામ છે, જેનાથી તેમની ધાક બેસશે.** પણ ફટકાડા ફોડવામાં એ વાત નથી, બલ્કે એ યહૂદી, ઈસાઈ તેમજ મુશ્રિકોનું કામ છે જેમ કે તેઓ ક્રિસમસ તથા અન્ય તહેવારો તેમજ મનોરંજનના પ્રોગ્રામોમાં ફોડે છે, અને એ એક જાતની ફુઝૂલખર્ચી છે. આજે કેટલાક ઠેકાણે શાદીમાં તેમજ મીલાદુન્નબી ﷺના પ્રસંગે કે **ઉર્સના જુલૂસમાં** કે પોતાના **પીરના સ્વાગતમાં** ખૂબ લાંબી હારમાળામાં ફટાકડા ફોડાય છે ! જ્યારે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہએ કહ્યું છે, **"ફટાકડા ફોડનારા શૈતાનના ભાઈ છે !"** કેમ કે એ ફુઝૂલખર્ચી છે અને **ફુઝૂલખર્ચી કરનારાને કુર્આનમાં શૈતાનના ભાઈ** કહ્યા છે. તો જે એવું કરી સુન્નિયતને બદનામ કરતા હોય તેઓ ખુદારા એ વાતોથી હવે પરહેઝ કરે." 'તાઝીયાદારી'ને પણ અહલે સુન્નતના ઉલમાએ હરામ જાહેર કરેલ છે, કોઈપણ સુન્ની મોઅતબર આલિમની કિતાબમાં એને જાઈઝ નથી કહ્યું બલ્કે એ શીઆઓનું દુષ્કૃત્ય છે જે અમુક જાહિલ સુન્નીઓ લઈ બેઠા છે. જુલૂસોમાં કે મેળાવડામાં ઔરત મર્દોની ભેળસેળ હરામ છે એમાં કોઈ બેમત નથી, તો આ બધી ચીજોથી દૂર રહેવું જોઈએ અને તિલાવતે કુર્આનની મજલિસ, ઝિક્રની, દુરૂદની, નઅતની મજલિસ, સહીહ રિવાયતો સાથે બયાનાતના ઈજતેમા તથા જલસા, હુઝૂર ﷺની તથા અહલે બયતની શાનમાં કર્બલાના બયાનમાં સહીહ રિવાયતો વર્ણન કરવી, ગરીબોને ખૈરાત કરવું, રોઝા રાખવા, શરબત તથા ખાવા વગેરેની નિયાઝ કરવી વગેરે જાઈઝ કામો કરવાં, નમાઝો પઢવી, નફ્લો પઢવા જેમ કે મોટાભાગે સુન્નીઓમાં થાય છે એ સૌ જાઈઝ છે. એવાં કામો કોઈના કહેવાથી નાજાઈઝ કે હરામ નથી થઈ જતાં.


**SMS કરી કે પોસ્ટકાર્ડથી મંગાવો**

કિતાબ : **નબી પાક ﷺના શરીરને પડછાયો ન હતો**

**લેખક** : રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

**પ્રકાશક** : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧) **દીની કિતાબો મંગાવો, વાંચો વંચાવો. ઈલ્મે દીનનો ખૂબ ફેલાવો કરો.**

–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

# સ્ત્રી શોષણથી મુક્તિનો શ્રેષ્ઠતમ માર્ગ.....

# ઈસ્લામ !

-કાર્યાલય

આજે વિશ્વભરમાં પશ્ચિમી દેશો થકી અવાર નવાર ઈસ્લામ વિરુદ્ધ વિવિધ પ્રોપેગન્ડા થતા રહે છે. મીડિયા પર તેમનો કન્ટ્રોલ છે અને તે સતત ઈસ્લામ અને તેના કાનૂનો વિરુદ્ધ બકવાસ કરતું રહે છે. ૯/૧૧ના બનાવ બાદ યૂરોપ અમેરિકામાં ઈસ્લામનો અભ્યાસ કરનારાઓની સંખ્યા ખૂબ વધી ગઈ અને ઘણા લોકો ખાસ કરીને સ્ત્રીઓનું ઈસ્લામ સ્વીકારવાનું પ્રમાણ ખૂબ ઊંચુ જવા લાગ્યું તો વિશ્વની સ્ત્રીઓને ભડકાવવા પશ્ચિમી દેશોએ નવુ સૂત્ર વહેતુ કર્યું કે ઈસ્લામ સ્ત્રીનું શોષણકર્તા ધર્મ છે, એમાં તેણીને આઝાદી નથી, તેણીને પૂરતા હક્કો નથી આપતો, તેણીને બુરખામાં બંદી કરી ઘરની ચાર દિવારીમાં કેદ રાખી છે.... વગેરે

## ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીની કફોડી હાલત

જાહેલિયતના (ઈસ્લામ પહેલાંના) જમાનામાં લોંડીઓ વેશ્યાગીરીનો ધંધો જાહેરમાં અપનાવતી હતી. મોટા મોટા રઈસ ખાનદાન પોતાની જુવાન અને ખૂબસૂરત લોંડીઓને એ મતલબના માટે વાપરતા હતા. એમને અલગ મકાનમાં રાખવામાં આવતી જેને 'મવાખીર' કહેવામાં આવતું હતું. દરેક પર ઝંડો લહેરાયેલો રહેતો અને એ લોંડીનું વેશ્યાખાનું એના માલિકના કબીલાના નામથી પ્રખ્યાત થતું.

ઈમામ ઈબ્ને જરીર અતાથી નકલ કરે છે કે જાહિલિયતના જમાનામાં દરેક કબીલા અને ખાનદાનની લોંડીઓ રાખવામાં આવતી હતી જે એમની તરફ સંબંધિત થતી. કહેવામાં આવતું કે આ ફલાણા કબીલાની રંડી છે, આ ફલાણા કબીલાની રંડી છે. એમના દરવાજાઓ પર ઝંડાઓ લગાડેલ રહેતા. ઈમામ ઈબ્ને જરીરે એ વિવિધ ઝંડાઓવાળીઓમાંથી નવનાં નામ પણ લખ્યાં છે અને એમના કબીલાની વાત પણ કરી છે. બેહયાઈની એ હાલત હતી કે ન એ વાત એબદાર ગણાતી હતી, ન એમની પાસે કોઈનું આવન જાવન બદનામીનું કારણ ગણાતું હતું.

એમના સિવાય વિવિધ બીજી સ્ત્રીઓ પણ હતી, જેઓ આ ધંધો ઉઘાડે છોગે કર્યા કરતી, કેટલાય લોકો એમની સાથે શાદી કરી લેતા જેથી એમની હરામ કમાણીથી એશ કરે. *(ઈબ્ને જરીર)*

## મદીનામાં હુઝૂરના આગમન પહેલાં સ્ત્રીઓની હાલત !

મદીનાની પરિસ્થિતિ પણ મક્કાથી કાંઈ જુદી ન હતી, ત્યાં એનો બધાથી મોટો કારોબાર કરનાર ખૂદ અબ્દુલ્લાહ બિન ઉબય હતો જેને અવસ તથા ખઝરજના કબીલાઓ પોતાનો બાદશાહ નક્કી કરનાર હતા. અને જ્યારે હુઝૂર મદીના તૈયબહમાં તશરીફ ફર્મા થયા, ત્યારે એના માટે સોનાનો તાજ સોનીની પાસે તૈયાર થઈ રહ્યો હતો. **આ મર્તબાનો માણસ ત્યાં બધાથી મોટો હરામકાર હતો !** તેણે પોતાના ચકલામાં છ નવજવાન અને ખૂબસૂરત લોંડીઓ રાખેલ હતી અને એમનામાંથી દરેકના માટે એક નક્કી કરેલ રકમનું કમાવું દરરોજ જરૂરી હતું. જો કોઈ લોંડી નક્કી કરેલ રકમ ન આપતી તો એને મારપીટ કરવામાં આવતી અને નક્કી કરેલ રકમ પૂરી કરવા પર મજબૂર કરવામાં આવતી. આ સાહેબો આ લોંડીઓથી માત્ર દોલત જ ન કમાયા કરતા બલ્કે રાજકીય ફાયદાઓ પણ પ્રાપ્ત કરતા. અરબ કબીલાઓનો કોઈ રઈસ જો યષરબ આવતો તો તે પોતાની એક લોંડી મઆઝાને રાતવાસાના માટે એની પાસે મોકલી દેતો જેથી તે ઈબ્ને ઉબયના એહસાનને હમેશાં યાદ રાખે અને જરૂરતના સમયે તે એને પોતાના રાજનીતિક ઈરાદાઓની પરિપૂર્ણતા માટે ઉપયોગ કરી શક્તો.

અલ્લામા ઈબ્ને કષીર, અલ્લામા આલૂસી અને બીજા મુફસ્સિરીને સ્પષ્ટતા કરી છે કે :–

**(અર્થ)** : જેથી આજ લોંડી મઆઝા એક દિવસ કંટાળીને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની પાસે આવી અને પોતાના ગમની કહાની સંભળાવી. આપે

બારગાહે રિસાલતમાં એની ગુઝારિશ પેશ કરી તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું, એને આપના કબ્જામાં લઈ લો. અબ્દુલ્લાહ બિન ઉબય બદ્‌કારને ખબર પડી તો એણે મોટો શોર મચાવ્યો કે જુઓ ! હવે હુઝૂર ﷺ અમારી લોંડીઓને પણ પોતાના કબ્જામાં લઈ રહ્યા છે ! એ સમયે નિકાહ બાબતની આયત નાઝિલ થઈ. આ રીતે **કાનૂની રીતે વૈશ્યાગરીની ખરાબી ઈસ્લામી માહોલથી ખતમ કરી દેવામાં આવી**, જેને યૂરોપમાં આજે પણ કાનૂનની પીઠબળનું સમર્થન પ્રાપ્ત છે.

અલ્લામા કરતબી رحمۃ اللہ علیہ લખે છે કે એક તો તેઓ ઝિનાની રકમ વસૂલ કરતા હતા. બીજુ જો એ લોંડીથી ઔલાદ થતી તો એને પોતાની ગુલામ બનાવી લેતા અને એને વેચીને કિંમત વસૂલ કરતા. અને જો વ્યભિચારી કબીલાનો કોઈ રઈસ હોતો અને એના ગર્ભથી કોઈ બાળ ક જન્મ પામતું તો તે એ લોંડીને એકસો ઊંટ ફિદિયા તરીકે અદા કરીને પોતાના બાળકને લઈ જતો અને લોંડી તે સો ઊંટ પોતાના માલિકને આપી દેતી.

આ રીતે ઘણી જ બેશર્મીથી તે દૌલત કમાવવામાં લાગેલા રહેતા. કુર્આની આયતમાં એવી કમાઈને હરામ ગણાવવામાં આવી છે. હુઝૂર સરવરે આલમ ﷺએ પણ સાફ શબ્દોમાં ફર્માવી દીધું છે કે, "ઝિનાકારીની કમાઈ નાપાક છે." *(હવાલો : માહનામા જામિઆ, રૌનાહી, યુ.પી., ઓગસ્ટ-૨૦૦૪)*

હવે આવો ! ઈસ્લામ વિરુદ્ધ થતા આ પ્રોપેગન્ડાઓ (દુષ્પ્રચાર)માં કેટલું તથ્ય છે તેને ઈતિહાસની રોશનીમાં જોઈ લઈએ. એક નિષ્પક્ષ ગૈર મુસ્લિમ સ્ત્રીનો રિપોર્ટ વાંચી લો :-

## ગૈર મુસ્લિમ સ્ત્રીનો એકરાર

"મુહમ્મદ ﷺના આગમન થતા પહેલાં (ઉપર વર્ણવ્યું તેમ) સ્ત્રી સમાજમાં એકદમ હલકી માનવામાં આવતી હતી. તેણીની સ્થિતિ નિર્જીવ ચીજની જેમ હતી અને આ બધું યહૂદી પાદરીઓની તાલીમનો પ્રભાવ અને પરિણામ હતું. બેઈજ્જતી તેણીનું નસીબ બની ચૂકી હતી. તેણી ઘરના અન્ય સામાનોની જેમ એક હાથમાંથી બીજા હાથમાં ફરતી રહેતી હતી અને મરનારના વારસદારો જે રીતે ઈચ્છતા તેણીથી લાભ ઉઠાવતા. તેણીની રક્ષા તથા દેખરેખની કોઈ વ્યવસ્થા ન હતી. કોઈ કાનૂન એવો ન હતો જે તેણીનું રક્ષણ કરે. વારસામાં તેણીના માટે કોઈ હિસ્સો ન હતો. નબી અકરમ ﷺને સ્ત્રીની આ મઝલૂમિયત (જુલ્મ વેઠતી સ્થિતિ) કોઈ કાળે માન્ય ન હતી. તેમણે આ નિરાધાર મખ્લૂકને બેઈજ્જતીના સ્થાનેથી ઉઠાવીને પુરૂષોની લગોલગ ઈજ્જત તથા સન્માનના સ્થાને ઉભી કરી અને પુરૂષ તથા સ્ત્રી વચ્ચે સમાનતાની તાલીમ આપી. તેમણે પુરૂષોના શયનકક્ષમાં સ્ત્રીઓના અમર્યાદિત પ્રવેશ પર પાબંદી લગાડી. તેમણે નિકાહના સંબંધને પવિત્રતા આપી અને સ્ત્રીને વારસાના તથા 'ખુલઅ'ના હક્કો અતા કર્યા. પુરૂષ પર સ્ત્રીના ભરણપોષણની જિમ્મેદારીઓ નિયુકત કરી. તે ઉપરાંત આં હઝરત ﷺએ યતીમો, લાચારો અને વિધવાઓના ભરણ પોષણ કરનારાઓ અને તેમની મદદ કરનારાઓને ખુદાને ત્યાં મહાન બદલાના હક્કદાર ઠરાવ્યા. હુઝૂરે સંસ્કૃતિની પ્રગતિમાં સ્ત્રીઓની સેવાઓને સંપૂર્ણપણે સ્વીકારી. અને એ કારણે તેમની આધ્યાત્મિક તથા અખ્લાકી (સંસ્કારિક) પ્રગતિને ઈસ્લામી કાયદામાં ખૂબ જ પ્રમાણમાં મહત્વ આપ્યું.

એ દૌરમાં જ્યારે હુઝૂર દુનિયામાં તશરીફ લાવ્યા તો દુનિયાની રીત ભાતમાં અસામાન્ય ક્રાંતિ હતી. અને તેનાથી જે ફેરફારો થયા તેને કોઈપણ યુગમાં ભૂલાવી શકાય તેમ નથી. *(મિસ નિલવરી, મુસ્લિમ વર્લ્ડ, ન્યુયોર્ક, જાન્યુ.૧૯૪૦)*

## યૂરોપ અમેરિકાની કલબો તથા વૈશ્યાઘરો સ્ત્રી શોષણનાં પ્રતીક !

પશ્ચિમીઓ કહે છે કે ઈસ્લામે સ્ત્રીને લોંડી બનાવીને, ગુલામડી બનાવીને, બંદી બનાવીને રાખી છે, તો એ વાતનું ખંડન તો તમે વાંચ્યું અને હજી વાંચશો, પણ ઈન્સાફથી બતાવો કે જે કામો જાહિલિયતના (ઈસ્લામ પહેલાંના) યુગમાં થતાં હતાં તે આજે યૂરોપ અમેરિકા વગેરે ગૈર ઈસ્લામી હુકૂમતવાળા દેશોમાં થઈ રહ્યાં છે કે નહીં ?

સ્ત્રીને વૈશ્યા કોણે બનાવી ? વૈશ્યાઘરોની ક્યાંથી

શરૂઆત થઈ ? બાર ડાન્સ ગર્લ્સ કોની ઉપજ છે ? મોડેલ બની અંગ પ્રદર્શન કરી પબ્લિક સામે ચાલવું એ કોણે કાઢયું ? સ્ત્રી શા માટે વૈશ્યા બની ? એબોર્શન (ગર્ભના નાશ)ની પદ્ધતિ કોણે શોધી ? સ્ત્રીઓએ એબોર્શન શા માટે કરાવવું પડે છે ? આના જવાબો શોધતા ચાલો તો સમજાય જશે કે સ્ત્રી શોષણ કયાં થાય છે !

ઈસ્લામમાં તો પર સ્ત્રી પર નજર કરવી જ હરામ છે. તેને સ્પર્શવું તો દૂરની વાત છે એટલે એ વાત તો નક્કી કે **ઈસ્લામી દેશોમાં વૈશ્યાગીરીની શરૂઆત તથા ડાન્સ કલબો સ્થપાઈ જ ન હતી.** હિંદુસ્તાનની પૂરાણી સંસ્કૃતિ પણ એકંદરે સ્ત્રીની માન મર્યાદાનો ખયાલ રાખનાર રહી છે જેથી **સાફ જાહેર થાય છે કે યૂરોપ અમેરિકાના દેશોએ સૌ પ્રથમ સ્ત્રીને વૈશ્યા બનાવી, વૈશ્યા ઘરો બનાવ્યાં, ડાન્સ કલબો બનાવી.** વૈશ્યાઘરો એટલા માટે છે કે જ્યાં પુરૂષો પોતાની વાસના અમુક રકમ આપીને ત્યાંની સ્ત્રી સાથે સંતોષી આવે. એટલે પુરૂષના આનંદ માટે ભાડુતી સ્ત્રીઓ ત્યાં આ સેવા બજાવે છે ! હવે અમને બતાવો કે લોંડી કઈ બલાનું નામ છે ? ગુલામડી બીજી કઈ બલા છે ? હાલમાં તેને રૂડુ રૂપાળુ નામ "સેક્સ વર્કર" કહેવામાં આવે છે, અને એ દેશોમાં આ સરકારમાન્ય પ્રમાણિત ધંધો છે ! જેના પર ટેકસો લગાડી લાખો પાઉન્ડ ડોલર ત્યાંની ગવર્નમેન્ટો કમાણી કરે છે. જ્યાં લાચાર સ્ત્રીઓ પૈસાને ખાતર મજબૂર થઈ પોતાની ઈજ્જત આબરૂના સોદા કરે છે એ દેશો કયા મોઢે કહી શકે છે કે એમણે સ્ત્રીને ઈજ્જત આપી, આઝાદી આપી !

જો આ દેશો ખરેખર સ્ત્રી આઝાદીમાં માને છે અને સ્ત્રીને સન્માન આપે છે તો સૌ પ્રથમ સર્વ વેશ્યાગૃહો બંધ કરાવી આપે, તે તેણીઓને યોગ્ય પુરૂષો સાથે પરણાવી આપે અને તેમની રોજી રોટીનો પૂરતો બંદોબસ્ત કરી આપે. નહીં તો પોતે મહા જાલિમ હોવા છતાં અન્યો પર સ્ત્રી પર જુલ્મ કર્યાનો આક્ષેપ ન બાંધે.

## દુનિયાને ઊંધા ચશ્મા !

હવ એ પણ સમજી લો કે અમેરિકીઓ તથા પશ્ચિમીઓએ સ્ત્રીને માં, બાપ, ભાઈ, બહેન, પતિ કે પુત્ર પુત્રીઓની, ખાનદાનવાળાઓની સેવામાંથી બહાર કાઢીને એર હોસ્ટેસ, સેલ્સ ગર્લ, સેક્રેટરી, રિસેપ્શનિસ્ટ.... વગેરે બનાવી કે તેણીએ ગ્રાહકો સાથે ફરજીયાત હસીને વાત કરવી, સારી રીતે વર્તી તેમને ખુશ કરી દેવા, તેમની સેવા ચાકરી કરવી. શું આ લોંડીપણુ નથી ?! ઘરમાં પોતાની ઔલાદ, પોતાના પતિ, પુત્રો પુત્રીઓ, ઘરવાળાંઓ, માં બાપની સેવા કરવા રહે ત્યારે લોંડી, ગુલામડી, ચાર દિવાલની જેલમાં કેદી કહેવાય અને પરાયા બદનઝર કરનારા પુરૂષોની કે બોસની સેવા કરે તો તેને આઝાદી કહેવાય ?! શું ધોકો પબ્લિક સાથે થઈ રહ્યો છે ! પછી બહાર નીકળ વાથી અન્ય આડા સંબંધોની જે ખરાબીઓ અને તેમાંથી મુસીબતો ઉભી થાય તે વધારાની ! છતાં એનું નામ સ્ત્રી આઝાદી ! અને ઘરમાં ઈજ્જતથી રહે તો તેને સ્ત્રી શોષણ કહેવાય ! આ કઈ બાજુનું ગણિત છે ?! અરે ! હદ તો એ છે કે કહેવાય છે કે હવે પશ્ચિમી હોસ્પિટલોમાં દર્દીની સારવાર કરવા એવી પણ નર્સો રાખવામાં આવે છે કે દર્દીને સેક્સની ઈચ્છા થાય તો તે પણ પૂર્ણ કરી આપે ! અને એને એક પ્રકારની દર્દીની ટ્રીટમેન્ટમાં ગણવામાં આવે છે ! બતાવો, ક્યાં છે સ્ત્રીની ઈજ્જત ? સ્ત્રીનો શો ઉપયોગ થઈ રહ્યો છે ?!

## સ્ત્રીની ઈજ્જત તથા કાળજી માટે ઈસ્લામી આદેશો

રબ તઆલાએ સ્ત્રીઓના ભરણપોષણની જિમ્મેદારી પુરૂષોના માથે રાખી છે જેથી તેણીએ કોઈ બોસના હાથ નીચે પર પુરૂષોની સાથે સેલ્સ ગર્લ કે સેક્રેટરી બનીને ન રહેવું પડે. સાંભળો !

"પુરૂષ ઉપરી (નિગરાં) છે સ્ત્રીઓ પર, એટલા માટે કે અલ્લાહે એમનામાં એકને બીજા પર ફઝીલત (શ્રેષ્ઠતા) આપી, અને એટલા માટે કે પુરૂષોએ તેણીઓ પર પોતાના માલ ખર્ચ કર્યા. તો સદ્નસીબ સ્ત્રીઓ અદબવાળીઓ છે." *(સૂરએ નિસાઅ, આયત–૩૪)*

બીજે ઠેકાણે સ્ત્રીના હક્કને પુરૂષ પર ફર્ઝ ઠરાવતાં રબ તઆલા ફર્માવે છે :–

"અને સ્ત્રીઓનો હક્ક઼ (પુરૂષો પર) એવો જ છે જેવો કે એમના પર શરીઅત મુજબ, અને પુરૂષોને એમના પર ફઝીલત છે." *(સૂરએ બકરહ્, આયત–૨૨૮)*

બતાવો ! કોઈ મઝહબ પણ સ્ત્રીની ઈજ્જત કરવાનો આવો પણ હુકમ આપે છે ? આજે તો પર સ્ત્રીના સૌંદર્યના નઝારાને તાકીને આનંદ માણવાનું સામાન્ય છે. એને કોઈ જાણે બુરુ નથી જાણતું ! પણ સાંભળો ઈસ્લામ શું કહે છે ? રબ તઆલા ફર્માવે છે :–

"મુસલમાન પુરૂષોથી કહી દો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાની શર્મગાહોની હિફાઝત કરે, આ એમના માટે ઘણુ જ સુથરુ છે. બેશક ! અલ્લાહને એમના કામોની ખબર છે." *(પારા–૧૮, રુકૂઅ–૧)*

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવે છે : "જે મુસલમાનની પહેલી નજર કોઈ સ્ત્રીની સુંદરતા પર પડી ગઈ અને તેણે નજરો નીચી કરી લીધી તો અલ્લાહ એને ઈબાદતમાં ગણે છે જેની મીઠાશ તે અનુભવે છે." *(મિશકાતુલ મસાબીહ)*

તેમજ ફર્માવ્યું, "જે આંખ હરામ જોશે તે આંખમાં ક્યામતના દિવસે આગના સળીયા નાખવામાં આવશે." જે મઝહબ હરામ જોવા ના પાડે તો બીજી વાત જ શું કરવી ?!

આજે યૂરોપી દેશો અમેરિકામાં **Old House** છે, શાથી ? માં બાપને પાળવા તેમની ચાકરી કરવા ઔલાદ તૈયાર નથી ! જ્યારે ઈસ્લામે માંને શું મર્તબો આપ્યો અને બાપને શું મર્તબો આપ્યો તે જુઓ ! સુનને નિસાઈમાં છે, નબી કરીમ ﷺએ ફર્માવ્યું :–

"માંની ખિદમત કર કેમ કે **જન્નત માંના કદમો નીચે** છે." અને હદીષે પાકમાં **બાપને જન્નતની ચોખટ** કહેવામાં આવેલ છે. જેથી જે સાચો મુસલમાન હશે તે માંબાપનો મર્તબો સમજશે અને ઘરડાં થતાં તેમને ધૃત્કારી "ઘરડાં ઘર"માં નહીં મૂકી આવે ! જેમ કે અન્ય કૌમોમાં થાય છે. આ માન માંનુ બાપનુ ઈસ્લામમાં છે. વળી રસૂલે પાક ﷺએ **માંના હક્કને બાપ કરતાં અધિક** બતાવ્યો છે.

હુઝૂર ﷺએ પત્નીનું માન સાચવવાની તાકીદ કરી છે, ફર્માવ્યું : "તમારામાંથી સૌથી સારો તે છે જે પોતાના ઘરવાળાઓ (પત્ની, માં વગેરે)ના માટે અધિક સારો હોય, અને હું તમારામાં સૌથી વધુ મારાં ઘરવાળાંઓ માટે સારો છું." *(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

વળી આજે સ્ત્રીના ગર્ભમાં જ યંત્રો વડે જાણી લઈ બાળકી હોય તેની હત્યા એબોર્શન કરીને કરવામાં આવે છે, "જ્યારે નબી કરીમ ﷺએ પુત્રીઓનો સારી રીતે ઉછેર કરીને તેને શાદી કરાવી આપનાર માં બાપને જન્નતી કહ્યાં છે." અને આ એબોર્શન એ ઈસ્લામમાં ખૂનના ગુના સમાન છે. પુત્ર તથા પુત્રીના ઉછેરમાં પુત્રીની ખાસ કાળજીનો હુકમ છે.

વળી વિધવાના પુનઃલગ્નની તાકીદ ઈસ્લામે જ કરી છે. જ્યારે કે કેટલીક જાતિમાં તો બાળ લગ્ન બાદ બાળ વિધવાઓ પતિનું નાનપણમાં મૃત્યુ થતાં બાળપણથી મૌત સુધી શાદી વિના મનહૂસ તરીકે જહન્નમમાં જીવતે જીવ સબડતી હતી.

એ ઉપરાંત અગાઉના લખાણમાં પણ ગૈર મુસ્લિમ સ્ત્રીએ ખૂદ અભ્યાસ કરી જે દર્શાવ્યું છે તેમાં સ્ત્રીઓ સાથે સારો વર્તાવ તથા અન્ય હક્કો ઈસ્લામે આપ્યા છે તે તમે જોઈ ગયા. સારાંશ કે સ્ત્રી શોષણથી બચવાનો કોઈ શ્રેષ્ઠતમ માર્ગ હોય તો તે એક ઈસ્લામ જ છે. રબ તઆલા સૌને સારી મતિ આપે. (આમીન)

**પીર બનાવવા વિશે એક ગલતફહમી**

જાણવા મળ્યું છે કે કેટલીક જગાએ લોકો તેમના બાપદાદા જે પીર કે સિલસિલાના મુરીદ હોય તેમની ઔલાદ અથવા તેમનો સમાજ પણ તે જ પીરનો સિલસિલો કે તેમની જ ઔલાદથી મુરીદ થાય છે, પછી ભલે એ હાલના પીર કે ગાદીનશીન **પીર થવા માટેની જે ચાર શરતો છે તેના અનુસાર હોય કે ન હોય.** જો આગલા પીર બુઝુર્ગો શરતો મુજબના હતા, પીર થવા લાયક હતા તો તેમના જે મુરીદ થયા તે બરાબર છે, અને **હજી શરત મુજબના હોય તોય વાંધો નથી,** પણ હાલના તેમના અનુગામી ગાદીનશીનો **જો પીર થવાની જે ચાર શરતો છે તે પ્રમાણે ન હોય તો તે પીર થવાના લાયક જ નથી,** તેમનાથી બયઅત થવું ન થવું સરખુ છે. જેથી ગમે તે સિલસિલાના અન્ય શરત મુજબના પીરના જ મુરીદ થવું જોઈએ. એવું નથી કે બાપદાદા જ્યાં થતા હતા ત્યાં જ થવું પડે ! શરીઅતમાં એવું નથી, પણ શરત મુજબના પીરથી બયઅત થવું એ શરીઅતનો હુકમ છે. (વધુ માટે વાંચો : સાચા પીરની પરખ કરાવતો આઈનો)



# બુરખાને ગુલામીનું પ્રતીક કહેનારાઓની વાતોનું ઓપરેશન !

–કાર્યાલય

થોડાક સમય પહેલાં ફ્રાન્સના વડાપ્રધાન પદે બિરાજેલ નિકોલ્સ સાર્કોઝી એ તે વ્યક્તિ જેણે અલલ એલાન કાર્લા બ્રુની નામની મોડેલ સાથે શાદી કરતા પહેલાં કેટલા સમય સુધી વ્યભિચારમાં સંડોવાયેલ રહી દેશ વિદેશની સફરોમાં તેણીને સાથે રાખી નાજાઈઝ સંબંધની મજાઓ માણી. આવી બેશરમ વ્યક્તિ જે સ્ત્રીઓને 'મા–બહેન' તરીકે નહીં પણ 'મેડમ' તથા મનોરંજનનું સાધન સમજી દરેક તેણીને આરપાર જોવાના શોખિન હોય, જેમ કે કાર્લા બ્રુની સાથેની ટૂરના બંનેના મનોરંજન માણતા તદન નગ્ન ફોટાઓ પણ અખ્બારોમાં પ્રગટ થયા છે, તો તેવી 'અય્યાશ' અને 'વ્યભિચારી' વ્યક્તિને કોઈ બાઈજ્જત ઔરત પોતાના શરીરને ઢાંકી દે તો તેને અકળામણ ન થાય તો શું થાય ? અને એ પર્દા વિરૂદ્ધ ન બોલે તો શું બોલે ? સ્વભાવિક છે કે જેમના કલ્ચરમાં જ સ્ત્રીનાં ઝાઝાં કપડાં જે તેના અંગને છુપાવે તેની સાથે અદાવત હોય તે તેની ગંદી સોચ તથા સમજ પ્રમાણે પર્દાને ''ગુલામીનું પ્રતીક'' કહે તેમાં આપણે કાંઈ જ નવાઈ પામવાનું નથી, જેમ કે જેને હરામની કમાણી કરીને તંદૂરી ચિકન ખાવાની ટેવ પડી ગઈ હોય તેને હલાલ કમાઈનો સૂકો રોટલો ગળે ક્યાંથી ઉતરે ?! અને એ રીતે રહેનારને તે મૂર્ખ જ સમજશે.

પણ આવા નગ્નતાપ્રિય કુસંસ્કારી દેશના વડા પ્રધાનના નિવેદન પછી ઘણા ઈસ્લામ વિરોધીઓ ગેલમાં આવી ગયા, જાણે કે વાંદરાને દારૂ મળી ગયો ! અને મીડિયાવાળાને મસાલો મળી ગયો ! તો કેટલા સમયથી એ વાતને ટી.વી. પર અને પ્રિન્ટ મીડિયાવાળાઓએ અવનવા તુક્કાઓ રજૂ કરી ચગાવ્યે રાખી છે. સંદેશ, દૈનિક તા. ૧૯–૭–૨૦૦૯માં પણ એક લેખ વાંચવા મળ્યો જેમાં લાકડે માંકડાં બેસાડી અવનવી વાતો જોડી છે તેમાંની એક વાત સાંભળો !

''...... પર્દા પ્રથા નીતિષોષક નહીં પણ નીતિઘાતક છે. પુરૂષોની કુદષ્ટિથી બચવા માટે આ પ્રથા દાખલ કરવામાં આવી હતી. માટે જરૂરિયાત એ છે કે પુરૂષ જાતિની દષ્ટિ બદલાય. ફક્ત લાજ કાઢવાથી કે બુરખામાં રહેવાથી જ મર્યાદાનાં ધોરણો જળવાતાં નથી......''
*–આનંદીબહેન પટેલ*

અત્રે અમને એક મૂર્ખ રાજાની રમૂજી વાત યાદ આવે છે. સાર કાંઈક એવો છે કે પહેલાંના જમાનામાં ચંપલ જોડાનો રિવાજ ન હતો તો ધૂળથી બચવા રાજાએ ચમારને હુકમ આપ્યો કે બધી જ જમીન પર ચામડુ પાથરી દેવામાં આવે જેથી મારા પગો ખરાબ ન થાય. તો ચમારે રાજાને કહ્યું કે રાજા સાહબ ! નારાજ ન થાવ તો એક વાત કહું ?! કહ્યું, બોલો ! તો ચમારે કહ્યું કે, તમારા પગો મારા સમક્ષ લાવો ! તો રાજાએ પગો લાંબા કર્યા તો તેને માપીને ચમારે પગની આસપાસ ચામડુ સાંધી આપ્યું. પછી રાજાને કહ્યું, હવે તમે ગમે ત્યાં ફરશો તમારા પગ ખરાબ થશે નહીં ! રાજાએ મહાન ઝંઝટથી તથા ખર્ચથી મુક્તિ મેળવી અને ચમારને શાબાશી આપી.

સમજદારો માટે આમાં ઘણુ સમજવાનું છે ! વર્તનમાનકાળમાં તો પુરૂષ જાતિની દષ્ટિ બદલવાની વાત કોઈ એકનાય ગળે ઉતરે એવી નથી, કારણ કે દિવસે દિવસે વધતી ફેશન અને નગ્નતા અનાયાસે પુરૂષોની નજરો પોતાના પ્રતિ આકર્ષે છે ! હા, એનાથી તે જ બચી શકે જે ખુદાનો ડર રાખી ઈસ્લામી કાનૂનને અનુસરી પર સ્ત્રી પર નજર કરવાથી બચે. જેથી ભલાઈ એમાં જ છે કે સ્ત્રી જાતે જ પોતાને છુપાવી લે તો સેંકડો બદ નજરોથી બચી જશે. આટલી સાદી વાત સમજમાં ન આવે તો પછી આવા લેખકોએ તત્વચિંતક બનવાનો ડોળ કરી ગમે તેવા તુક્કા લખી પેપરો કાળાં ન કરવાં જોઈએ.

એ જ સંદેશ દૈનિક તા. ૧૯–૭–૨૦૦૯માં બીજાં એક બહેન ''વર્ષા અડાલજા'' નામનાં છે જે સાહિત્યકાર કહેવાય છે. તેમણે આ વિષયે અજ્ઞાન

હોવા છતાં 'સાહિત્યકાર' નું ટાઈટલ સાચવી રાખવા માટે આશરે ઠોકી આપ્યું કે,

".......મુહમ્મદ પયગંબરના પત્ની ક્યારેય બુરખો પહેરતા ન હતા અને ઘણા વ્યવહાર કુશળ પણ હતા. પરંતુ સમય જતાં ધર્મગુરૂઓએ આને રૂઢિ બનાવી દીધી." *–વર્ષા અડાલજા*

આવું લખીને તેમણે પોતાની અજ્ઞાનતા વિશેનું જ્ઞાન આખા જગતમાં આ લેખ વાંચનારાઓને કરી આપ્યું ! આ છે આપણા સાહિત્યકારો ! લખતાં પહેલાં સહેજ કુર્આનનો અભ્યાસ કોકથી મેળવ્યો હોત તો આવા લચ્છા તેમનાથી ન વાગત. સાંભળો !

"કુર્આનમાં ક્યાંય પર્દાનું વર્ણન નથી" એવું કહેનારાઓ પણ જોઈ લે ! અલ્લાહ તઆલાનો પર્દા માટે હુકમ કુર્આનમાં આવ્યો છે તે આ રહ્યો ! :–

"અને ન જાહેર કરો પોતાનો શણગાર પણ જે પોતે જ જાહેર છે, એટલે ચહેરો તથા હથેળીઓ." *(કુર્આન, પારા–૧૮)* "ચહેરો" એટલે એક કાનની પટ્ટીથી બીજા કાનની પટ્ટી સુધી અને પેશાની પર વાળની જડથી હડપચીની (દાઢીની) નીચે સુધી, જેથી વાળ, ગળુ તથા આખુ શરીર હાથના પંજા સિવાય ઢાંકવું. આને જ પર્દો કહે છે.

અને બીજો હુકમ પર્દા માટે કુર્આનનો હવે સાંભળો !

"અય નબી ! (પયગંબર) પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે **પોતાના ચહેરા પર ચાદર નાખેલ (સ્થિતિમાં) રહે,** એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ માફી આપનાર મહેરબાન છે." *(સૂરએ અહઝાબ, રુકૂઅ–૫)*

હવે એ સાહિત્યકાર બહેનને તો શું પૂછીએ કે શું પયગંબરનાં પત્ની કુર્આન પર અમલ કરતાં ન હતાં ?! એમને પૂછવાનો અર્થ નથી, કારણ કે એમને આપણે મઅઝૂર (લાચાર) ગણી લઈશું એટલા માટે કે તેણી ઈસ્લામના નૂરથી વંચિત છે. પણ આવો ! હવે એ જ સંદેશ દૈનિક તા.૧૯–૭–૨૦૦૯ ના એ જ લેખમાં એક કહેવાતાં મુસ્લિમ સાહિત્યકાર "શરીફા વીજળીવાળા" શું લખે છે તેને જોઈએ :–

"આજના સમયમાં કે કોઈ પણ સમયમાં બુરખા પ્રથા અને ઘૂંઘટ પ્રથા નકામી છે......." *–(શરીફા વીજળીવાળા)*

નામ પરથી તો આ બહેન મુસ્લિમ જણાય છે પણ ઈસ્લામની હવાથી મેહરૂમ જણાય છે. એ જો મુસલમાન હોવાનો દાવો કરતાં હોય તો અમને એક મુસલમાન તરીકે જણાવે કે શું તેણીની બુધ્ધિ તથા સમજ કુર્આનના અલ્લાહના ઉપરોક્ત બંને આદેશો કરતાંય વિશેષ ચડિયાતી છે ? આજના સમયમાં કે કોઈ પણ સમયમાં પર્દો નિરર્થક છે તો એક મુસ્લિમ તરીકે બતાવે કે **અલ્લાહે કુર્આનમાં ઉપરોક્ત આદેશો ફોગટ તથા નિરર્થક આપ્યા છે ? તમારી વાત સ્વીકારીએ તો અલ્લાહ પર નિરર્થક આદેશ આપવાનો આક્ષેપ જાય છે !** બહેનો ! મંતવ્યો આપવાના અને લેખ લખવાના અભરખા બહુ હોય તો જેમાં ચાંચ ડૂબે ને તે વિષય પસંદ કરો ! અલ્લાહ પર આક્ષેપ કરનાર ઈસ્લામના વર્તુળથી નીકળી જાય છે એ યાદ રાખો ! હજીય કાંઈ સમજ આવે તો સાહિત્યકાર બહેનજી અલ્લાહના ગઝબની વીજળી પડે તે પહેલાં તૌબા કરી નવેસરથી કલ્મો પઢી લેજો !

વળી એ જ પ્રમાણે દિવ્યભાસ્કર દૈનિક તા. ૧૯–૮–૨૦૦૯માં 'તડ ને ફડ' કોલમમાં એ જ વ્યભિચારી કલ્ચરમાં ઉછરેલ ફ્રાંસના વ્યભિચારી વડા પ્રધાન સારકોઝીની વાત નકલ કરી છે કે, "મુસ્લિમ સ્ત્રીઓ સ્વેચ્છાએ બુરખો પહેરતી નથી પણ ધાર્મિક આગેવાનો અને કુટુંબના વડીલો તેમને બુરખો પહેરવાની ફરજ પાડે છે. બુરખા પર પ્રતિબંધ મૂકવામાં આવે તો સ્ત્રીઓ આ જબરદસ્તીમાંથી છૂટકારો મેળવી શકે." પછી કોલમ લખનારે સાર્કોઝીને આવું કહેવા બદલ શાબાશી આપી છે. ખૈર ! એના જવાબમાં અમો બહુ આગળ નથી જતા, અહીં અમે ગુજરાત સમાચાર દૈનિક, તા. ૨૫–૬–૨૦૦૯ ની "ન્યુઝ ફોકસ" કોલમ આ જ વિષયની ચર્ચામાં છે તેમનું નિષ્પક્ષ મંતવ્ય સાભાર રજૂ કરી દઈએ છીએ.

"...... શું જે મુસ્લિમ મહિલાઓ બુરખો પરિધાન કરે છે, તેમની ઉપર કોઈ બળજબરી કરવામાં આવી છે ખરી ? બુરખો પહેરનારી મુસ્લિમ સ્ત્રીઓ કહે છે કે તેમની ઉપર કોઈ બળજબરી કરવામાં આવતી નથી.

આ રીતે કરોડો સ્ત્રીઓ ઉપર બળજબરી કરી શકાય તે શક્ય જ નથી. આ સ્ત્રીઓ ઈસ્લામમાં શ્રધ્ધા ધરાવે છે, માટે બુરખો પહેરે છે. જે રીતે સ્ત્રીઓ ઉપર બુરખો પહેરવા માટે બળજબરી ન કરી શકાય તે રીતે તેમની ઉપર બુરખો ન પહેરવાની બળજબરી પણ કરી શકાય નહીં. આ વાત સાથે તો ફ્રાંસના પ્રમુખે સંમત થવું જ પડશે." *(ગુજરાત સમાચાર, ૨૫–૬–૨૦૦૯)*

પણ અમો સામો આક્ષેપ કરીએ છીએ કે વર્તમાનકાળમાં નગ્નતા દર્શાવતી ફિલ્મો, સીરીયલો તથા સુંદર મોડેલોનો ફેશન શોમાં રેમ્પ પર અર્ધનગ્ન કેડવોક એ બળજબરીથી તેમને નગ્ન બનાવીને થાય છે. નાણાની લાલચ આપીને તેમના પર માનસિક બળજબરી જ થઈ રહી છે કે મજબૂરન્ એ સ્ત્રીઓ પૈસાની લાલચે લાચાર બનીને નગ્નતાભર્યો દેખાવ કરી કેડવોક કરે છે બલ્કે શરીરના સોદા પણ કરે છે ! આને કહે છે બળજબરી ! આ લાચાર સ્ત્રીઓની લાગણી કેમ કોઈને થતી નથી ?

અને અસલ હકીકત તો એ છે કે ફ્રાંસમાં મુસ્લિમોની વસ્તી પચાસ લાખે પહોંચી છે અને અધિક્તર સ્ત્રીઓ જ એ નગ્નતાભર્યા કામો કરાવવામાં થતા જુલ્મથી ત્રાસીને માનસિક શાંતિ શોધી રહી છે જે તેમને ઈસ્લામમાં મળી રહી છે, જેથી તેણીઓ ખૂબ મુસલમાન થઈ રહી છે. તેનાથી રઘવાયા બની જતાં ફ્રાંસના બદચલન વડાપ્રધાનનું યહૂદી માનસ જાગી ઉઠયું અને ઈસ્લામ દુશ્મનીમાં ઉપરોક્ત બકવાસ તેમણે કર્યો.

આ મુસ્લિમ સ્ત્રીઓની લાગણીમાં મગરનાં આંસૂ સારતાં વર્તમાન પત્રો સંદેશ કે દિવ્યભાસ્કર વગેરે લખે છે કે, "પર્દામાં મુસ્લિમ સ્ત્રીને આ તકલીફ પડે છે ને તે તકલીફ પડે છે !" તો મિત્રો ! કેવળ આ પર્દાથી જ મુસ્લિમ સ્ત્રીઓ પર આભ નથી તૂટી પડયું ! મુસીબતોનું આભ તો ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ ના ગોધરા કાંડ પછી ગુજરાતમાં જે મુસ્લિમોની કત્લેઆમ થઈ, સ્ત્રીઓના પતિઓ, બેટાઓ, બાપો, ભાઈઓને જીવતા સળગાવાયા, મહિનાઓ સુધી કત્લેઆમ ચાલી, મુસ્લિમ બહેનો ઘરથી બેઘર થઈ ગઈ, તેણીઓ પર બળાત્કારો થયા પણ તેમની વહારે કોઈ આમાંનો ધાયો નથી કે એ નિરાધાર બેઘર મુસ્લિમ બહેનો તથા વિધવા થનારી બહેનોના શા હાલ છે ? ખાસ લાગણી તો આવા પ્રસંગે બતાવવાની હોય છે ! ત્યારે કેમ ચૂપ રહ્યા ?! વાંચકો ! આ પરથી જણાય છે કે "દાળમાં કાંઈક કાળુ છે !" વાત એવી જણાય છે કે, "દુઃખે છે પેટ અને કૂટી રહ્યા છે માથુ !" અસલ કીનો એમને કાંઈક બીજો છે જેને શાણા વાંચકો સમજી શકે છે જેથી અધ્યાહન રાખુ છું.

ચાલો ! એને છોડો પણ છેલ્લા ત્રણ વરસમાં આપણા જ ગુજરાતમાં સ્ત્રીઓ પર કેવા જુલ્મો થયા તે જુઓ કે છેલ્લા ત્રણ વરસ દરમ્યાન સ્ત્રીઓ પર બળાત્કારના ૧૦૬૫ અને યુવતીઓની છેડતીના ૨૦૨૬ બનાવો બન્યા જેમાં સૌથી વધુ કેસો છેલ્લા બે વરસમાં અમદાવાદ અને સૂરતમાં નોંધાયા છે. અને જે કેસો મા બાપે પોતાની આબરૂ સાચવવા નહીં નોંધાવ્યા હોય એવા કેટલાય હશે, તો બતાવો ! આની સામે સ્ત્રીઓની લાગણી દર્શાવી કોણે અવાજ ઉઠાવ્યો છે ?! કોણે ગવર્નમેન્ટને આ બાબતે કડક થવા આંદોલનો કર્યાં કે ફક્ત લેખો પણ એના વિરૂદ્ધ લખ્યા તે બતાવો ?!

**સૈયદને ઝકાત આપી ન શકાય, પણ.....** અમુક ભાઈઓના પ્રશ્નના કારણે સર્વના જ્ઞાન માટે એ વાત જાહેર કરી દઈએ છીએ જેનાથી ઘણાની ગલતફહમી દૂર થશે તથા ગરીબ સૈયદોનું કામ નીકળશે. આજકાલ માલદાર સૈયદોને ખાનકાહના ગાદીનશીનોને તો મુરીદો ચાહકો તરફથી નઝરાણા મળતાં રહે છે, પણ બીમાર ગરીબ સૈયદોને કોઈ સહાય જેમ તેમ કરતુ નથી અને તેઓ માટે ઝકાત લેવી **હરામ** હોવાથી તેઓ ઝકાત લઈ શકતા નથી. પહેલાંનાં જમાનામાં લોકો સૈયદોને નઝરાણા ખૂબ આપતા હતા પણ હવે ગરીબ સૈયદોને માટે એવું નથી. જેથી તેમને રકમ લિલ્લાહ ન હોય તો કઈ રીતે સહાય કરવી ?! તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ જણાવ્યું કે ઝકાતની રકમ કોઈ દીનદાર સમજદાર ગરીબને આપી તેને તેનો માલિક બનાવી દેવો અને તે રકમ તે પોતે પરત કરે કે કોઈ ગરીબ સૈયદને આપજો અથવા ખૂદ જે તે જરૂરતમંદ ગરીબ સૈયદને આપી દે. તો હવે એ રકમ ઝકાત નથી લિલ્લાહ નઝરાણુ ગણાશે. આ રીતે 'હીલએ શરઈ' કરી સૈયદોની મદદ થઈ શકે છે. *(હવાલો : ફતાવા રઝવિય્યહ્)*

# 'જિઝયા'નો અસલ ભાવાર્થ અને તાલિબાનનો ત્રાસવાદ

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન મિસ્બાહી**
*(સદર મુદર્રિસીન : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા – આમોદ)*

યહૂદીઓ તથા ઈસાઈઓને પોતાના ભાઈ, મિત્રો ગણનાર અને મુસલમાનોની બહુમતિને કાફિર, મુશ્રિક ઠરાવનારા વહાબી ત્રાસવાદીઓની દ્રષ્ટિએ હમેશાંથી સૌ પ્રથમ તે મુસ્લિમો વિરૂદ્ધ જેહાદ ફર્ઝ રહ્યો છે જેઓ કલ્માગો (કલ્મો પઢનાર) હોવા છતાં તેમની દ્રષ્ટિએ શિર્ક, બિદઅતમાં સપડાયેલા ગણાય છે. આ જ પ્રકારના કહેવાતા જેહાદની પુનઃજાગૃતિ એક આયોજનબધ્ધ યોજના હેઠળ પાકિસ્તાનમાં જનરલ ઝિયાઉલ્ હક્કના યુગમાં જ કરવામાં આવી હતી, જેની સિંચાઈ તથા પાલન પોષણમાં અમેરિકા તેમજ તેના સૌથી મહત્વના મિત્ર સઊદી અરબે કાંઈ કસર નથી છોડી. એક ખાસ મસ્લક (વહાબી દેવબંદી ફિર્કા)થી સંબંધ ધરાવનાર લોકો જેઓ તાલિબાનના નામે ઓળખાય છે તેઓની હકીકત શું છે ? તેમનું મૂળ લક્ષ્ય શું છે ? શું તેમના ઘાતક હુમલાઓથી ઈસ્લામ સન્માનિત થઈ રહ્યો છે ? આવા કેટલાય પ્રશ્નોના ઉત્તરો તેમની કાર્યપધ્ધતિ તથા કહેવાતી ઈસ્લામી પ્રવૃતિઓ પરથી મેળવી શકાય છે.

## તાલિબાન ગુમરાહોનું ત્રાસવાદીપણુ

વિશ્વભરમાં ખાસ કરીને એશિયામાં જે બુઝુર્ગાને દીનની કુરબાનીઓ દ્વારા ઈસ્લામને જીવનદાન મળ્યું તથા ચંગેજખાન તેમજ હલાકૂના જંગલી અત્યાચારની ભોગ બનેલી દુનિયાને જે પાક હસ્તીઓએ અખ્લાકે મુહમ્મદીની તલ્વારથી પ્રભાવિત કરી, તે મહાન બુઝુર્ગોને જ પોતાના દુશ્મન જાણનાર તથા તે બુઝુર્ગોના અકીદતમંદોને મૂર્તિપૂજક કહેનારા શું ઈસ્લામના શુભેચ્છક હોય શકે છે ? જેમણે શૈખ અબ્દુર્રહમાન બાવાના મઝારને બોંબ ધડાકાઓથી ઉડાવી દીધું, જેમણે શૈબા ગામની દરગાહમાં કેટલાય અકીદતમંદોને મોતની સોડમાં સૂવડાવી દીધા. મૌલાના સરફરાઝ નઈમી જેવા એહલે સુન્નત વ જમાઅતના સુન્ની આલિમે દીનને દિન દહાડે તેમની ઓફીસમાં ઘુસી જઈને શહીદ કરી નાખ્યા. જેમણે સ્ત્રીઓ સાથે અનુચિત વર્તાવ કરીને ઈસ્લામ જેવા પવિત્ર ધર્મને આખા જગતમાં બદનામ કરી નાખ્યો. જેમણે તાલિબે ઈલ્મ જેવી પાક તથા મહાન પદવીનો સહારો લઈને સ્ત્રીઓના સેંકડો મદ્રસાઓ તથા સ્કૂલોને બોંબ ધડાકાઓની ભેટ ચઢાવી આપી. એવી ચળવળ તથા સંસ્થાનું નામ છે "તાલિબાન" જેના પ્રાથમિક બંધારણમાં તબાહી તથા બરબાદી સિવાય કાંઈ જ નથી. ઈસ્લામના નામ પર ઉછેર પામેલા આ ગ્રુપે ઈસ્લામ વિરૂદ્ધ તથા પોતાના મસ્લકના પ્રચાર સિવાય કશા જ કામો નથી કર્યા. તેઓ ઈસ્લામ, મુસલમાન, શરીઅત, દાઢી તેમજ સંસ્કૃતિ માટે સતત ખતરો બની રહ્યા છે, ન જાણે કેવા ઝેરી શ્રોતથી તેમણે પોતાની બુધ્ધિની સિંચાઈ કરી છે કે તેઓ ઈસ્લામી સિધ્ધાંતો તેમજ શરીઅતે ઈસ્લામીને લાગુ કરવાના બનાવટી નશામાં એવાં કાર્યો કરવા તૈયાર છે જેનું ઉદાહરણ ચૌદસો વરસના ભૂતકાળમાં પણ જોવા નથી મળતું જેના કારણે આખી દુનિયામાં ઈસ્લામ તેમજ શરીઅતે ઈસ્લામી વિરૂદ્ધ નફરત તથા બદગુમાની પેદા થઈ ગઈ છે. ઈસ્લામ પસંદીના નકલી જુનૂનમાં તેઓની આવી મૂર્ખતાઓની યાદી તો લાંબી છે જેની ઘણી મોંઘી કિંમત જગતભરના મુસ્લિમોને વારંવાર ચૂકવવી પડી છે.

## જિઝયાની હકીકત અને તાલિબાનની મૂર્ખામીઓ

ગત દિવસોમાં તેઓની (તાલિબાનોની) એક એવી જ મૂર્ખતા તથા અજ્ઞાનતા મીડિયામાં પ્રસિધ્ધ થઈ હતી કે તેમણે પોતાના કબજા હેઠળના પાકિસ્તાની ઈલાકાઓમાં વસતા શિખો ઉપર જિઝયાવેરો (સુરક્ષા ખાતર લેવામાં આવતો ટેક્ષ) લાગુ પાડયો હતો. અખ્બારી માધ્યમો મુજબ તેમણે શિખો

પાસેથી પાંચ કરોડ રૂપિયાની માંગણી કરી હતી. શિખોએ જ્યારે રૂપિયા આપવાનો ઈન્કાર કર્યો તો તાલિબાને કેટલાય શિખોનું અપહરણ કર્યું, તેઓનાં મકાનો ધ્વસ્ત કરી નાખ્યાં, કેટલાયે શિખોને તેમના ઘરોમાંથી કાઢી નાખ્યા. આવા લગભગ ૪૦૦ શિખોને હસન અબ્દાલના એક ગુરૂદ્વારામાં શરણ લેવું પડયું. તેના વિરોધમાં શિખ કોમ્યુનિટીએ પંજાબ, યુ.પી તથા કાશ્મિરના કેટલાયે ઈલાકાઓમાં વિરોધ પ્રદર્શનો કર્યા.

"જિઝયાવેરો" હકીકતમાં એક ઈસ્લામી ટેક્ષ છે જે ઈસ્લામી દેશમાં વસતા ગૈર મુસ્લિમો પાસેથી તેમની જાન, માલની સુરક્ષા તથા હિફાઝતના બદલામાં વસૂલ કરવામાં આવતો હતો. હૈસિયત ધરાવતા મુસલમાનો પાસેથી અઢી ટકા ઝકાત લેવામાં આવે છે, તેમજ આકિલ, બાલિગ (પુખ્ત વયના) તંદરુસ્ત, તાકતવર, સ્વતંત્ર ગૈર મુસ્લિમ પુરૂષો પાસેથી તેમની જાન, માલ, ઈજ્જત તથા આબરૂની સુરક્ષા માટે જિઝયો લેવામાં આવે છે. **તાલિબાને આ મસ્અલાનો દુરૂપયોગ કરી ઈસ્લામ તથા મુસલમાનોની સેવા નથી કરી, બલ્કે આખી દુનિયામાં ભભૂકી રહેલી નફરતની આગમાં પેટ્રોલ છાંટવાનું કામ કર્યું છે.** આ વિષયમાં તાલિબાનોની અસમજણો તથા અજ્ઞાનતાઓ નીચે પ્રમાણે છે :

**(૧)** "જિઝયો" ગૈર મુસ્લિમો પાસેથી તેમની જાન, માલની રક્ષા માટે લેવામાં આવે છે. અહીં તાલિબાનની જાનો માલ પોતે જ સુરક્ષિત નથી, તેઓ પોતે યુધ્ધની બલ્કે બળવાખોરી તેમજ બગાવતની પરિસ્થિતિમાં છે એવા સંજોગોમાં તેઓને "જિઝયો" (ટેક્ષ) વસૂલ કરવાનો હક્ક કેવી રીતે મળી શકે છે ?

**(૨)** જિઝયો ઈસ્લામી પ્રદેશમાં ગૈર મુસ્લિમો પાસેથી હાકિમો (પદાધિકારીઓ) વસૂલ કરે છે, જ્યારે કે તાલિબાન પાકિસ્તાનના હાકિમો તથા અધિકારોઓ નથી બલ્કે એક લડાયક ગૃપ છે.

**(૩)** આજે વિશ્વના મોટા ભાગના ગૈર મુસ્લિમ દેશોમાં મુસલમાન ધાર્મિક લઘુમતિની હૈસિયતથી શાંતિપૂર્વક જીવી રહ્યા છે. આવા સંજોગોમાં મુસ્લિમ પ્રદેશોમાં વસ્તા ગૈર મુસ્લિમો પાસેથી જિઝયો વસૂલ કરવાની વાત સીધી રીતે ગૈર મુસ્લિમ પ્રદેશોની મુસ્લિમ લઘુમતિ માટે મુશ્કેલીઓ તથા સમસ્યાઓ ઉભી કરવું છે. તાલિબાની મૂરખોને એ વાત સમજમાં નથી આવતી કે તેઓ જિઝયો વસૂલ કરીને જગતભરના મુસલમાનો માટે ખતરાઓ ખરીદી રહ્યા છે.

## જિઝયાનાં (ટેક્ષનાં) બે માનપાત્ર પાસાંઓ

જિઝયાનાં બે માન પાત્ર પાસાંઓ છે : એક ઈસ્લામના હક્કમાં અને બીજી ઈસ્લામી પ્રદેશમાં વસ્તી ગૈર મુસ્લિમ લઘુમતિઓના હક્કમાં. ઈસ્લામ માટે ઉચિત માનપાત્ર પાસુ એ છે કે જિઝયાથી ઈસ્લામ તથા મુસલમાનોની પ્રતિષ્ઠા તથા અઝમત ઉદ્ભવ છે અને એ જાહેર થાય છે કે ગૈર મુસ્લિમોને પોતાની જાન માલની રક્ષા માટે વેરો આપવો પડશે. ઈસ્લામી પ્રદેશોમાં વસતા ગૈર મુસ્લિમોના હક્કમાં માનપાત્ર પાસુ એ છે કે તેઓ સામાન્ય (મામૂલી) રકમ ઈસ્લામી શાસનને આપીને પોતાના જાન માલને મુસલમાનોના જાનો માલ બરાબર કરી લે છે, તેઓને સંપૂર્ણપણે ધાર્મિક સામાજિક બરાબરીના હક્કો પ્રાપ્ત થઈ જાય છે. ટેક્ષ અદા કર્યા પછી તેમનું સ્થાન એટલું બુલંદ થઈ જાય છે કે પયગમ્બરે ઈસ્લામ મુહમ્મદ ﷺ એ જિઝયા તથા ટેક્ષ અદા કરનાર ગૈર મુસ્લિમ વિશે ત્યાં સુધી ફર્માવ્યું કે, **"જેણે કોઈ ઝિમ્મી (ઈસ્લામી પ્રદેશમાં વસનાર ગૈર મુસ્લિમ જે જિઝયો અદા કરે છે)ને ઈજા પહોંચાડી તેણે મને ઈજા આપી, અને જેણે મને ઈજા આપી તેણે અલ્લાહને ઈજા પહોંચાડી."** *(તિબરાની)*

બીજા ઠેકાણે ફર્માવ્યું કે **"કરાર (એગ્રિમેન્ટ) થયેલા વ્યક્તિ ઉપર જેણે જુલ્મ કર્યો અથવા તેનો હક્ક દબાવ્યો, અથવા તેની શક્તિથી વધારે બોજ તેના ઉપર નાખી આપ્યો, અથવા તેની મરજી વગર તેની કોઈ વસ્તુ લઈ લીધી, તો કયામતના દિવસે હું તેણી વ્યક્તિ તરફથી દાવો કરીશ."** *(અબૂ દાઊદ)*

## જિઝયાની હિકમતો

કુર્આને મજીદમાં છે : "તે એહલે કિતાબ (યહૂદીઓ તથા ઈસાઈઓ) સાથે જંગ કરો જેઓ

અલ્લાહ ઉપર તથા કયામતના દિવસ ઉપર ઈમાન નથી રાખતા, અને અલ્લાહ તથા તેના રસૂલે જે વસ્તુઓને હરામ કહી છે તેને હરામ નથી સમજતા, જેઓ દીને હક્ક ઉપર કાયમ નથી, ત્યાં સુધી કે તેઓ પોતાના હાથથી જિઝયો અદા કરે અને જ્યારે કે તેઓ અપમાનિત સ્થિતિ (inferiority) માં હોય.'' *(સૂરએ તૌબા આયત નં. ૨૯)*

ગૈર મુસ્લિમો સાથે જિઝયા વિશે કરાર કર્યા પછી તેઓની જાન સુરક્ષિત થઈ જાય છે કેમ કે કુર્આન મજીદમાં છે કે જ્યાં સુધી જિઝયો (ટેક્ષ) ન આપે ત્યાં સુધી તેમની સાથે જંગ કરો. જેથી જિઝયો અદા કર્યા પછી મુસલમાનો એમની સાથે જંગ નહીં કરે અને એનો તકાઝો એ છે કે મુસલમાન તેમની જાનની હિફાઝત કરશે. કેમ કે શરીઅતમાં માલ, ઈજ્જત તથા આબરૂને જાનના તાબા હેઠળ માનવામાં આવે છે એટલા માટે ઈસ્લામી હુકૂમત ઉપર તેમની હિફાઝત પણ લાઝિમ છે.

ઉપરોક્ત આયતના તર્જુમામાં એ પણ છે કે જિઝયો અદા કરનારા હિનતા તેમજ inferiorityની સ્થિતિમાં હોય એટલે કે તેઓ ટેક્ષ આપે, ઈનામ કે ભેટ ન આપે. આજે રાજાશાહીનો દૌર ખતમ થઈ ગયો છે, લોકશાહીની જગતભરમાં બોલબાલા છે. રાજાશાહી યુગમાં મુસ્લિમો માટે બીજા પ્રદેશોમાં સફર કરવો અથવા ત્યાં ઈસ્લામનો પ્રચાર કરવો અથવા ઈસ્લામી આદેશો ઉપર અમલ કરવો અતિ મુશ્કેલ હતુ ! મુસલમાનો બીજા દેશોમાં અત્યાચાર તથા inferiorityના શિકાર હતા. લોકશાહીએ પોતાની અંદર તમામ ખામીઓ હોવા છતાં મુસલમાનોને દુનિયાભરમાં સમાન નાગરિકત્વ તથા નાગરિક્તાનો હક્ક અપાવ્યો, એવા સંજોગોમાં દીની, સામાજિક, રાજકીય જરૂરત બને છે કે મુસલમાનો પોતાના આ હક્ક તથા અધિકારને કાયમ રાખે તથા તેનાથી ફાયદો ઉઠાવે. જેના માટે જરૂરી છે કે તેઓ પોતાના દેશોમાં પણ ગૈર મુસ્લિમોને બરાબરીની નાગરિક્તા આપે. આજે વિશ્વના સમગ્ર દેશોમાં આ જ ચાલે છે, પરંતુ અફસોસ કે તાલિબાઓની બુધ્ધિ દીની બસીરત (દષ્ટિ) તથા વર્તમાન આગાહીઓથી બિલકુલ વંચિત છે.

## શું જિઝયો (ટેક્ષ) ગૈર મુસ્લિમો ઉપર અત્યાચાર છે ?

માનવ જે પ્રમાણે શારીરિક રીતે સમયની અમુક ઘડીઓ તથા ધરતીના અમુક વિભાગોમાં મર્યાદિત હોય છે તે માનસિક રીતે પણ એટલા જ સમય તથા વિભાગોનું પૃથક્કરણ કરી શકે છે, તે ભૂતકાળને ઓછું સમજવાની કોશિશ કરે છે અને ભવિષ્યથી પણ તેને વિશેષ દિલચસ્પી નથી હોતી, જેનું પરિણામ એ આવે છે કે મર્યાદિત સમય તથા માહોલમાં જે વસ્તુ તેને સારી લાગે છે માત્ર તેને જ તે સારી સમજે છે, અને તેના વિરૂદ્ધ દરેક વસ્તુ ઉપર તે નાજાઈઝ તથા હરામ હોવાનો ફત્વો આપી દે છે. વર્તમાન લોકશાહી યુગમાં જીવી રહેલા ઘણા લોકો આ જ કારણે જિઝયાને ગલત સમજવા લાગ્યા છે. કેમ કે ટેક્ષની વર્તમાન વિચારધારા સૌના માટે સમાન છે જ્યારે કે રાજાશાહી યુગમાં આમ ન હતું. રાજાશાહી યુગમાં રાજાના ધર્મ વિરૂદ્ધ અકીદો ધરાવનાર લોકો કાંઈક તો મારી નાખવામાં આવતા અથવા તો ગુલામ (નોકર) બનાવી લેવામાં આવતા હતા. ઈસ્લામી યુગ એ રાજાશાહી યુગ તથા લોકશાહી યુગની વચ્ચેનો યુગ છે અને બંને યુગો કરતાં (ઈસ્લામી યુગ) વધારે સમતોલ છે. ઈસ્લામી દૌરે બીજા ધર્મના લોકોને કત્લ નથી કર્યા અથવા ગુલામ નથી બનાવ્યા, બલ્કે એક ચોક્કસ ટેક્ષ મુકર્રર કરીને સમાન ધાર્મિક, સામાજિક, વ્યાપારિક નાગરિક્તા આપી અને જાનો માલની સંપૂર્ણ સુરક્ષાની જિમ્મેદારી લઈ લીધી. આ રીતે જિઝયો ગૈર મુસ્લિમો માટે અત્યાચાર નથી બલ્કે સંપૂર્ણ ન્યાય તથા રેહમત છે. ન્યાયની દ્રષ્ટિએ જોવામાં આવે તો ઈસ્લામી પ્રદેશોમાં ગૈર મુસ્લિમો પાસેથી લેવામાં આવતા ટેક્ષમાં મુસ્લિમોની સરખામણીમાં તેમને કેટલાંયે પાસાંઓથી સહુલતો આપવામાં આવી છે :–

**(૧)** ઝકાત તમામ માલિકે નિસાબ (શક્તિ ધરાવતા) મુસ્લિમ પુરૂષો તથા સ્ત્રીઓ પાસેથી લેવામાં આવશે, જ્યારે કે જિઝયો માત્ર ગૈર મુસ્લિમ પુરૂષો પાસેથી લેવામાં આવશે, સ્ત્રીઓ પાસેથી નહીં.

**(૨)** જિઝયો તેની પાસેથી લેવામાં આવશે જે

તંદુરસ્ત હોય, જે હમેશાં બીમાર રહેતો હોય, એટલે કે એવો ગૈર મુસ્લિમ જે જંગ કરી જ નથી શક્તો તેની પાસેથી જિઝયો લેવામાં નહીં આવે. જ્યારે કે ઝકાત વિશે મુસ્લિમો માટે આવી કોઈ છૂટછાટ નથી, દરેક માલિકે નિસાબ મુસ્લિમે આપવી પડશે.

**(૩)** લંગડા, લૂલા, આંધળા તથા અતિવૃધ્ધ વ્યક્તિ પાસેથી જિઝયો નહીં લેવામાં આવે, જ્યારે કે ઝકાત આવા તમામ મુસ્લિમો પાસેથી વસૂલ કરવામાં આવશે.

**(૪)** ઝકાત અઢી ટકા લેખે અદા કરવાની રહે છે, દૌલત જેટલી વધતી જશે ઝકાતની રકમ પણ તેટલા જ ટકાના હિસાબે વધતી જશે, જ્યારે કે જિઝયામાં આવું કાંઈ જ નથી. ઈસ્લામી રાજ્યના ઝિમ્મીઓ (ઈસ્લામી રાજમાં વસ્તા ગૈર મુસ્લિમો)ને માલી સ્થિતિના આધારે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે અને તેમના માટે રકમ નક્કી કરી દેવામાં આવી છે જે રકમ વધી નથી શક્તી. આ બાબતની સ્પષ્ટતા અંગે અલ્લામા કાસાની હન્ફી رحمۃ اللہ علیہ લખે છે :

''ઝિમ્મીઓ ત્રણ પ્રકારના હોય છે : ગની (અતિ માલદાર), મધ્યમ વર્ગ તથા ફકીર. ગની (ઘણા માલદાર)ને એક વરસમાં ૪૮ દિરહમ (૧૬૪.૯૬૬૪ ગ્રામ ચાંદી : લગભગ ૪,૮૦૦ રૂપિયા) મધ્યમ વર્ગ માટે ૨૪ દિરહમ (૭૩.૪૮૩ ગ્રામ ચાંદી : લગભગ ૧,૭૦૦ રૂપિયા) તથા કામકાજ કરનારા સામાન્ય વ્યક્તિને ૧૨ દિરહમ (૩૬.૪૭૧૬ ગ્રામ ચાંદી : લગભગ ૮૦૦ રૂપિયા) અદા કરવાના રહેશે. *(બદાએ ઉષ્નાએઅ્)*

જે વ્યક્તિ ૨૦૦ દિરહમ (૬૧૨.૩૬ ગ્રામ ચાંદી : લગભગ ૧૪,૦૦૦ રૂપિયા)નો માલિક ન હોય તો તે ફકીર ગણવામાં આવે છે અને જે ૨૦૦ દિરહમનો માલિક હોય તે મધ્યમ વર્ગીય કહેવાય, અને ૪૦૦૦ દિરમ (૧૨૨૪.૭૨ ગ્રામ ચાંદી : લગભગ ૨૮,૦૦૦ રૂપિયા) અથવા તેનાથી વધુનો માલિક હોય તો તે ગની કહેવાય છે.

અને એક કથન પ્રમાણે જે ૧૦,૦૦૦ દિરહમ (૩૦૧૬.૮ ગ્રામ ચાંદી : લગભગ ૭૦ હજાર રૂપિયા) અથવા એનાથી વધુનો માલિક છે તો તે ગની છે.

**(૫)** ઈસ્લામી પ્રદેશનો ગૈર મુસ્લિમ પોતાનો ચોક્કસ ટેક્ષ અદા કરીને રાહત પામી લે છે, જ્યારે કે મુસલમાનને ખેતીવાડી, જાનવરો, સોના ચાંદી તથા કરન્સી તેમજ વ્યાપારના માલની અલગ અલગ ઝકાત કાઢવી પડે છે. આ સ્પષ્ટતાને ધ્યાનમાં રાખીને શું કોઈ કહી શકે છે કે ઈસ્લામી પ્રદેશમાં જિઝયાનો નિયમ ગૈર મુસ્લિમો ઉપર અત્યાચાર છે ?

આજે મુસ્લિમ આલિમોએ યૂરોપિયન તથા અમેરિકન દેશોને દારૂદઅ્વહ્ (એટલે કે ધર્મ પ્રચારનું સ્થાન) અને દારૂલ અમ્ન (એટલે કે શાંતિ ગૃહ) તથા સંપૂર્ણ વિશ્વને દારૂલ અહ્દ (એટલે કે એકરાર તથા વચનનું સ્થાન) ઠરાવી દીધાં છે. રાજાશાહી યુગનો અંત થઈ ગયો છે, દરેક ઠેકાણે લોકશાહીની બોલબાલા છે. આશ્ચર્ય છે કે દુનિયાએ આજે એક આલમી ગામ (ગ્લોબલ વિલેજ)નું રૂપ ધારણ કરી લીધું છે, હવે જે દેશમાં પણ કાંઈક ઘટના ઘટે છે તેનાથી આખી દુનિયા પ્રભાવિત થાય છે. આલમી અભિપ્રાયને સમતલ કર્યા વિના, અથવા કમસે કમ વાર્તાલાપ તથા વિચાર વિમર્શ દ્વારા સ્પષ્ટ કરવાની કોશિશ કર્યા વિના, પોતાના કબજા હેઠળની ધરતી ઉપર કોઈ વ્યક્તિ કે કોઈ હાકેમ પણ મનમાની કરીને આગળ નથી વધી શકતો સિવાય એ કે જે કુબુદ્ધિનો શિકાર હોય તથા જેને પોતાની જાનો માલ તથા આબરૂની ચિંતા ન હોય, અને ન બીજાની ચિંતા હોય. તો આવી પરિસ્થિતિઓમાં ઈસ્લામી આદેશો તથા શરઈ હુકમોને લાગુ કરવામાં ઉચ્ચ બસીરત, દૂરંદેશી અને સંજોગોની સમજની જરૂરત છે. મુસલમાનોએ ઈસ્લામથી મહોબ્બતની દુઆ કરવી જોઈએ, ઈસ્લામના લાગુ થવાની દુઆ કરવી જોઈએ, પરંતુ એ રીતે કે ઈસ્લામના હક્કમાં માર્ગો સમતલ બને, ગલત ફેહમીઓનો નાશ થાય અને સચ્ચાઈ ઉપર વિરોધીઓએ જે ધૂળ બેસાડી રાખી છે તે સાફ થાય. એ રીતે નહીં કે ઈસ્લામના માર્ગમાં અવરોધો ઉભા થતા જાય. અને એ રીતે પણ નહીં કે દુનિયાના એ ખૂણામાં મનગમતા (પોતે ધારી લીધેલા) ઈસ્લામને લાગુ કરી આખી દુનિયાના મુસ્લિમોને મુશ્કેલીઓમાં ધકેલી આપવામાં આવે. *(ન્યૂ એજ વીઝન, ઓગ. ૦૯)*

# પોતાની ઓળખ જાળવવા ઝઝુમી રહેલા

# ચીની મુસલમાનો

રજૂકર્તા : ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા, આમોદ)

જ્યારે પણ ઈસ્લામી જગતની વાત સામે આવે છે તો આપણે વાત કરીએ છીએ અરબ દુનિયાની ઈન્ડોનેશિયા, મલેશિયાની અને ત્યારબાદ ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ વગેરે દેશોની પરંતુ આપણે મુસલમાનોના વિષયમાં ચીનનું વર્ણન ઘણુ ઓછું બલ્કે કરતા જ નથી, જ્યાં મુસલમાનોની વસ્તી લાખોમાં નહીં કરોડોમાં છે ! ગત એક મહીનાથી ચીન મુસલમાનોના ક્ત્લેઆમ બાબતે વિશેષ શિર્ષકોમાં જોવા મળે છે. ચીનના "ઝિંજિયાંગ" રાજયમાં ગત કેટલાયે દિવસોથી કૌમી તથા સાંપ્રદાયિક અત્યાચારના મુસલમાનો શિકાર બન્યા છે જેમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા સેંકડો સુધી જઈ પહોંચી છે, હજારો લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ કૌમી તથા વંશિય અત્યાચારમાં મુસલમાનોને આયોજનપૂર્વક કાવતરાઓનો ભોગ બનાવવામાં આવ્યા છે અને ચીની પોલીસ તમાશો જોઈ રહી છે. ઝિંજિયાંગ પ્રદેશમાં મુસલમાનોની વસ્તી બહુમતિમાં છે અને એ જ વિસ્તારને આયોજનબધ્ધ રીતે નિશાનો બનાવવામાં આવ્યા છે. અત્યાચાર તથા જુલમ કર્યા પછી મુસલમાનોની જ ધરપકડ પણ કરવામાં આવી રહી છે. તેમની મુક્તિ માટે મુસલમાનો શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે અને પોલીસ મુસ્લિમોને જ આ રમખાણોના જવાબદાર ઠરાવી રહી છે, જ્યારે કે ચીની ગર્વમેન્ટ બિલ્કુલ ચૂપ થઈને તમાશો નિહારી રહી છે. આ કોઈ આકસ્મિક ઘટના નથી બલ્કે તેનાં મૂળો ઘણા ઊડાં છે.

ચીનના ઝિંજિયાંગ પ્રદેશની ગણતરી મોટા પ્રદેશોમાં થાય છે. પૂર્વી તુર્કસ્તાન કહેવામાં આવતી આ વસ્તી ઉપર ચીને ૧૯૪૯માં કબજો કર્યો હતો. ચીનની પશ્ચિમમાં સ્થિત આ પ્રદેશમાં ગત દિવસોમાં અત્યંત દુષ્ટ કૌમી અત્યાચારની ઘટના ઘટી. સૌથી બૂરી વાત એ છે કે ચીની સેના તથા પોલીસે હુલ્લડખોરો તથા અત્યાચારીઓને સબક શિખડાવવાને બદલે અત્યાચારનો ભોગ બનેલા નિર્દોષ મુસ્લિમોને જ પાઠ ભણાવવાનું શરૂ કરી આપ્યું. ચીની અધિકારીઓએ જે સંખ્યા જાહેર કરી છે તેના મુજબ આ કૌમી તથા વંશિય દંગામાં ઓછામાં ઓછા ૧૪૦ લોકો મોતને ઘાટ ઉતર્યા છે અને ૮૦૦ થી વધુ લોકો જીવન તથા મૃત્યુ વચ્ચેની જંગ લડી રહ્યા છે. જ્યારે કે વર્લ્ડ કોંગ્રસની યાદી મુજબ ત્યાંના સરકારી અધિકારીઓ મૃતકોની સંખ્યા ઘણી ઓછી બતાવી રહ્યા છે, મૃત્યુ પામનારાઓની સંખ્યા લગભગ ૬૦૦ છે, ઝઘડો તથા ફસાદ દુનિયાના કોઈ પણ ખૂણામાં હોય સામાન્ય રીતે સરકારી મંત્રીઓ મૃતકોની સંખ્યા ઓછી જાહેર કરે છે અને જેઓને તે મોતને ઘાટ ઉતરેલી લાશો ઉપર રાજકરણનો ગંદો ખેલ ખેલવાની ટેવ હોય તેઓ સંખ્યા વધારીને રજૂ કરે છે. કોણ મર્યુ છે ? કોણ મૌત સાથે જંગ લડી રહ્યું છે ? કેટલા યતીમ થયા ? કેટલી બેવાઓના સોહાગ ઉજડી ગયા ? તેનાથી બંને પક્ષોને કોઈ સંબંધ નથી હોતો. બંનેવ ગણતરીની આડમાં પોતાનું મેદાન બનાવે છે અને માનવતા તડપી તડપીને દમ તોડી રહી છે. ચીનના આ પશ્ચિમી પ્રદેશ ઝિંજિયાંગની ઘટના પછી પણ આ પ્રમાણેની રમત રમાઈ રહી છે. મૃતકોની સંખ્યા ૧૪૦ હોય કે પછી ૬૦૦ હોય, તે મહત્વની વાત નથી, મહત્વની વાત એ છે કે આ તમામ મૌતની આગોશમાં સૂઈ રહેલા સર્વે મુસલમાની હતા અને નિર્દોષ હતા. તેથી પણ વધુ આશ્ચર્યજનક એ છે આ બે કુસૂર મુસલમાનોના ક્ત્લેઆમ ઉપર ઈસ્લામી જગતમાં કોઈ પણ જાતનો અજંપો કે હલચલ જોવા નથી મળી ! આખી અરબ દુનિયા ચૂપ છે ! ચીન સાથે અબજો ડોલરનો વ્યાપારી સંબંધ ધરાવનાર સઊદી અરબ, બેહરીન તથા કુવૈત જેવા મુસ્લિમ દેશો ચીન સામે કાયદેસરનો વિરોધ પ્રદર્શિત ન કરી શક્યા. હોવું તો એવું જોઈએ કે આ કહેવાતા ઈસ્લામી દેશો ત્યાં સ્થિત ચીની રાજદૂતોને બોલાવી કાયદેસરનો વિરોધ નોંધાવે અને તેમનાથી

આ વિશે જવાબ માંગે. પરંતુ હાય અફસોસ ! કે ચીનને કરોડો ડોલર આપનાર આ નામના મુસ્લિમ દેશોને પણ ઝબાન ખોલવામાં આળસ આવી ! ધમકી આપવી તો દૂરની વાત અત્યાચારના ભોગ બનેલા યતીમો ખાતર વિનંતી પણ ન કરી શક્યા.

### ★ ઝિંજિયાંગનો ટૂંકો ઈતિહાસ ★

ચીનના મોટા રાજ્યોમાંથી એક રાજ્ય ઝિંજિયાંગ છે જેની વસ્તી ઈ.સ. ૨૦૦૩ની વસ્તી ગણતરી મુજબ એક કરોડ ૭૪ લાખ હતી. એક અનુમાન મુજબ અત્યારે આ વસ્તી લગભગ બે કરોડ થઈ ચૂકી છે. "અરૌમકી" શહેર અહિંયાની રાજધાની છે. ૧૯૪૯માં ચીને આ પ્રાંત ઉપર કબજો જમાવ્યો હતો. ઝિંજિયાંગની સરહદો કઝાખિસ્તાન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, રશિયા, મોંગોલિયા,તાજિકિસ્તાન તથા હિન્દુસ્તાનની સરહદો સાથે મળે છે એટલા માટે ચીની ગર્વમેન્ટ આ પ્રદેશ ઉપર ખાસ નજર રાખે છે. અહિંયા તેલ જેવા કુદરતી ગેસોનો જબરદસ્ત જથ્થો ઉપસ્થિત છે જેથી ચીની સરકાર આ વિસ્તાર ઉપર પોતાની પકડ મજબૂત રાખવા માંગે છે.

ચીની ભાષામાં "ઝિંજિયાંગ" નો મતલબ થાય છે નવો પ્રાંત જેનો અર્થ એ થયો કે ઝિંજિયાંગ પ્રાકૃતિક રીતે ચીનનો પ્રદેશ નથી બલ્કે તેમાં સમાયેલ કુદરતી દૌલત અને ભૌગોલિક મહત્વતાની લાલચમાં ચીન તેના ઉપર કબજો કાયમ રાખવા માંગે છે પરંતુ કોઈ પણ સંજોગોમાં આ કબજો ત્યાંના મુસલમાનોની જાન, માલની કિંમત ઉપર ન હોવો જોઈએ. ચીનમાં જે પાંચ રાજ્યોને નામની સ્વતંત્રતા પ્રાપ્ત છે, તેમાંથી એક ઝિંજિયાંગ પણ છે તેને બીજી ભાષાઓમાં શિજિયાંગ અથવા શિકાંગ પણ લખવામાં આવે છે. આ પ્રદેશ વિસ્તારની દ્રષ્ટિએ એટલો વિશાળ છે કે કેટલાયે સ્વતંત્ર દેશો તેના અડધા ભાગથી પણ ઓછામાં સમાય જાય. આ રાજ્યની ઉત્તરમાં રણ વિસ્તાર છે જ્યાં જીવન ઘણુ મુશ્કેલ છે જ્યારે દક્ષિણમાં હિમાલય પહાડ છે. જાતિ તથા વંશિયતાની દ્રષ્ટિએ આ પ્રદેશ ભારે રંગબેરંગી છે. અહિંયાં કઝાખ, તુર્કી, તાજીક, ઉઝબીક, દાઉર, કરજિગ, મોંગોલ તથા હાન જાતિના લોકો વસે છે. હાન અહિંયાંના સ્થાનિક રહીશો કહેવાય છે જેઓ ધાર્મિક રીતે ગેર મુસ્લિમ છે. અન્ય જાતોના લોકોની વસ્તી લગભગ ૪૦ ટકા છે જ્યારે કે મુસ્લિમો ઝિંજિયાંગમાં ૬૦ ટકા છે. હાન જાતિના લોકોને ગર્વમેન્ટની સહાયતા પ્રાપ્ત છે તે જ સહાયતા તથા સત્તાના પીઠબળ હેઠળ તેઓ અવારનવાર મુસલમાનો ઉપર હુમલા કરતા રહે છે. "હાન" જાત સિવાયની વસ્તીમાં સૌથી વધુ પરસ્પર તુલનામાં "ઓગોર" જાતના લોકોની છે તેઓ મૂળભૂત તુર્કી નસબથી સંબંધ ધરાવે છે. વર્તમાન રમખાણો તથા અત્યાચારોમાં ઓગોર મુસ્લિમોને જ લક્ષ્ય બનાવવામાં આવ્યા છે.

ચીનના "તાંગ" રાજાઓના પૂરાણા દસ્તાવેજોમાં સહાબીએ રસૂલ હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہના ચીનમાં આગમનનું વર્ણન જોવા મળે છે. તે સમયના તાંગરાજા "યોગંવી" એ હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ નું ભવ્ય સ્વાગત કર્યું હતું તથા ઈસ્લામી તાલીમાતથી પ્રભાવિત થયો હતો. તે રાજાની જ અનુમતિથી ચાંગઈન નામના સ્થળે ચીનની સૌથી પહેલી મસ્જિદ તામીર થઈ. ચૌદસો વરસ પછી પણ આ મસ્જિદ એ જ શાન તથા પ્રતિષ્ઠાની સાથે આજે પણ સ્થિત છે. ત્યાંથી ચીનમાં ઈસ્લામનો પ્રારંભ માનવામાં આવે છે. "સોગ" રાજાઓના યુગમાં ચીની મુસ્લિમો વધારે પડતા કારોબારી તથા વ્યાપારમાં આગળ હતા, કેમ કે તે સમયમાં અધિકતમ વેપાર સમૂદ્રિ રસ્તેથી થતો હતો જેથી જહાઝ ચલાવવામાં ડાઈરેક્ટર જનરલ કોઈ મુસલમાનને જ બનાવવામાં આવતો હતો. "ચંગ" રાજાઓના યુગમાં મુસલમાનોએ જબરદસ્ત પ્રગતિ મેળવી. "ચંગ" રાજાઓના યુગમાં મુસ્લિમ તથા ઈસ્લામ વિરોધી ભાવનાઓને ઉશ્કેરવામાં આવી. "ચંગ" રાજાઓ ખાનદાની રીતે "માન્ચૂસ" ખાનદાનથી સંબંધ ધરાવતા હતા તેઓ લઘુમતિમાં હોવાના કારણે ચંગ રાજાઓએ મુસ્લિમો તથા સ્થાનિક હાન રહીશોને અંદર અંદર ઉલ્ઝવી રાખવાનો નિર્ણય કર્યો જેથી તેમની સત્તાને ખતરો ન રહે. અત્યારે આખા ચીનમાં લગભગ સાડા ત્રણ કરોડ મુસ્લિમ વસ્તી છે, જેમાં વધુ પડતા મુસલમાનો "હૂઈ" જાતના છે, ફક્ત

ઝિંજિયાંગમાં ઓગોર મુસ્લિમો બહુમતિમાં છે.

૧૯૧૧માં ચંગ ખાનદાનના રાજનો અંત આવ્યો. "સોવિયટ સૈનના" નેતૃત્વમાં ચીનની લોકશાહીનું અસ્તિત્વ સામે આવ્યું. સોવિયેટ સૈને તે વાતને નિશ્ચિત બનાવવા વધુ જોર આપ્યું કે ચીનમાં દરેક વર્ગને સંપૂર્ણ આઝાદી મળે અને દરેક કૌમના લોકોને બરાબર અધિકારો પ્રાપ્ત થાય. હાન, માન, હૂઈ, તસાંગ, તથા મોગ જાતોના લોકોમાં સંબંધો મજબૂત બન્યા. પરંતુ લઘુમતિ માટે ખાસ કરીને મુસલમાનો માટે આ સારા દિવસો વધુ ન રહ્યા અને ૧૯૪૮માં માઓત્સેતુંગે સત્તા ઉપર કબજો કરી કોમ્યુનિસ્ટ શાસનની સ્થાપના કરી. હવે ફરી એકવાર ચીની મુસ્લિમો ઉપર જમીન તંગ થવા લાગી. માઓના અત્યાચારથી તંગ આવીને મુસલમાનોએ બે વાર એકમત થઈને સત્તા તથા અત્યાચાર વિરૂદ્ધ બળવો પોકાર્યો પરંતુ કુદરતનું કરવું કે તેઓ એમાં નિષ્ફળ રહ્યા, અને પરિણામે માઓના સિતમમાં વધારો થઈ ગયો.

માઓત્સેતુંગની ગર્વમેન્ટ દરેક સંભવિત કોશિશો કરી કે મુસ્લિમોને મૂળમાંથી નાબૂદ કરી દેવામાં આવે. આ અત્યાચારી શાસને મુસલમાનોની અલગ ઓળખ મિટાવવા પણ આયોજનપૂર્વક પ્રયત્નો કર્યા. સમાન શૈક્ષણિક વ્યવસ્થાના નામે ૩૦ હજાર મદ્રસાઓ બંધ કરી તાળાં લગાડી આપવામાં આવ્યાં. ૨૯ હજાર મસ્જિદોને બંધ કરી દેવામાં આવી જેમાંથી કેટલીક મસ્જિદોને તો ધ્વસ્ત કરી દેવામાં આવી, અને કેટલીક મસ્જિદોનો નાપાક કામોમાં ઉપયોગ કરવામાં આવ્યો. મસ્જિદોના ઈમામો તથા ખાદિમોને બળજબળીથી સુવ્વરો પાલનારા ફાર્મ હાઉસોમાં નોકરી ઉપર લગાડવામાં આવ્યા. ૨૯ હજાર મસ્જિદોના ઈમામો તથા મોઅઝ્ઝિનો જ્યારે બે રોજગાર થઈ ગયા તો તેઓ કોઈ નાનો વેપાર કરી પોતાનું જીવન વિતાવવા માંગતા હતા, પરંતુ માઓત્સેતુંગની અત્યાચારી ગર્વમેન્ટને તો તેમની ઓળખ જ નાબૂદ કરવી હતી એટલા માટે તેમની સામે સુવ્વર પાલનારા ફાર્મોમાં નોકરીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો. જ્યારે તે ઈમામોએ આ નાપાક નોકરીનો પ્રસ્તાવ ઠુકરાવી આપ્યો તો તેઓને બળજબરીથી સુવ્વર ફાર્મોમાં બંધ કરી દેવામાં આવ્યા. માઓત્સેતુંગની મૌત પછી આજથી લગભગ ૨૦ વરસ પહેલાં કમ્યુનિસ્ટ ગર્વમેન્ટે એકવાર ફરી થોડી છૂટ આપવાનો ફેંસલો કર્યો. માઓએ ઓગોર ભાષા માટે અરબી લિપિના બદલે લેટીન લિપિ અપનાવવા મજબૂર કર્યા હતા, પરંતુ એકવાર ફરી ઓગોર ભાષા હવે અરબી લિપિમાં લખાવવા લાગી છે.

૧૯૭૮માં ગર્વમેન્ટે ઘોષણા કરી કે દરેક વર્ગના લોકોને ધાર્મિક સ્વતંત્રતા મળશે ત્યાર બાદ પરિસ્થિતિમાં સુધારો આવ્યો. અત્યારે ચીનમાં લગભગ ૨૮ હજાર મસ્જિદો છે જેમાંથી ઝિંજિયાંગમાં જ ૧૨ હજાર મસ્જિદો છે. અત્યારે ફરી એકવાર ચીની ગર્વમેન્ટના જોર ઉપર હાન લોકોએ ઓગોર મુસ્લિમો વિરૂદ્ધ તોફાન તથા અત્યાચાર મચાવી રાખ્યો છે. હાલના રમખાણોના મૂળો તો ભલે ગંભીર તથા ગેહરાં છે પરંતુ આજે ગ્લોબલ વિલેજના યુગમાં વિશ્વના દેશો એકબીજાની ઘણા નજીક આવી ચૂક્યા છે. આજે જો ઈન્ડોનેશિયાની પાસે સમુદ્રના કોઈ નાના ટાપુ ઉપર કેટલાક હજાર લોકોને કોઈ (સુનામીથી) તકલીફ પહોંચે છે તો વોશિંગ્ટનમાં વાર્તાલાપ શરૂ થઈ જાય છે, વ્હાઈટ હાઉસથી ઈન્ડોનેશિયાના નામે ફર્માનો જારી થવા માંડે છે. પરંતુ ચીનમાં આટલા મોટા પાયે કત્લેઆમ થઈ રહી છે અને અમેરિકા તેનાથી અજાણ તથા બેખબર છે ! ઈસ્ટ તૈમૂરની હિમાયત કરનારાઓ ઓગોર મુસલમાનોની સમસ્યાઓ સાંભળવા તૈયાર નથી અને ચીનમાં બનેલ ટોપી રૂમાલ લગાડીને નમાઝો પઢનાર અરબ રાજાઓ પણ આળસ તથા બેહોશીપણાની ઊંઘના શિકાર છે !

**આજે જો ફક્ત અરબ દેશો એલાન કરી આપે કે ચીન સાથેના વેપારી સંબંધો ખતમ કરી નાખીશું ! તો ચીનની હિંમત નથી કે ઝિંજિયાંગ પ્રદેશમાં નિર્દોષ મુસલમાનોનું ખૂન વહાવનારાઓને ખુલ્લી છૂટ આપે.** પરંતુ પેટ્રોડોલરના નશામાં ધૃત અય્યાશ અરબ રાજાઓને ક્યાં નવરાશ કે પોતાની ઓળખની તલાશમાં ફરતા મુસલમાનોના દુઃખ દર્દને સમજી શકે. *(ન્યૂ એજ વીઝન, ઓગસ્ટ–૨૦૦૯)*

# ઈમામે આ'ઝમના

## હિકમતપૂર્ણ તબ્લીગના પ્રયાસો

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

પરવરદિગારે આલમ ﷻ દીને હક્ક઼ ઈસ્લામની હિફાઝત તથા તેના પ્રચાર પ્રસાર માટે દરેક યુગમાં ઈલ્મો મા'રેફત અને ફઝ્લો કમાલવાળા ઉલમા, વિદ્વાનો, બુદ્ધિજીવીઓને બાક઼ી રાખે છે, જેઓ હમેશાં દીને હક્ક઼ની તબ્લીગમાં સંપૂર્ણપણે કાર્યરત રહે છે. ઈસ્લામના ચમનને સિંચવવા પોતાના તન, મન, ધનથી પ્રયત્નશીલ રહે છે. જેમની કોશિશો દરેક પ્રકારના દેખાડા તથા લાલચથી પાક હોય છે. જેઓ ઈસ્લામની તબ્લીગ અને દીનની ખિદમતમાં નિઃસ્વાર્થ હોય છે. જેમનું દરેક કામ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની રઝા માટે હોય છે. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ પછી જેમણે ઈસ્લામની તબ્લીગ તથા દીનની દા'વતનો પવિત્ર ફર્ઝ અદા કર્યો તે તાબઈનની મુક઼દ્દસ જમાઅત હતી જેમની અથાગ કોશિશોથી ઈસ્લામને ખૂબ પ્રગતિ મળી, ભટકેલા લોકોને હિદાયત મળી, ઈલ્મનું અજવાળુ પ્રકટ થયું અને જહાલતનો અંધકાર દૂર થયો. તાબઈનના અંતિમ યુગમાં એક એવા મુબલ્લિગ અને દીનની દા'વત આપનારનું નામ પણ ઈતિહાસના પાનાંઓ પર સુવર્ણ અક્ષરે, અંક્તિ જોવા મળે છે જેની તબ્લીગે દીન અને દા'વતે હક્ક઼ માત્ર તબ્લીગ અને દા'વત જ ન હતી બલ્કે મુબલ્લિગો અને દીનની દા'વત આપનારાઓ માટે માર્ગદર્શક એવા નિયમો અને સિદ્ધાંતો હતા. એ મુબલ્લિગ અને દાઈએ દીનનું નામ ''નો'અમાન બિન ષાબિત'' છે, દુનિયા જેમને ઈમામે આ'ઝમ અબૂ હનીફાના નામથી યાદ કરે છે.

અબ્દુલ મલિક બિન મરવાનના રાજયકાળ અને હિ.સ. ૮૦માં કૂફામાં આપની વિલાદત થઈ. જયારે ઈલ્મે કલામ ખૂબ પ્રચલિત હતો માટે આપે પણ શરૂઆતમાં એ તરફ ધ્યાન આપ્યું અને ઈલ્મે કલામમાં ખૂબ મહારત પ્રાપ્ત કરી. આપે ફર્માવે છે, ''શરૂઆતમાં હું બહષ મુનાઝરામાં મશ્ગૂલ રહેતો, તે સમયે મારી સમજમાં ઈલ્મે કલામ સર્વ શ્રેષ્ઠ ઈલ્મ હતો. હું સમજતો હતો કે આ ઈલમ ઉસૂલે દીનથી છે અને તેનાથી દીનની ઘણી ખિદમત થાય છે. એ જ ખ્યાલથી એક મુદ્દત સુધી તેને જ ઈલ્મે દીન સમજીને ઈસ્લામના દુશ્મનોથી મુક઼ાબલો (મુનાઝરા) કરતો રહ્યો, પછી વિચાર આવ્યો કે સહાબાએ કિરામ અને તાબઈને એઝામ આપણાથી અધિક દીનનું જ્ઞાન અને સમજ ધરાવતા હતા છતાં કદી પણ તેઓ બષહમાં ન પડયા, બલ્કે શરઈ બાબતોમાં ચિંતન મનન કર્યું અને ફિક઼્હી મસાઈલને પોતાની દિમાગી તથા ચિંતનમય કોશિશોનું કેન્દ્ર બનાવ્યું.

આપણા પૂર્વજોને દીનની તબ્લીગ઼નો કેટલો ખયાલ હતો તે જુઓ, ઉપરોક્ત વિગતથી નિર્દેશ મળે છે કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ શરૂઆતમાં ઈલ્મે ક઼લામ તરફ માઈલ થયા હતા તે પણ દીનની ખિદમત અને ઈસ્લામની તબ્લીગના અતિશય જઝ્બા હેઠળ જ હતું, પોતાની બડાઈ જાહેર કરવાનો હેતુ ન હતો અને દીનની તબ્લીગ તથા ઈસ્લામની ખિદમતના લીધે જ તો આપે ઈલ્મે ફિક઼્હ અપનાવ્યો અને તેમાં ઘણી જ મહારત પ્રાપ્ત કરી અને એના દ્વારા આપે દીનની એવી ખિદમત અને તબ્લીગ઼ કરી કે આજ સુધી આપના સૂચવેલા શરઈ નિયમો તથા સિદ્ધાંતો અપનાવી દા'વત અને તબ્લીગ઼નો ફર્ઝ અદા કરવામાં આવે છે. ઈલ્મે કલામ દ્વારા મુનાઝરા કરી ઈસ્લામની તબ્લીગ કરવાના અમુક ઉદાહરણો જોઈએ.

### ત્રીજા ખલીફા ઝુન્નૂરૈન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના દુશ્મનની તૌબા

કૂફામાં એક રાફઝી રહેતો હતો જે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને યહૂદી કહેતો. (મઆઝલ્લાહ !) એકવાર હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ તેની પાસે જઈને કહ્યું કે હું તારી પુત્રી માટે સગાઈ લાવ્યો છું, છોકરો ઘણો જ શરીફ, માલદાર, હાફિઝે કુર્આન, સખી અને અલ્લાહ તઆલાનો ખૌફ રાખનાર, નમાઝ, રોઝાનો સખત પાબંદ છે. આ સાંભળીને રાફઝી કહેવા લાગ્યો, ''હુઝૂર ! આવી સગાઈ ફરી મળવી મુશ્કેલ છે, જલ્દી સગાઈ કરાવી આપો.'' આપે ફર્માવ્યું, ''પરંતુ છોકરામાં એક વાત એવી છે જેને તું પસંદ નહીં કરે !''

એવી શું વાત છે ? તેણે પૂછયું, આપે ફર્માવ્યું, "તે યહૂદી છે." કહેવા લાગ્યો, "આપ આલિમ થઈ મને એક યહૂદી સાથે પોતાની પુત્રીને પરણાવવાની સલાહ આપો છો ?" આપે ફર્માવ્યું, "જ્યારે એક માલદાર અને શરીફ યહૂદી સાથે તું પોતાની પુત્રીની સગાઈ કરવાનું પસંદ નથી કરતો તો શું નબીએ અકરમ ﷺ પોતાની બે સાહબઝાદીઓનો નિકાહ એવા માણસ સાથે કરી શકે છે જે યહૂદી હોય ?! આટલું સાંભળી રાફઝીએ તૌબા કરી અને હઝરત ઉષ્માન ઝુન્નૂરૈન رضی اللہ عنہના વિશે ગલત અક઼ીદાથી પોતાની સુધારણા કરી લીધી. *(તારીખે બગ઼દાદ, ૧૩/૩૬૪, બૈરૂત)*

## ખારજીઓની સાથે એક મુનાઝરો

આપના સાહબઝાદા હઝરત હમ્માદ رضی اللہ عنہ ફર્માવે છે જ્યારે ખારજીઓને જાણ થઈ કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ગુનાહે કબીરા કરનારને કાફિર નથી કહેતા તો બુરા પ્રકારના ખારજીઓનું એક જુથ આપની પાસે આવી પહોંચ્યું. આ તે સમય હતો જ્યારે અબ્બાસી હુકૂમતમાં અશાંતિ ફેલાયેલી હતી, દેશમાં રાફઝી, ખારજી જેવી કેટલીયે જમાઅતો બળપ્રયોગથી કામ લઈ રહી હતી. ખારજીઓએ કહ્યું કે અમે એક મસ્અલો જાણવા માટે આવ્યા છીએ, મજલિસમાં બેઠેલા લોકોને આપે એમના માટે જગ્યા બનાવવાનું કહ્યું, જ્યારે બેઠેલા લોકો આમ તેમ થયા તો સર્વ ખારજીઓએ આપની નજીક આવીને તલવારો બહાર કાઢી અને કહેવા લાગ્યા, અમે તો આપને ક઼ત્લ કરવા આવ્યા છીએ ! આપનું ક઼ત્લ અમારા દુશ્મનનું ક઼ત્લ થશે જે સિત્તેર વરસના જેહાદથી પણ અફઝલ છે. આપે ફર્માવ્યું, પહેલાં મારી સાથે મુનાઝરો કરો ! તેઓ રાજી થઈ ગયા. આપે ફર્માવ્યું, મુનાઝરો કરતા પહેલાં આ તલ્વારો એક બાજુ રાખી દો. કહેવા લાગ્યા કે એ કઈ રીતે બની શકે ! અમે આ તલ્વારોને તમારા લોહીથી રંગીન કરવા લાવ્યા છીએ. આપે ફર્માવ્યું, અચ્છા ! મુનાઝરાની શરૂઆત કરો ! તેમણે કહ્યું, "એક એવા માણસનો જનાઝો છે જે શરાબ પીતો હતો અને શરાબના નશામાં જ મૃત્યુ પામી ગયો, અને એક એવી સ્ત્રીનો જનાઝો છે જે વ્યભિચારી હતી, જ્યારે સગર્ભા થઈ તો આત્મહત્યા કરી લીધી." આપે પૂછયું, "શું તે યહૂદી હતાં ? તેમણે કહ્યું, "ના !" શું તેઓ મજૂસી હતાં ? કહ્યું, "ના !" તો એમનો ધર્મ શો હતો ? તેમણે કહ્યું, તેઓ મુસલમાન હતાં. આપે ફર્માવ્યું, "તેઓ કયો કલ્મો પઢતા હતા ?" કહ્યું, "લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ !" ફર્માવ્યું, એમનું ઈમાન કયા દરજ્જાનું હતું ? શું કલ્મો પઢયા પછી (ઈમાન લાવ્યા પછી) એમનું ઈમાન અડધુ હતું ? ત્રીજા ભાગનું કે ચોથા ભાગનું ?" એમણે કહ્યું, "ના ! સંપૂર્ણ ઈમાન હતું." ફર્માવ્યું, તમે એવી વ્યક્તિ વિશે શું કહેશો જેનું ઈમાન સંપૂર્ણ હોય ? ખારજી લાજવાબ થઈ કહેવા લાગ્યા, ચાલો ઈમાનની વાત છોડો ! અમને એ બતાવો કે તેઓ જન્નતી હશે કે જહન્નમી ? આપે ફર્માવ્યું, હું એ બંને માટે એ જ કહીશ જે સૈયદોના ઈબ્રાહીમ علیہ السلامએ પોતાના સમયના બે એવા દુશ્મનો માટે કહી હતી જે એમના સમયમાં વધારે ગુનેહગાર હતા. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ ફર્માવ્યું, (ભાવાર્થ) : "તો જેણે મારો સાથ દીધો તે તો મારા છે અને જેણે મારું કહ્યું ન માન્યું, તો બેશક ! તું બખ્શવાવાળો મહેરબાન છે." *(સૂ. ઈબ્રાહીમ, ૩૬)*

અને હઝરત ઈસા علیہ السلامએ જે એમનાથી વધારે મુજરિમ ક઼ૌમ વિશે કહ્યું હતું તે કહીશ ! (ભાવાર્થ) : જો તું એમનો અઝાબ કરે એ તારા જ બંદા છે અને તું એમને બખ્શી દે તો બેશક ! તું જ ગાલિબ હિકમતવાળો છે" *(સૂ. માએદા, ૧૧૮)*

અને હું એમની સાથે હઝરત નૂહ علیہ السلامના ફર્માન મુજબ વર્તાવ કરીશ." કાફિર બોલ્યો, શું અમે આપના પર ઈમાન લાવીએ જ્યારે કે નીચ લોકો આપની પેરવી કરે છે ? ફર્માવ્યું, (ભાવાર્થ) : જેમને તમારી આંખો તુચ્છ જોઈ રહી છે એમના માટે હું નથી કહેતો કે અલ્લાહ તઆલા એમને કદી કોઈ ભલાઈ નહીં આપે, અલ્લાહ ખૂબ જાણે છે જે એમના દિલોમાં છે. હું જો આમ કરું તો હું જાલિમોમાંથી છું. *(સૂ. હૂદ, ૩૧)*

ઈમામે આ'ઝમ رضی اللہ عنہની દલીલો સાંભળી ખારજીઓએ તલ્વારો ફેંકી દીધી અને પોતાના અક઼ીદા (કે ગુનાહે કબીરા કરનાર કાફિર છે)થી તૌબા કરી એહલે સુન્નતનો અક઼ીદો અપનાવી ખાલિસ પાકા મુસલમાન બની ગયા. *(મક઼ામાતે ઈમામે આ'ઝમ, લેખકઃ હાફિઝુદ્દીન કુરદરી, મુહમ્મદ ફૈઝ અહમદ, ઉવૈસી, ૧/૩૦૧, ૩૦૨)*

સુબ્હાનલ્લાહ ! ખારજીઓ શા હેતુથી આવ્યા હતા અને ઈમામે આ'ઝમ رضی اللہ عنہની તબ્લીગ઼થી ન કેવળ એ

નાપાક ઈરાદો ત્યજી દીધો બલ્કે એક બાતિલ અક઼ીદો છોડી સાચા અક઼ીદા અને ઈમાનવાળા થઈ ગયા.

## નાસ્તિકોએ ખુદાનું અસ્તિત્વ માની લીધું

આપના જમાનામાં જેવી રીતે ખારજી, રાફઝી તથા અન્ય બદ્અક઼ીદા લોકો મૌજૂદ હતા, તેવી જ રીતે નાસ્તિક તથા અધર્મી પણ મૌજૂદ હતા. તેઓ ચાહતા હતા કે જ્યારે પણ મોક઼ો મળે ઈમામે આ'ઝમ رضی اللہ عنہને ક઼ત્લ કરી દઈએ. એક દિવસ આપ મસ્જિદમાં એકલા હતા એવામાં અચાનક નાસ્તિકોનું એક ગૃપ અંદર આવી ગયું અને આવતાં જ આપની સમક્ષ તલ્વારો તથા છરી દેખાડવા લાગ્યા. આપે ફર્માવ્યું, થોભી જાવ ! પહેલાં મારા એક પ્રશ્નનો જવાબ આપો, પછી જે જીવમાં આવે કરી લેજો. આપે ફર્માવ્યું, મને જણાવો કે એ નાવડી વિશે તમે શું કહો છો જેમાં સામાન લદાયેલો હોય અને તે નદીમાં ચાલી રહી હતી, તેને તોફાની હવાઓ અને મોજાંઓએ ઘેરી લીધી તેમ છતાં તે પોતાના માર્ગે ચાલતી રહી, જ્યારે તેનો કોઈ નાવિક કે ચલાવનાર હતો નહીં, તેના પર કોઈ માણસ પણ ન હતો જે નાવડીનું રુખ ફેરવીને તોફાન તરફથી કોઈ બીજી બાજુ લઈ જાય. શું તમારી બુદ્ધિ એવું સ્વીકારે છે કે તેમ છતાં પણ નાવડી તોફાન દરમ્યાન સીધી મંઝિલની તરફ ચાલતી રહી ?! તે સૌએ કહ્યું, નથી માનતી ! આપે ફર્માવ્યું, જ્યારે તમારી બુદ્ધિ એ સ્વીકારવા તૈયાર નથી તો પછી આટલી મોટી સૃષ્ટિ જેમાં વિવિધ પ્રકારના ફેરફારો તથા તોફાનો છે તે કોઈ ચલાવનાર વિના કેવી રીતે ક઼ાયમ રહી શકે છે ? આપની આ વાત સાંભળીને નાસ્તિકો જેઓ આપને ક઼ત્લ કરવાના માટે આવ્યા હતા તેઓ લાજવાબ થઈ ગયા અને પોતાની ભૂલ સ્વીકારીને પોતાના અક઼ીદાથી પોતાની ગલત માન્યતાથી તૌબા કરી મુસલમાન થઈ ગયા. *(ઈમામે આ'ઝમ, સૈયદ તુરાબુલ હક્ક઼ ક઼ાદરી, પેજ–૧૧૪)*

હઝરત હ઼મ્માદ رضی اللہ عنہના વિસાલ થયા પછી ઈમામે આ'ઝમ رضی اللہ عنہતેમની મસ્નદ (સ્થાન) સંભાળી દર્સ આપવા લાગ્યા. થોડા જ અરસામાં આપના ઈલ્મો ફઝ્લની એવી શોહરત થઈ કે દૂર દૂરથી લોકો આપના દર્સમાં શરીક થવા લાગ્યા.

આપના દર્સમાં કેટલા લોકો શરીક થતા હતા એ વિશે અલ્લામા ઈબ્ને હ઼જર رضی اللہ عنہ ફર્માવે છે કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી જેઓએ ઈલ્મે ફિક઼્હ અને ઈલ્મે હદીષ પ્રાપ્ત કર્યો એમની ગણત્રી કરવી અશક્ય છે. કેટલાક ઈમામોનું કહેવું છે કે કોઈના એટલા શાગિર્દો ન થયા જેટલા ઈમામે આ'ઝમ رضی اللہ عنہના શાગિર્દો થયા અને સામાન્યતઃ લોકોને કોઈનાથી એટલો ફયૂઝ ન પહોંચ્યો જેટલો આપનાથી અને આપના અસ્હાબથી પહોંચ્યો.

આપની દર્સગાહથી એવા મુબલ્લિગ઼ો અને દીનની દા'વત આપનારા પેદા થયા જેમની તબ્લીગ઼ અને દા'વતથી ઈસ્લામને ઘણુ બળ મળ્યું તથા દીનનો ખૂબ પ્રચાર થયો. તા'લીમો તર્બિયત અને તબ્લીગ઼ તથા દીનની ખિદમતમાં ઘણા જ મશ્હૂર એવા આપના અમુક શાગિર્દોના મુબારક નામો આ પ્રમાણે છે :–

(૧) ક઼ાઝી અબૂ યૂસુફ (૨) ઈમામ મુહમ્મદ બિન હસન (૩) ઈમામ માલિક (૪) ઈમામ મુસ્ઈર બિન કિદામ (૫) ઈમામ ઝુફર બિન હઝીલ (૬) અબ્દુલ્લાહ બિન મુબારક (૭) વકીઅ઼ બિન જર્રાહ (૮) યહ઼યા બિન સઈદ ક઼ત્તાન (૯) યહ઼યા બિન ઝકરિયા (૧૦) યઝીદ બિન હારૂન (૧૧) અબ્દુર્રઝ્ઝાક઼ બિન હમામ (૧૨) અબૂ આસિમ નબીલ (૧૩) ઈમામ મક્કી બિન ઈબ્રાહીમ વગેરે....

ઈમામે આ'ઝમ رضی اللہ عنہના જમાનામાં અમુક મસાઈલનું સંકલન ભલે થઈ ગયું હતું પરંતુ કાયદેસર સંપૂર્ણ બંધારણ અને ક઼ાનૂનનું રૂપ ન અપાયું હતું. જ્યારે ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ ક઼ાઝીઓ અને હાકિમોના ફૈસલાઓમાં ગલતીઓ જોઈ તો આપને ફિક઼્હનું સંકલન કરવાની ચિંતા થઈ માટે આ અતિ મહત્વના અને મહાન કાર્ય માટે પોતાના શાગિર્દોમાંથી ૪૦ (ચાલીસ) ક઼ાબેલ લોકોને ચૂંટી કાઢીને એક ફિક઼્હી મજલિસ બનાવી. હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ મસ્નદ પર બિરાજમાન થતા, આપના સમક્ષ કોઈ મસ્અલો રજૂ કરવામાં આવતો અને આપના શાગિર્દો એ મસ્અલા પર ચર્ચા વિચારણા કરતા. કેટલીક વાર તો એમના અવાજો ઊંચા થઈ જતા અને મોડે સુધી બહષ થતી. આપ એમની ચર્ચા સાંભળ તા પછી જ્યારે આપ બોલવાનું શરૂ કરતા તો સંપૂર્ણ શાંતિ છવાઈ જતી.

ઈમામે આ'ઝમ رضی اللہ عنہની સ્થાપિત ફિક઼્હી મજલિસની કાર્ય પદ્ધતિ વિશે ઈમામે અઅ્મશ ફર્માવે

છે : "જ્યારે આ મજલિસ સમક્ષ કોઈ મસ્અલો રજૂ થતો તો એ સમિતિના સભ્યો (ચાલીસ ઉલ્મા) તે મસ્અલાના દરેક પાસા પર એટલી ઝીણવટથી વિચાર વિમર્શ કરતા કે અંતમાં એનો ઉકેલ મળી જતો." *(મનાક઼િબે કુરદરી, ૨/૩)*

ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ પોતાના મઝહબની બુનિયાદ પોતાના શાગિર્દોની સલાહ પર રાખી છે, એમને પોતાનો મત સ્વીકારવા મજબૂર નથી કર્યા, આનાથી આપનો મક઼સદ દીન (શરીઅત)માં સાવચેતીપણુ તથા અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ સાથે ખૂબસૂરત સંબંધ બનાવવાની અંતિમ હદ સુધીની કોશિશ કરવાનો હતો. આપ કોઈ મસ્અલો રજૂ કરીને પોતાના શાગિર્દોનાં મંતવ્યો સાંભળતા પછી પોતાનું મંતવ્ય રજૂ કરતા જરૂરત પડવા પર એક મહીનો યા એથી અધિક સમય સુધી (એક જ મસ્અલા) પર વિચાર વિમર્શ અને ચર્ચા થતી, જ્યારે કોઈ એક વાત પર બધાની સહમતિ થઈ જતી તો ઈમામ અબૂ યૂસુફ એને ઉસૂલમાં લખી લેતા. એ રીતે (જે મસ્અલાઓ પર ચર્ચા પછી સહમતિ થઈ જતી) સર્વ શરઈ ક઼ાનૂનો લેખિત રીતે નોંધ કરી લીધા. *(હ઼યાતે ઈમામે આ'ઝમ અબૂ હનીફ઼ા, ૩૪૧)*

આ પ્રમાણે ઈમામે આ'ઝમ અને આપના અસ્હાબે શરીઅતના ક઼ાનૂનોનું સંકલન કરી કિતાબના રૂપમાં પ્રકાશિત કર્યા અને આ જ એ ક઼ાયદા ક઼ાનૂન છે જેમના વિના કોઈ મુબલ્લિગ઼ કે દીનનો દાઈ સફળતા મેળવી નથી શકતો ન તબ્લીગ઼નું કાર્ય સંપૂર્ણ રીતે થઈ શકે છે. આ એ'તબારથી ઈમામે આ'ઝમ رضی اللہ عنہના તબ્લીગ઼ી પ્રયાસો અને દા'વતના જઝ્બાની શાન ઘણી જ ઉચ્ચ છે.

આપ થોડા થોડા સમયે પોતાના શાગિર્દોને નસીહત અને ભલામણ કરતા જે ઘણી જ અસરકાર હોતી. એકવાર આપે ફ઼ર્માવ્યું, તમે સૌ મારા અંતરનો આરામ અને આંખોની ઠંડક તથા મારા દુઃખ દર્દને દૂર કરવાવાળા છો. મેં તમારા માટે ફ઼િક઼્હની સવારી કરી, તેના પર ઝીન બાંધી લગામ તમારા હાથમાં આપી દીધી. એક સમયે એવો આવશે કે મોટા મોટા ઈલ્મવાળા તમારા ફૈંસલા સાંભળશે, સ્વીકારશે અને તમારી પૈરવી કરશે. તમારામાંથી દરેક ક઼ાઝી બનવાની લાયક઼ાત ધરાવે છે. હું તમને અલ્લાહનો વાસ્તો આપી અમુક નસીહતો કરવા ચાહું છું :–

"અલ્લાહ તઆલાએ તમને જે ઈલ્મ અતા ફ઼ર્માવ્યો છે તેને મહકૂમ (કોઈના હુકમ હેઠળ) થવાની ઝિલ્લતથી બચાવજો. જ્યારે તમારામાંથી કોઈ ક઼ાઝી બની જાય તો લોકોના મસાઈલ હલ કરે અને તેમનો હાકિમ ન બને. અને લોકોને ન્યાય આપજો, (પોતાના માં) કોઈ ખરાબી જુઓ તો ક઼ાઝીના હોદ્દાથી તુરત અલગ થઈ જજો, પગાર અને દૌલતની લાલચમાં એને પકડી ન રાખશો. હા ! જો જાહેર અને બાતિન એક હોય તો આ હોદ્દા પર રહી ખલ્ક઼ે ખુદાની મદદ કરજો. જે લોકો દુનિયવી બાબતોથી અલગ થઈ ખાલિસ અલ્લાહ તઆલાની રઝા માટે આ હોદ્દો સ્વીકારે એના માટે પગાર હલાલ છે. જો તમે ક઼ાઝી બની જાવ તો લોકો સામે પર્દા ન લગાડી દેશો કે તેઓ તમારી સાથે મળી ન શકે, લોકો માટે પોતાની અદાલતોનાં દ્વાર ઉઘાડાં રાખજો, પાંચેવ સમયની નમાઝો જુમ્આ મસ્જિદમાં પઢજો અને નમાઝ પછી એલાન કરજો કે જેને ઈન્સાફ઼ની જરૂરત હોય તો એના માટે અદાલતના દરવાજા ખુલ્લા છે. ઈશા પછી ત્રણ વાર આ એલાન કરજો. જો બીમારીના કારણે અદાલતમાં ન જઈ શકો તો એટલા દિવસનો પગાર ન લેશો.

યાદ રાખશો ! ન્યાય ન કરવાવાળા ક઼ાઝીની ઈમામત બાતિલ હોય છે, એવા ક઼ાઝીના ફૈંસલા પણ દુરુસ્ત નથી. જો કોઈ ગુનો કે જુર્મ કરે તો ક઼ાઝીની ફરજ છે કે એને રોકે અથવા સજા આપે." *(મનાક઼િબે મુવફ઼્ફ઼િક઼, ૪૭૭)*

આપની દા'વત તથા તબ્લીગનો મૂળ હેતુ એ હતો કે લોકોમાં સિરાતે મુસ્તક઼ીમ પર ચાલવાનો જઝ્બો તથા કુર્આનો સુન્નત પર અમલ કરવાનો હોંસલો પેદા થાય. આ જ મક઼સદ પર આપ જીવનભર દા'વત તથા તબ્લીગનું કામ કરતા રહ્યા. હિ.સ. ૧૫૦માં આપનો વિસાલ થયો, પરંતુ આપની ઈસ્લાહી અને તબ્લીગી તેહરીક પર કોઈ અસર ન આવી. આપના બાહિમ્મત અને દીનના વફ઼ાદાર શાર્ગિદોએ આ તેહરીકને એટલે સુધી આગળ વધારી કે આજ સુધી તેના દ્વારા દીનની દા'વતનાં કામો થઈ રહ્યાં છે અને ઈન્શાઅલ્લાહ ! આપના ફ઼ય્ઝાનથી તબ્લીગનું કાર્ય ક઼યામત સુધી થતુ રહેશે. –*(સુન્ની દા'વતે ઈસ્લામીનો દા'વત નંબર)*

**ઉલમાએ કિરામ માટે દીવાદાંડી સ્વરૂપ**

# હાફિઝે મિલ્લત અને દઅવત તથા તબ્લીગ

**રજૂકર્તા : મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી** (લેસ્ટર–યુ.કે.)

પરવરદિગારે આલમ પોતાના દીનની હિફાઝત તથા રક્ષા અને તેની તબ્લીગ તથા પ્રચારના માટે અંબિયાએ કિરામની એક લાંબી જમાઅત મોકલતો રહ્યો. ખાતમુલ અંબિયા ﷺના આગમન પછી આ મહાન કાર્યની જિમ્મેદારી આ ઉમ્મતના ઉલમા પર નાખવામાં આવી. આ મહાન કાર્યના કારણે ઉલમાને અંબિયાના વારસ ઠરાવવામાં આવ્યા. આ જ તે મહત્વની જિમ્મેદારી છે જે પોતાની હક઼ીક઼તના એતબારથી પયગંબરાના કામ છે. દરેક દૌરમાં આ જિમ્મેદારી ઉમ્મતના ઉલમાએ સંભાળી છે. ૧૪ મી સદીની એક અજોડ તથા ક્રાંતિકારી શખ્સિયત "હાફિઝે મિલ્લત" عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની ગણના પણ એ જ ઉલમાએ રબ્બાનીમાં થાય છે.

આપનું નામ અબ્દુલ અઝીઝ ઈબ્ને હાફિઝ ગુલામનૂર છે. મુરાદાબાદના કસ્બા ભોજપુરમાં હિ.સ. ૧૩૧૨માં આપનો જન્મ મુબારક થયો. આમ તો આપના ઉસ્તાદો ઘણા છે પરંતુ આપના અસલ ઉસ્તાદ સદરુશ્શરીઅહ 'બહારે શરીઅત'ના લેખક હઝરત અલ્લામા મૌલાના અમજદઅલી આ'ઝમી قدس سرہ છે. આપના જ હુકમથી મુબારકપુર તશરીફ લાવીને હાફિઝે મિલ્લતે એક દીની ક્રાંતિ ખડી કરી. બચપણથી જ આપનામાં દીની લાગણી અને ક઼ૌમી ગૈરત પુષ્કળ પ્રમાણમાં હતી. આપ જે સમયે દારુલ ઉલૂમ મુઈનિયા ઉષ્માનિયા, અજમેર શરીફમાં તા'લીમ હેઠળ હતા તે સમયે પોતાના સાથી તલ્બાની સાથે દીની પ્રચાર તથા મસ્લકે અહલે સુન્નતની તબ્લીગના માટે અજમેર શરીફની આસપાસના વિસ્તારોમાં આવજા કરતા રહેતા હતા. સદરુશ્શરીઅહ્ના હેઠળ દર્સના જમાનામાં જામિઆ મુઈનિયા ઉષ્માનિયાના તલબાએ પોતાની એક અંજુમન બનાવી હતી જેનું નામ 'અંજુમને મુઈનિયા હુસૈનિયા' હતું એ અંજુમનના આયોજન હેઠળ ફુરસદના દિવસોમાં તલબાને અજમેરની મસ્જિદો તથા આસપાસના ગામોમાં તબ્લીગના માટે મોકલવામાં આવતા હતા[૧].

હાફિઝે મિલ્લત પૂરી જિંદગી એક જિમ્મેદાર આલિમની હૈસિયત પબ્લિકને હક્ક઼ રાહ દેખાડતા રહ્યા. કમજોરી તથા શારીરિક નબળાઈ છતાં પોતાની તબ્લીગી કાર્યવાહીઓ આપે સતત ચાલુ જ રાખી હતી. અંતિમ સમયે જ્યારે આપ બીમાર હતા તો કેટલાક લોકોએ વિનંતિ કરી કે હઝરત ! આપ થોડાક દિવસ સંપૂર્ણ આરામ કરી લો અને તબ્લીગી દૌરાઓને બંધ કરી આપો, તબીયત સારી થશે તો યુનિવર્સિટીનું કામ પૂર્ણ થઈ જશે, આ સખત કમજોરીની હાલતમાં આ જદ્દો જેહાદની શરીર સારી અસર નહીં પડે. ઈર્શાદ ફર્માવ્યો, મિયાં ! ઊંચ નીચ હોશ તથા હવાસવાળાને સમજાવવામાં આવી શકે છે અને હું તો 'અલ્ જામિઅતુલ્ અશ્રફિયા'ના માટે બુદ્ધિ તથા હોશની દુનિયાથી નીકળીને જુનૂનની સરહદોમાં પ્રવેશી ચૂક્યો છું એટલા માટે મને મારા હાલ પર છોડી આપો[૨].

ઈસ્લામની તબ્લીગ તથા પ્રચારની રાહમાં આપના જે પ્રયાસો છે તે ઈસ્લામના દાઈઓ (નિમંત્રકો)ના ઈતિહાસમાં નોંધપાત્ર છે. મુબારકપુરના આગમન સમયે આપે જે કિરદાર પોતાના ઉસ્તાદે ગિરામી સમક્ષ પેશ કર્યો તે પણ આજના ઉલમાએ કિરામના માટે અમલનો નમૂનો છે. હઝરત સદરુશ્શરીઅહ્ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ આપને 'મદ્રસા મિસ્બાહુલ ઉલૂમ' મુબારકપુરમાં દર્સ આપવા માટે મોકલ્યા અને ફર્માવ્યું, "હું બહાર રહ્યો અને મારો જિલ્લો આઝમગઢ ખરાબ થઈ ગયો. તમને દીનની ખિદમતના માટે મુબારકપુર મોકલું છું, જાવ !" આપે અર્ઝ કરી કે, "હું નોકરી નહીં કરું." એના પર સદરુશ્શરીઅહ્એ કહ્યું, "મેં નોકરી માટે ક્યારે કહ્યું ? હું તો તમને દીનની ખિદમતના માટે

મોકલી રહ્યો છું." અને એ પણ ફર્માવ્યું, "હાફિઝ સાહબ ! હું તમને અખાડામાં મોકલી રહ્યો છું !" આપે અર્ઝ કરી, "દાવપેચ પણ બતાવી દો !" ફર્માવ્યું, "અલ્લાહ હાફિઝ છે ![3]"

દીનની ખિદમત તથા તેનો પ્રચાર પ્રસાર જ આપનું મૂળ નિશાન હતું અને એમાં જ આપે પૂરી જિંદગી ખર્ચી નાખી. સંસ્થા તથા ચળવળ, તકરીર તથા લેખનકાર્ય દરેક પાસાએથી આપે દીનનો પ્રચાર કર્યો. જ્યાં જરૂરત પડતી ત્યાં આપ તકરીરોમાં વિરોધીઓની ચેલેંજનો જડબાતોડ જવાબ આપતા, અને જ્યારે લખાણ તથા કલમ થકી હુમ્લા થતા તો કિતાબો લખીને પણ તેમના દાંત ખાટા કરી દેતા.

'જામિઆ અશ્રફિયા'નો પાયો આપની નિમંત્રણ આપતી કોશિશોનું જ પરીણામ છે. ખૂદ ફર્માવે છે : "હું ચાહું છું કે અલ્ જામિઅતુલ્ અશ્રફિયાના ફારિગ થનાર સુન્ની ઉલમા હિંદી, અંગ્રેજી, અરબીમાં કલમકાર, પ્રવચનકર્તા બને જે આપણા દેશ હિંદુસ્તાન અને અન્ય દેશોમાં મઝહબે હક્ક એહલે સુન્નત વ જમાઅતનો જેવો કે હક્ક છે પરિપૂર્ણ રીતે પ્રચાર તથા સેવા કરી શકે. હું અલ્ જામિઅતુલ અશ્રફિયાને એ મંઝિલ પર જોવા ચાહું છું[૪]."

દીનની દઅવતના માટે આપે તા'લીમી ચળવળને પ્રથમ કક્ષાની હૈસિયત આપી જે યકીનન ! ખૂબ જ અસરકારક ઝરીયો છે. આપે આપની તદરીસી (દર્સી) કાબેલિયતોના આધારે ઉલમાએ કિરામની એક એવી મોટી જમાઅત તૈયાર કરી જે આજે દુનિયાના ખૂણે ખૂણે દીનની ખિદમતનો ફરીઝો અંજામ આપી રહેલ છે.

હાફિઝે મિલ્લત તદરીસથી (તલબાને દર્સ આપવામાં) પૂર્ણપણે સંકળાયેલ હતા પરંતુ તકરીર તથા ખિતાબતમાં પણ કમાલ ધરાવતા હતા. તકરીર હિકમત તથા સારી નસીહતોથી ભરચક રહેતી હતી. એમની તકરીરની સર્વ ખૂબીઓમાં એ વાત વિશિષ્ટ રહેતી કે તે દિલો દિમાગને ખૂબ પ્રભાવિત કરતી હતી, સાંભળનાર તેમની તકરીરથી જરૂર અસર પામતો હતો. એ જ કારણે આપની તકરીરોની અસર જરૂર જાહેર થઈ, ચાહે તે બાતિલની રદમાં હોય કે સમાજ સુધારણાની હોય. એનું સૌથી મોટું કારણ એ છે કે આપની વાત દિલથી નીકળતી હતી ન કે કેવળ જીભથી ! આપ દૂર દૂરના ઈજલાસમાં શિર્કત કરતા હતા પણ નજરાણુ ઉલેચવા નહીં ! બલ્કે હમેશાં દીની મકસદ આપની નજરો સમક્ષ રહેતો હતો. આપના તકરીરી અંદાઝના પ્રત્યાઘાતો તથા અસરોનો એક બનાવ અત્રે રજૂ કરીએ છીએ.

ઈ.સ. ૧૯૭૩માં આપ રાયપુર (છત્રીસગઢ)માં ઈદે મીલાદુન્નબી ﷺના જલસામાં તશરીફ લઈ ગયા. આપનો ઉતારો મદ્રસા ઈસ્લાહુલ મુસ્લિમીન દારુલ યતામામાં હતો. જલસામાં ભણેલા ગણેલા લોકોનો મજમો પણ હતો એમાં ગૈર મુસ્લિમ સ્કોલર્સ પણ હતા. આપે ઈસ્લામની સદાકત (સચ્ચાઈ), કુર્આનની હક્કાનિયત અને પૂરાણા તથા વર્તમાન ઈલ્મોના લાભાલાભ પર ખૂબ જ સમૃદ્ધ બયાન કર્યું. તકરીર પછી એક આખો મજમો આપની દસ્તબોસી તથા મુસાફા માટે તૂટી પડયો. એ સમયે કેટલાક ગૈર મુસ્લિમ પણ કિનારે ઉભા ઉભા હઝરતનો દીદાર કરી રહ્યા હતા. એમનામાંથી એક શ્રીવાસ્તવ સાહબ પણ હતા તે લગભગ કોઈ કોલેજના પ્રોફેસર હતા, તેમણે અલગ લઈ જઈને મને પૂછયું, આ જે આપના ગુરૂજી છે એમને હું મળવા ચાહું છું ! આ તો મને વિદ્યા સાગર જણાય છે ! શું મને એમને મળવા માટે સમય મળી શકે છે ? મેં સમય અને આખુ સરનામુ જણાવી દીધું. બીજા દિવસે તે મદ્રસા ઈસ્લાહુલ મુસ્લિમીન દારુલ યતામા પહોંચી ગયા, કેટલાક અન્ય લોકો પણ તેમની સાથે હતા. તે વખતે હઝરતે તેમને માન સન્માન સાથે બેસાડયા. શ્રી વાસ્તવ સાહબે ઘણા બધા સવાલો કર્યા. આપે ખૂબ જ સાંત્વનપૂર્વક હસ્તે ચહેરે એના જવાબો અર્પણ કર્યા. એમની સાથે એક ડોકટર સાહબ પણ હતા એમણે પણ આ રીતે કેટલાક સવાલો પૂછયા. આપ સસ્મિતવદને તેમના જવાબો આપી રહ્યા હતા. શ્રી વાસ્તવજી ખૂબ જ પ્રભાવિત થયા અને તરત જ આપના હાથ પર તૌબા કરીને મુસલમાન થઈ ગયા. એક ગણેશ નામની વ્યક્તિ પણ હતી તેમણે પણ ઈસ્લામ સ્વીકાર્યો અને એમના ઘરની કેટલીયે વ્યક્તિઓ મુસલમાન થઈ ગઈ[૫].

આપની પૂરી જિંદગી હક્ક્ના સમર્થન અને બાલિતને ગલત ઠરાવવામાં વક્ફ હતી. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ક઼ાદરી قدس سره ની બતાવેલી માર્ગદર્શક રેખાઓ પર આપે પોતાનું તબ્લીગી મિશન ચાલુ રાખ્યું. ફિક્રે રઝા (રઝાના ખયાલો)ના પ્રચાર તથા તેની રક્ષામાં પૂર્ણપણે વયસ્ત રહ્યા. આપનું દરેક કાર્ય ફિક્રે રઝાના ફેલાવા માટે હતું. આપ તક઼રીરોમાં ઈમામ અહમદ રઝાનો ચર્ચો ખૂબ કરતા હતા, તેમના શેઅરોના હવાલા આપતા અને તેની ખૂબ જ ઉમદા શરહ (સમજૂતી) કરતા. આપ જાહેરમાં કમજોર તથા અશક્ત જરૂર હતા પણ 'અમ્ર બિલ મઅરૂફ' તથા 'નહી અનિલ મુન્કર' (સારી વાતોનો હુકમ આપવો તથા બુરી વાતથી રોકવું) કરવામાં કોઈની પરવા કરતા ન હતા, બલ્કે એક આલિમને છાજે તેવી શાન તથા મહાનતાની સાથે હક્ક્ વાતો કરી આપતા અને લોકો સુધી હક્ક્ વાત જરૂર પહોંચાડતા. એવું જ કાંઈક એક વખતે બન્યું કે જ્યારે મુબારકપુરમાં પ્રથમ સીનેમાઘર બનવાનું હતું. કેટલાક આખેરતથી બેપરવા લોકોએ સીનેમા ઘર બનાવવાનો પ્લાન બનાવ્યો એની ખબર આપના સુધી પહોંચી તો આપે લોકોને સંભાળવાનું શરૂ કર્યું. એ દરમ્યાન જુમ્આના ખુત્બામાં જામા મસ્જિદ રાજા મુબાકરશાહ (મુબારકપુર)માં ખૂબ જ અસરકારક ખુત્બો આપ્યો જેનો થોડોક હિસ્સો આ પ્રમાણે છે : ''યાદ રાખો ! આ મનહૂસ ચીજ જો મુબારકપુરમાં શરૂ થઈ ગઈ તો મુબારકપુરની પ્રગતિનો અંતિમ અને પડતીનો પ્રથમ દિવસ હશે. જે લોકો એમાં જશે તેઓ બેહયાઈનાં કામોમાં મદદગારની હૈસિયતથી અલ્લાહ વ રસૂલના મુજરિમ થશે. મુસલમાનો ! આ એક ખૂબ જ ભયાનક નહૂસત છે જેણે મુબારકપુરમાં ક઼દમ જમાવવાની કોશિશ કરી છે, તમે એનો અમલી રીતે બહિષ્કાર કરો અને સાબિત કરી આપો કે અમે મુબારકપુરના મુબારક રહેવાસી છીએ૬.''

આપે વાણી તથા વર્તનની રીતે લોકોને રાહે રાસ્ત (સીધા માર્ગ) પર લાવવાની દરેક ભરપૂર કોશિશ કરી છે. દા'વત તથા તબ્લીગનો અસરકારક તરીક઼ો તક઼રીર તથાખિતાબતના વિશે આપના ખયાલો એ હતા કે, વઅઝ અને તક઼રીર પણ તબ્લીગ તથા સુધારણાનો એક અસરકારક ઝરીયો છે જેથી પ્રભાવશાળી તક઼રીર વડે પબ્લિકના દિલો દિમાગ પર અસર થાય છે અને તે હક્ક્ સ્વીકારીને પોતાના અક઼ીદા તથા અમલોને મજબૂત તથા ઠીકઠાક કરે છે, જેથી મુક઼ર્રિરે જોઈએ કે તક઼રીરનો એવો અંદાઝ અપનાવે જેને આમ તથા ખાસ સર્વ લોકો પસંદ કરે અને જે દરેકને પ્રભાવિત કરી શકે૭.

હાફિઝે મિલ્લત ન કેવળ તક઼રીર તથા તદરીસમાં નિપૂર્ણતા ધરાવતા હતા બલ્કે લેખન તથા સંપાદનમાં પણ ખૂબ જ દિલચસ્પી ધરાવતા હતા. એકવાર ખૂબ જ અફસોસ તથા દુઃખ સાથે કહ્યું કે, ''લોકોએ મને કોઈ કામનો નથી રાખ્યો. ગૈર અહમ તથા ગૈર જરૂરી કામોમાં મને એવો ઉલઝાવી દીધો કે લખવાનું કામ જેવું થવું જોઈએ તેવું ન થઈ શક્યું જેનો અફસોસ છે. જ્યારે કે ઉમરના આગલા વરસોમાં મારો ક઼લમ ખૂબ જ તે જ રફતાર હતો, અને હવે ન તે દિમાગ શક્તિ રહી ન તો ફુરસદ ! એટલા માટે હવે મારી નજરનું કેન્દ્રબિંદુ તથા મારી જિંદગીનો હેતુ કેવળ અને કેવળ અલ્ જામિઅતુલ અશ્રફિયાની પરિપૂર્ણતા છે૮.

હુઝૂર હાફિઝે મિલ્લત અન્ય વ્યસ્તાઓના કારણે આ મેદાનમાં કાંઈક થોડીક જ ઈસ્લાહી તથા દઅવતી ખિદમત અંજામ આપી શક્યા પણ એ પણ કૈફિયતના લેહાઝથી ઘણી મહામૂલ્ય છે. તેમજ વર્તમાનકાળમાં સાહિત્યિક લેખકો તથા કિતાબ પ્રકાશન તથા પ્રસિદ્ધિ કરતા ઈદારાઓના સ્થાપકો અધિક્તર હાફિઝે મિલ્લતના શાગિર્દોમાંથી જોવા મળે છે. હુઝૂર હાફિઝે મિલ્લતે કુલ આઠ કિતાબો લખી અને તેને પ્રસંગોપાત પ્રસિદ્ધ કરીને ઘણા લોકોને ભટકવાથી બચાવી લીધા.

**૧. ઈર્શાદુલ કુર્આન** : આપે આ કિતાબ એ વખતે લખી જ્યારે હિંદના ભાગલા પછી મુસલમાન સમજ્યા વિચાર્યા વિના વતનનો ત્યાગ કરીને પાકિસ્તાનની તરફ હિજરત કરી રહ્યા હતા. હુઝૂર હાફિઝે મિલ્લત પોતાની દૂરંદેશી દૃષ્ટિ વડે તેમના અંધકારમય ભાવિને જોઈ રહ્યા હતા. આ કિતાબ

સમયસર પ્રસિદ્ધ કરીને આપે યોગ્ય રહનુમાઈ ફર્માવી અને તેની બેહતર અસરો જોવા મળી.

૨. **મઆરિફુલ હદીષ** : એમાં પણ હદીષોની રોશનીમાં અક઼ીદાઓ તથા અમલોની સુધારણાની સૂચના કરી છે. એ અસલમાં ક્રમવાર વિષયોમાં હદીષોનો સંગ્રહ છે. તે માહનામા 'પાસબાન' ઈલાહાબાદમાં હપ્તાવાર છપાતો રહ્યો પછી કિતાબના રૂપમાં તેને પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યો. એટલા માટે અંદાઝ ખૂબ જ સામાન્ય માનવને સમજમાં આવે એવો છે અને વર્ણન શૈલી મનોહર છે.

૩. **અંબાઉલ ગ઼યબ** : અહલે સુન્નત અને અમુક ગુમરાહ ફિર્ક઼ાઓની વચ્ચે એ મસ્અલો વિવાદાસ્પદ છે કે હુઝૂરે અક઼દસ ﷺને ઈલ્મે ગ઼યબ આપવામાં આવ્યો કે નહીં ? અહલે સુન્નતની સાબિતીના માનવાવાળા છે. એ કિતાબમાં એ જ ચર્ચાને દલીલો સાથે પુરવાર કરવામાં આવી છે.

૪. **ફિર્ક઼એ નાઝિયા** : એમાં અહલે સુન્નત વ જમાઅતની સાચી ઓળખ છે.

૫. **અલ્ મિસ્બાહુલ જદીદ** : ઉલમાએ દેવબંદના ગુમરાહકર્તા અક઼ીદાઓનું બયાન.

૬. **અલ્ અઝાબુશ્શદીદ લિ સાહ઼િબિ મક઼ામિઉલ હ઼દીદ** : 'અલ મિસ્બાહુલ જદીદ'ના જવાબમાં લખવામાં આવેલી કિતાબ 'મક઼ામિઉલ હ઼દીદ'નો જડબાતોડ જવાબ છે, અને હવે 'અદ્ દેવબંદિયત'ના નામથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

૭. **અલ્ ઈર્શાદ** : હિંદના ભાગલા વખતે મુસ્લિમ લીગની વૈચારિક તથા અમલી ખામીઓનું વિવેચન કરવામાં આવેલ છે. ઓલ ઈન્ડિયા સુન્ની કોન્ફરન્સની લીગની હિમાયતનો પણ પીછો કરવામાં આવ્યો છે.

૮. **ફતાવા અઝીઝિયા** : આપના ફતાવાઓનો સમૂહ.

વર્તમાનકાળમાં બલ્કે દરેક યુગમાં લખાણ તથા ક઼લમના મહત્વનો ઈન્કાર નથી કરી શકાતો. હાફિઝે મિલ્લત પણ તબ્લીગ તથા પ્રચારના આ અસરકારક ઝરીયાના મહત્વને ખૂબ સારી રીતે સમજતા હતા. જેમ કે એક સવાલના જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો,

''દરેક મુસલમાન મઝહબ તથા મિલ્લતનો જિમ્મેદાર છે, ઉલમાએ કિરામ અધિક જિમ્મેદાર છે. પબ્લિક એવું મેહસૂસ કરે છે કે પ્રેસની શક્તિ પણ મઝહબની હિફાઝત માટે જરૂરી છે તો અહલે સુન્નતના ઉલમાની મદદ કરે. એહલે સુન્નતના ઉલમા ઈન્શાઅલ્લાહ ક઼લમી ખિદમતો પણ કરશે અને શક્ય ત્યાં સુધી કરે પણ છે. એ ઉઘાડી તથા જાહેર હક઼ીક઼ત છે કે સુન્નીઓમાં મદદનો જઝબો નથી. સુન્નીઓમાં કેટલાય રિસાલા (માસિકો) પ્રસિધ્ધ થયાં પણ એ જ બીમારીનો શિકાર થઈ ગયાં, જમાઅતો (સંસ્થાઓ) બની અને એ જ બીમારીનો શિકાર થઈ ગઈ.''

હાફિઝે મિલ્લત ઈલ્મો તથા મઆરિફનો શ્રોત હોવાની સાથોસાથ એક સાહિબે તરીક઼ત બુઝુર્ગ પણ હતા. આપની આદતો તથા તરીક઼ાઓથી સુન્નતે નબવી ઝલકતી હતી, એટલા માટે લોકો આપની બયઅતની તમન્ના કરતા હતા પણ આપ મુરીદ કરવાની લાલચથી તદ્દન પાક તથા સાફ હતા, એટલે સુધી કે જો કોઈ જલસામાં આપનાથી મુરીદ થવાનું એલાન કરવામાં આવતું તો આપ નારાજ થઈ જતા અને નારાજગી જાહેર કરતા. આપ આપના મુરીદોને શરીઅતની પાબંદીની સખ્તીથી તાકીદ કરતા હતા અને કદી કદી મોક઼ો મળતો તો મુરીદોને હલકો બનાવીને ઝિક્રની તલ્ક઼ીન કરતા. આપના શજરા મુબારકમાં જે જરૂરી હિદાયતો છે તે કાંઈક આ પ્રમાણે છે :–

**(૧)** અહલે સુન્નત વ જમાઅતના મઝહબ પર ક઼ાયમ રહો. વહાબી, દેવબંદી, રાફઝી, તબ્લીગી, મૌદૂદી, નદવી, નેચરી, ગૈર મુક઼લ્લિદ, ક઼ાદયાની વગેરે સૌથી અલગ રહો.

**(૨)** પાંચ વખતની નમાઝની પાબંદી અતિશય જરૂરી છે. પુરૂષોએ મસ્જિદ તથા જમાઅતની કાળજી રાખવી પણ જરૂરી છે.

**(૩)** જેટલી નમાઝો ક઼ઝા થઈ ગઈ હોય સૌનો એવો હિસાબ લગાડવો કે અંદાજમાં બાકી ન રહી જાય, વધી જાય તો કાંઈ વાંધો નથી, અને સૌ શક્તિ અનુસાર ક્રમે ક્રમે જલ્દી પૂરી કરો.

**(૪)** જેટલા રોઝાઓ પણ ક઼ઝા થયા હોય તે બીજી રમઝાન આવતાં પહેલાં અદા કરી લેવામાં આવે.

**(૫)** જે સાહિબે માલ હોય તે ઝકાત પણ આપે. દરેક વરસની ઝકાત વરસ પૂર્ણ થતા પહેલાં અદા કરી દેવામાં આવે.

**(૬)** શક્તિવાળા પર હજ્જ પણ ફર્ઝ છે.

**(૭)** જૂઠ, બિભસ્તપણુ, ચુગલી, ગીબત, ઝિના, લવાતત, જુલ્મ, ખયાનત, રિયા, ઘમંડ, દાઢી મૂંડાવવું, કતરાવવું, ફાસિકો જેવો દેખાવ તથા બુરી આદતોથી બચો.[૧૦]

સૌથી મહાન મુબલ્લિગ ખૂદ ઈન્સાનનો કિરદાર હોય છે, જો એ બરાબર હોય તો લોકો આપોઆપ તેના પ્રતિ આકર્ષિત થઈને તેના ચાહક બની જશે. ઈસ્લામનો પ્રચાર એ જ હથિયાર વડે થયો. અલ્લાહ તઆલાએ હાફિઝે મિલ્લતને આ ખૂબી વડે ખૂબ નવાજ્યા હતા. તેમના અખ્લાક઼ની ઉચ્ચતા જોઈને જ લોકો પ્રભાવિત થઈ જતા હતા કેમ કે અખ્લાક઼ તથા કિરદાર જ તે સાફ તથા સ્વચ્છ આઈનો છે જેમાં એક માણસનું સાચુ પ્રતિબિંબ જોવા મળે છે. જો કોઈ શખ્સ ઈલ્મનો પહાડ હોય તો જરૂરી નથી કે તે અખ્લાક઼ તથા કિરદારનો ધણી પણ હોય. હાફિઝે મિલ્લત એ ગુણોથી ભરચક હતા. સાથોસાથ દીનના દાઈના માટે ક઼ૌમ તથા મિલ્લતનું દર્દ પણ હોવું જરૂરી છે. હાફિઝે મિલ્લતને અલ્લાહ તઆલાએ એવું દિલ અતા કર્યું હતું જે ક઼ૌમના દર્દમાં હમેશાં ધડકતું હતું. એ જ કારણે દરેક ક્ષેત્રે આપ પૂરી શક્તિ ખર્ચી કાઢ વાની કોશિશ કરતા. મસ્નદે તદરીસ (દર્સના સ્થાન) પર બેસતા તો ઈલ્મો ફનના જૌહર લૂટાવતા અને ઈજલાસમાં ક઼ૌમ તથા મિલ્લતની ભલાઈ તથા તરક્કી માટે ભરપૂર કોશિશ કરતા. એકવાર ગોરખપુર કોઈ જલસામાં નિમંત્રિત હતા પણ જ્યારે જવાનું હતું તો તે જ તારીખે જ તબીયત ખરાબ થઈ ગઈ કે સફર કરવી મુશ્કેલ બની ગઈ. પરંતુ વચન પર સાચા ઉતરવાનો જઝબો ત્યારે પ્રદર્શિત થયો જ્યારે આપ તાવમાં તપેલા હોવા છતાં ગરમ શરીર સાથે ઈજલાસમાં શરીક થયા, જ્યારે કે લોકોએ મના કર્યું છતાં હાફિઝે મિલ્લતે ન માન્યું. આ હાફિઝે મિલ્લતની ક઼ૌમી હમદર્દી હતી, આપે જણાવ્યું : "હા ! રોકાઈ જવું જોઈએ પણ મેં વાયદો કરી લીધો છે, નહીં પહોંચીશ તો ગરીબોનું દિલ તૂટી જશે, મઝહબનું નુકસાન થશે.[૧૧]"

આ પ્રમાણેના સેંકડો બનાવો આપના જીવનમાં ઉદ્ભવેલા છે.

સાચી લગનની સાથે આપે દરેક ક્ષેત્રે ઈસ્લાહી તથા દીનનું નિમંત્રણ આપવાની ખિદમતો અંજામ આપી. તાલીમી, તહરીરી, તક઼રીરી, રાજનૈતિક, પ્રકાશન વગેરે ક્ષેત્રે કામ કર્યું. પરંતુ તાલીમી ક્ષેત્રને આપે મર્કઝી હેસિયત આપી જે ખૂબ જ અસરકારક અને લાભદાયી સાબિત થઈ. 'અલ્ જામિઅતુલ અશ્રફિયા'ના પાયાથી તેની પરિપૂર્ણતાની મંઝિલે પહોંચાડવામાં રાત દિવસ પ્રયત્નશીલ રહ્યા અને ઈસ્લામના દાઈઓ (નિમંત્રકો)ની ફોજ ખડી કરવાના માટે લોહી પૂરું પાડીને એમના તાલીમી સફરને આગળ વધારતા રહ્યા, ત્યાં સુધી કે એક ફોજ તૈયાર થઈ ગઈ જે ખિદમતે દીનનો ફરજો અંજામ આપી રહી છે. તાલીમી ચળવળનો પાયો રચીને આપે મઝહબે હક઼્ક઼ અહલે સુન્નત વ જમાઅતના માટે એક નવી શમ્અ રોશન કરી જે આપની મુબારક જિંદગીમાં તો રોશન રહી જ પણ આપની વિદાય પછી પણ લોકોને માર્ગ બતાવી રહી છે, જેથી આપણે જોઈએ કે આપણે હાફિઝ મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના નુકૂશે કદમને દીવાદાંડી બનાવીએ અને તેમના સૂચવેલા માર્ગો પર ચાલીને ઈસ્લામની ખિદમત કરીએ.

***હવાલા*** *: ૧. હયાતે હાફિઝે મિલ્લત, પેજ–૧૬૩, અઝ : બદરુલ ક઼ાદરી ૨. એ જ હવાલો, પેજ–૭૮૮ ૩. માહનામા અશ્રફિયાનો હાફિઝે મિલ્લત નંબર પેજ–૭૧ ૪. પેજ નં–૭૭ ૫. હાફિઝે મિલ્લતકા ફયૂઝાને નઝર, મૌલાના મુહમ્મદ ઈમામુદ્દીન મિસ્બાહી, પેજ–૩૭–૩૮ ૬. હયાતે હાફિઝે મિલ્લત–૫૧૫ ૭. પેજ–૩૦૪ અગાઉ જેમ ૮.માહનામા અશ્રફિયાનો હાફિઝે મિલ્લત નંબર, પેજ–૪૧૨, ૪૧૩ ૯. હયાતે હાફિઝે મિલ્લત, પેજ–૭૮૨ ૧૦. પેજ–૫૬૨,૫૬૩, અગાઉ જેમ ૧૧. હાફિઝે મિલ્લત ઈફકારો કારનામે–૧૦૧. (હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામીનો દા'વત નંબર)*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સુન્ની (શાહ) યુવતી** : જ. તા. ૨૫–૧૨–૧૭૭૯, એજ્યુ. B.Com કોમ્પ્યુટર કોર્સ, ભાષા જાણકારી : ઈંગ્લિશ, હિંદી, ગુજરાતી, મરાઠી તથા ઉર્દૂ, એજ્યુકેટેડ ઘરાનુ, પસંદગી : એજ્યુકેટેડ–દીનદાર સુન્ની યુવાન જોઈએ. પોતે સ્થાયી મુંબઈ, કોન્ટેકટ નં. મો. ૯૩૨૧૭૪૭૮૪૨

**૨. મેમણ યુવાન** : જ.તા. ૨૩–૧૨–૧૯૮૩, એજ્યુ. **12th std. in Ambedkar Uni. Varyav Jetpur (Guj.)** કોમ્પ્યુટર નોલેજ ધરાવે છે, હાલ : **ITC** માં પાયલોટ માર્કેટિંગ સુપરવાઈઝર, માસિક આવક રૂા. ૭૦૦૦/– મો. ૯૯૯૮૨૯૪૭૫૯, ૯૫૧૦૫૬૩૧૬૩

**૩. બેલીમ યુવાન** : જ.તા. ૧–૩–૧૯૮૨, ઊંચાઈ : ૫.૯" વજન **60 Kgs.**, એજ્યુ. **M. A. Bed.**, હાલ : હાયર સેકંડરીમાં ગવર્નમેન્ટ સર્વિસ, સ્ટાર્ટીંગ પગાર રૂા. ૪૫૦૦/–, મો. ૯૭૨૩૫ ૧૫૦૨૫ (સૂરત બાજુના)

**૪. મેમણ યુવાન** : ઉંમર : ૨૩ વર્ષ, ધો. ૯ પાસ, હાલ : ધંધો, માસિક આવક આશરે રૂા. ૬૦૦૦/–, દીનદાર યુવાનને દીનદાર છોકરી જોઈએ. (મો. ૯૭૨૩૬ ૧૧૭૪૪)

**૫. વિધુર વ્યક્તિ** : ઉંમર : ૭૮ વરસ, પ્રાયમરી શિક્ષક પેન્શનર, પેન્શન રૂા. ૮૦૦૦/– માસિક, સુન્ની વિધવા, ત્યક્તા સંપર્ક કરે. (જંબુસર તરફ)

**૬. સુન્ની મોમિન યુવતી** : જ.તા. ૧૨–૧૧–૮૧, ઊંચાઈ–૫ ફૂટ, એજ્યુ. **B.B.A.**માર્કેટીંગ, ભાષા : હિંદી, ગુજરાતી, અંગ્રેજી, ટેલરીંગ–કુકીંગમાં જાણકાર. (મો. ૯૪૨૭૯ ૮૦૮૧૬)

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

### અમારાં આગામી લાજવાબ પ્રકાશનો

૧. **મૌત તથા કૃબ્રના હાલાત (શરહુસ્સુદૂર)** લેખક : ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ
અનુવાદક : આલિમા અનીસા મૌલાના મોહયુદ્દીન હલદરવી (પેજીસ : ૩૭૨)

૨. **સહ્‌વ સિજદાના મસાઈલ** લેખક : અલ્લામા મુફતી મુજીબ અશરફ સાહબ (મુફતીએ મહારાષ્ટ્ર)
અનુવાદકો : તલબાએ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)

૩. **બુઝુર્ગોના અકીદાઓ** : અઝ : મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ
અનુવાદક : હાફેઝ મૂસા ઝંઘારવી (પેજીસ અંદાજિત : ૨૭૦)

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા**, મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

**નોંધ : રૂા. ૩૦૦/–** ભરીને કે ડોનેશન ઝકાત વગેરે આપી મેમ્બર થનાર કે ડોનરને આ કિતાબ ફ્રીમાં ઘર બેઠાં મળશે. તો આ લાભ મેળવવાનું ચૂકશો નહીં. આજે જ 'અંજુમન'ના મેમ્બર બની જાવ !

### ★ મદદની અપીલ ★

**ખંભાત** : ખાતે બાવા બાજીશા (શકરપુર રોડ, જિ. આણંદ) ખાતે 'મસ્જિદે મુહમ્મદી'નું બાંધકામ ચાલુ છે તથા બાકી બાંધકામ માટે અંદાજિત રૂા. સાડા ત્રણ લાખની તાતી જરૂરત છે તો સુન્ની સખીદાતાઓ સમક્ષ સહાયની જોરદાર અપીલ છે. મર્હૂમોના સવાબ અર્થે સહાય મોકલી સવાબે દારૈનના હક્કદાર થશો. સંપર્ક કરો : જનાબ મુશ્તાક હસનભાઈ (મો. ૯૮૨૪૫૫૭૪૭૩) સરનામુ ઉપર મુજબ છે.

### ★ હિફ્ઝે કુર્આનની મુબારકબાદી ! ★

**બ્લેકબર્ન (યુ.કે.)** : થી જનાબ હાફેઝ મક્સૂદ સાહબ જણાવે છે કે જનાબ મોહયુદ્દીન શેરીવાળા (સાંસરોદ)ના નેક ફરઝંદ હાફિઝ આદમે મસ્જિદે રઝા–બાલા કલાવા ખાતે ૧૦ વરસની ઉંમરમાં કુર્આન હિફ્ઝ કરી લીધું છે. સ્કૂલની સ્ટડી સાથે સવા બે વરસમાં કુર્આન મોઢે કરી લીધું. મુબારકબાદ ! રબ તઆલા તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં તેમને ઈલ્મે નાફેઅ અતા કરે અને આમિલે કુર્આન રાખે અને ઔર અગણિત નેઅમતો બખ્શે. (આમીન) *–તંત્રી*

## બરકાતે ખ્વાજાની ટપાલ...→...→...→ કાર્યાલય

### ★ અમારું અવલોકન ★

**કિતાબ** : તૌહીદ કા ઉજાલા શિર્ક કા અંધેરા (પેજીસ : ૨૦૮, કિંમત : રૂા. ૫૦/–)

**લેખક** : મુનાઝિરે અહલે સુન્નત હઝરત અલ્લામા અ.સત્તાર હમદાની 'મસ્રૂફ' (બરકાતી નૂરી)

**પ્રકાશક** : મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા, ઈમામ અહમદ રઝા રોડ–મેમનવાડ, પોરબંદર, ફોન : (૦૨૮૬) ૨૨૦૮૮૬

વહાબી દેવબંદીઓની સ્વરચિત તૌહીદની પોલ ફોડતી આ લાજવાબ કિતાબ દેવબંદીની 'દર્સે તૌહીદ' નામની કિતાબની રદમાં ગુજરાતના પ્રખર આલિમે દીન અલ્લામા અ. સત્તાર હમદાણી સાહબની કમાલ વેરતી કલમ વડે લખાયી છે કે જેમની કુર્આન હદીષથી થતી દલીલોની પકડ સામે વહાબી દેવબંદી ગુંગા થઈ જાય છે અને તેઓની જૂઠી તૌહીદનું તથા નાહક્ક શિર્ક શિર્કની બૂમોનું પોલ ઉઘડી જાય છે. દરેક સુન્નીએ તેમજ નાસમજીમાં દેવબંદિયત પ્રતિ આકર્ષાયેલા ભાઈ બહેનોએ ખાસ વાંચી તૌહીદ તથા શિર્કની સાચી હકીકતો સમજી પોતાનું ઈમાન બચાવવું જરૂરી છે. લેખક, પ્રકાશકને હાર્દિક અભિનંદન. પ્રકાશકના સરનામે સંપર્ક કરી જરૂરથી આ કિતાબ વાંચો–વંચાવો અને એનો ફેલાવો કરી સવાબના હક્કદાર બનો.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ શાદીખાના આબાદી ★

**દયાદરા** : જનાબ હાફિઝ હસન હલદરવીના નેક ફરઝંદ જનાબ મૌલાના મુફતી તૌસીફ રઝાના નિકાહ તા ૧૪–૮–૨૦૦૯ના રોજ જમીલાબાનુ (D/o. મૂસાભાઈ નાથાબાપુ) સાથે દયાદરા મસ્જિદમાં જુમ્આ બાદ રાખવામાં આવ્યા. પ્રથમ કસીદા બુર્દા શરીફ મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહીએ પેશ કરેલ ત્યારબાદ નિકાહ પઢાવવામાં આવ્યા. એની ખુશીમાં અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને રૂા. ૫૦૦/– નો હદિયો મળ્યો. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં દુલ્હા દુલ્હન તથા સૌ કુટુંબીજનોને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *–તંત્રી*

### ★ સુન્નિયતનો વધુ એક ચિરાગ બુઝાઈ ગયો ★

**લેસ્ટર** : વલણ ગામમાં સુન્ની મસ્જિદ અને મદ્રસાની સ્થાપ્નામાં જેમનો સિંહફાળો રહેલો છે એવા હાજી ઈસ્માઈલ અહમદ દાણાનો લેસ્ટર (યુ.કે.) ખાતે તા. ૧/૦૯/૨૦૦૯ ના રોજ રોઝાની હાલતમાં યુવાન વયે ઈંતેકાલ થઈ ગયેલો છે. હાજી યૂસુફ વકાના મર્હૂમ ખાસ દોસ્ત અને "મસ્લકે આ'લા હઝરત"ના ચાહક હતા. મર્હૂમ પોતે વતનથી દૂર હોવા છતાં વલણ ખાતે સુન્નિયત માટે ઘણુ બધુ કરી ગયા છે જેનું શબ્દોમાં વર્ણન થઈ શકે તેમ નથી. મર્હૂમ 'ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા' તથા 'સુન્ની દા'વતે ઈસ્લામી'ના ચાહક તથા સહાયક હતા. મર્હૂમનું ખરેખર અમારા સુન્નીઓ પર એહસાન છે અને જેની ખોટ કદી કોઈ પૂરી થઈ શકે એમ નથી.

આમ આ જ વરસે મૂળ વલણ ગામના અને યુ.કે.માં વસેલા અમારા સુન્નીઓના ખાસ હમદર્દો મર્હૂમ હાજી આદમ દરવેશ, મર્હૂમ હાજી એસ. યુ. પટેલ અને મર્હૂમ ઈસ્માઈલ દાણા વારાફરતી અલ્લાહની રહમતમાં પહોંચી ગયેલા છે. અલ્લાહ તઆલા તેના હબીબ ﷺના સદકામાં તેમની મગફેરત ફર્માવે અને તેમના કુટુંબીઓને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન)

*–રજૂ. મુહમ્મદ આદમ શેલાર (વલણ)*

**ધોલકા** : જનાબ રફીકભાઈ ખૂણાવાલા કંબોલીથી જણાવે છે કે પીરે તરીકત હઝરત અલ્લામા મૌલાના અબ્દુર્રહમાન નક્શબંદી ધોલકાવાળાનો ઈન્તેકાલ તા. ૨૨–૮–૨૦૦૯ના રોજ અમદાવાદ મુકામે થયો. જેમની દફનવિધિ ધોલકા મુકામે રાખવામાં આવી હતી. મર્હૂમ વિશાળ મુરીદો અકીદતમંદોનુ વર્તુળ ધરાવતા હતા અને તબ્લીગી દૌરા કરી બયાનો વડે દીન સુન્નિયતની સારી એવી ખિદમત કરતા હતા. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં તેમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે. (આમીન)

**રોઝા ટંકારીઆ** : (તા. આમોદ) ખાતે અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા તથા બરકાતે ખ્વાજા (માસિક)ના ચાહક જનાબ હનીફભાઈ દુકાનવાળાના વાલિદ સાહબ ઈસ્માઈલ દુકાનવાળા તા. ૨૪–૭–૨૦૦૯ના રોજ ઈન્તેકાલ કરી ગયા. રબ તઆલા તેના મહબૂબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી*

**દયાદરા** : મુકામે જૈબૂન ઈસ્માઈલ માનાનો તા. ૨–૮–૨૦૦૯ના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. *–તંત્રી*